# ભરૂચી વહોરા પટેલ

## ઉત્પત્તિ • દશા • દિશા

સંપાદન

આદમ ઘોડીવાલા • યાકૂબ મેન્ક

સંકલન

સિરાજ પટેલ પગુથનવી

સૂફી મનુબરી

ઈમ્તિયાઝ પટેલ




**BHARUCHI VAHORA PATEL**

A brief history of Bharuchi Vahora Patel community in India, Britiain, Africa, Canada and the USA.

Edited by:
Adam Ghodiwala
Yacoob Mank

Co-ordinated by:
Siraj Patel “Paguthanvi”
Sufi Manubari
Imtiaz Patel

© 2011 સંપાદકો
પ્રથમ આવૃત્તિ: ૨૦૧૧

ટાઈપસેટીંગ:
મહેક ટ્રાન્સલેશન સર્વિસ, બોલ્ટન, યુ.કે.
ટેલિ: +44 1204 591709
ઈમેઈલ: mts@mahek.co.uk

મૂલ્ય:
ર ૨૫-૦૦
£2.00
$3.00

# સૂચિ


| | | |
|---|---|---|
| | આમુખ | 5 |
| ૧. | ભરૂચી વહોરા પટેલ: ઉત્પત્તિ | 10 |
| ૨. | આઝાદી પૂર્વેનો ઈતિહાસ | 16 |
| ૩. | ભરૂચી વહોરા પટેલ મુખ્યધારા: દશા ● અઝીઝ ટંકારવી | 25 |
| ૪. | ભરૂચી વહોરા પટેલ સમાજ: દિશા ● અઝીઝ ટંકારવી | 36 |
| ૫. | બ્રિટનમાં ભરૂચી વહોરા પટેલો | 62 |
| | ૫.૧ લંડન ● ઈસ્માઈલ એમ. ખૂણાવાલા | 71 |
| | ૫.૨ લેસ્ટર ● યુસુફ સિદાત | 79 |
| | ૫.૩ બર્મિન્ગહામ ● અઝમત ખાંધિયા | 81 |
| | ૫.૪ માન્ચેસ્ટર, સ્ટોકપૉર્ટ ● ઐયુબ નબીપુરી | 82 |
| | ૫.૫ બોલ્ટન ● સૂફી મનુબરી | 85 |
| | ૫.૬ બ્લૅકબર્ન ● ઈમ્તિયાઝ પટેલ / બાબર બંબુસરી | 96 |
| | ૫.૭ પ્રેસ્ટન ● કદમ ટંકારવી | 102 |
| | ૫.૮ લેન્કાસ્ટર ● બાબુ ઘોડીવાલા | 106 |
| | ૫.૯ ડયુઝબરી ● ઈકબાલ ઘોરીવાલા / આદમભાઈ દાવી | 107 |
| | ૫.૧૦ ચૉરલી / કોવેન્ટ્રી / નનીટન | 109 |
| ૬. | બ્રિટનમાં વહોરા પટેલ સમાજની સમસ્યાઓ: જૂની / નવી પેઢી | 110 |
| ૭. | આફ્રિકામાં ભરૂચી વહોરા પટેલો ● નઝીર પટેલ | 122 |
| ૮. | પાકિસ્તાનમાં ભરૂચી વહોરા પટેલો | 127 |
| ૯. | અમેરિકામાં ભરૂચી વહોરા પટેલો ● અલી આદમ ભીમ | 129 |
| ૧૦. | કેનેડામાં ભરૂચી વહોરા પટેલો ● ઐયુબભાઈ મિયાંજી | 132 |

## સૌજન્ય

### જનાબ મોહમ્મદ મુન્શી



### ભરૂચી વહોરા પટેલ સમાજનું ગૌરવ

આપણી કોમના હમદર્દ, સમાજહિતચિંતક, સેવાભાવી, સખી દાનવીર જનાબ મોહમ્મદ મુન્શીનો જન્મ ભરૂચ જિલ્લાના મનુબર ગામના સંસ્કારી, પ્રતિષ્ઠિત કુટુંબમાં તા. ૧૫-૦૫-૧૯૩૧ના રોજ થયો હતો.

પ્રાથમિક અભ્યાસ ગામની શાળામાં પૂરો કરી માધ્યમિક શિક્ષણ સુરતની હરિપુરા સાર્વજનિક હાઈસ્કૂલમાં સંસ્કૃત વિષય સાથે લીધું. મુંબાઈની વી.જે.ટી.આઈ.માંથી ટેક્ષટાઈલ ડિપ્લોમા પ્રાપ્ત કરી એક વર્ષ ટાટા ટેક્ષટાઈલમાં સેવા આપી.

સન ૧૯૫૪માં દેશાટન કરી કેન્યા ગયા જ્યાં બે દાયકા દરમિયાન વેપારક્ષેત્રે સારી પ્રગતિ સાધી.

સન ૧૯૭૪માં બ્રિટનસ્થિત થયા. ભરૂચી વહોરા પટેલ સમાજ ઉપરાંત અન્ય સમાજોનાં જનહિતનાં કાર્યોમાં મુન્શી કુટુંબનું પ્રદાન નોંધપાત્ર છે. તેમના અખૂટ વહેતા રહેલા દાનપ્રવાહના પુરાવારૂપે તેમના ગામ મનુબરમાં અને ભરૂચ શહેરમાં વટવૃક્ષ સમી અનેક દીની-દુન્યવી શિક્ષણક્ષેત્રની તથા અન્ય લોકોપયોગી ભવ્ય ઈમારતો ઊભી છે જે આવનાર પેઢીઓને લાંબા સમય સુધી છાંયડો આપતી રહેશે અને મુન્શી કુટુંબની સેવા સુવાસ ચોમેર પાથરતી રહેશે.

વહોરા પટેલરત્ન જનાબ મોહમ્મદ મુન્શીની ઉદારદિલી અને સેવાનિષ્ઠાને હ્રદયપૂર્વક બિરદાવીએ છીએ.

# આમુખ

વહોરા પટેલોની મુખ્ય વસતી ભારતના ગુજરાત રાજ્યમાં નર્મદા નદીની ઉત્તરે ભરૂચ અને વડોદરા જિલ્લાઓમાં છે. કપાસની ખેતી માટે અનુકૂળ કાળી જમીનનો આ પ્રદેશ કાનમ તરીકે ઓળખાય છે, તેથી અહીં વસતા વહોરા પટેલો ભરૂચી કે કાનમિયા વહોરા પટેલ કહેવાય છે.

વહોરા પટેલો ઉદ્યમી અને સાહસિક છે તેથી દેશાટન કરી પરદેશોમાં પણ વસ્યા છે. હાલ સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે, ઝામ્બિઆ, યુગાન્ડા, ટાન્ઝનિઆ, કેન્યા, ઝાઈઅર (કોન્ગો), મૉરિશસ, મોઝામ્બિક જેવા આફ્રિકા ખંડના દેશોમાં વહોરા પટેલોની ચોથી પાંચમી પેઢી છે. આ ઉપરાંત અમેરિકા, કૅનેડામાં છેલ્લા પાંચેક દાયકાથી વહોરા પટેલો સ્થાયી થયા છે. સન ૧૯૫૧થી વહોરા પટેલો બ્રિટનમાં આવી વસ્યા છે, અને હાલ એમની ત્રીજી-ચોથી પેઢી બ્રિટનમાં છે. સઉદી અરેબીયા, દુબાઈ, કુવૈત તથા દોહા કતારમાં પણ નોકરી-વ્યવસાય અર્થે વહોરા પટેલો વસેલા છે. આ ઉપરાંત ફ્રાંસ, ડેન્માર્ક, પોર્ટુગલ, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેન્ડમાં પણ જૂજ સંખ્યામાં વહોરા પટેલોની વસતી છે.

વહોરા પટેલ સમાજ સુગ્રથિત (close knit) છે, અને આ સમાજની પોતાની આગવી ઓળખ (identity) સદીઓથી ટકી રહી છે. વહોરા પટેલોની પોતીકી વિશિષ્ટ સંસ્કૃતિ છે જે ઈસ્લામ પર આધારિત છે. એમની સ્પષ્ટ પ્રણાલીઓ અને રીતરિવાજો છે, સામાજિક રૂઢિઓ છે.

આ ઝિંદાદિલ, ગતિશીલ વહોરા પટેલ કોમનો કોઈ સર્વગ્રાહી, આધારભૂત લેખિત ઈતિહાસ નથી. કેટલાક ગ્રંથોમાં વહોરા પટેલો વિષે અગત્યની માહિતી મળે છે. અંગ્રેજોના શાસનકાળમાં ૧૮૭૭માં પ્રસિદ્ધ થયેલ 'ગેઝેટિયર ઑફ ધ બોમ્બે પ્રેસિડન્સી - સુરત ઍન્ડ ભરૂચ' તેમજ ૧૮૯૯માં પ્રગટ થયેલ 'ગેઝેટિયર ઑફ ધ બોમ્બે પ્રેસિડન્સી: ગુજરાત પોપ્યુલેશન: મુસલમાન ઍન્ડ પારસી'માં વહોરા પટેલો વિષે વિસ્તૃત માહિતી છે. સન ૧૯૫૪માં હઝલસમ્રાટ 'બેકાર' સાહેબે 'પટેલ ડિરેકટરી' પ્રગટ કરી જેમાં ભરૂચ જિલ્લાના સુન્ની વહોરા પટેલો વિષે ઉપયોગી માહિતી છે. સન ૧૯૮૪માં જનાબ દીપક બારડોલીકરે (મુસાજી ઈસબજી હાફિઝજી) કરાંચીથી પ્રસિદ્ધ કરેલ ગ્રંથ 'સુન્ની વહોરા: ઉત્પત્તિ, વિકાસ

અને સિદ્ધિઓનો સંક્ષિપ્ત ઇતિહાસ' પણ સુરતી-ભરૂચી વહોરાઓ વિષેનો એક ઐતિહાસિક દસ્તાવેજ છે. આ મૂલ્યવાન, માહિતીસભર પુસ્તકની બીજી સંવર્ધિત આવૃત્તિ એપ્રિલ ૨૦૧૧માં પ્રગટ થઇ. આ ઉપરાંત ૧૯૯૯માં પ્રસિદ્ધ થયેલ દીપક બારડોલીકર કૃત 'વહોરા વિભૂતિઓ' પણ અગ્રણી ભરૂચી વહોરા પટેલો અંગે માહિતી પૂરી પાડે છે. વહોરા પટેલોનાં ગામોમાં જૂના જમાનાની વાતો કરતા વડીલો અને વૃદ્ધો પાસેથી આ કોમનો છૂટોછવાયો મૌખિક ઇતિહાસ (oral history) મળે, પણ તે ય હવે વિલીન થતો જાય છે.

સન ૨૦૧૦ને આરમ્ભે મૂળ સારોદના અને હાલ લંડનસ્થિત **યાકૂબ પટેલ** (એડવોકેટ) વહોરા પટેલો અંગેના ઐતિહાસિક દસ્તાવેજની ઊણપ બાબત સજાગ થયા. તેમણે ફોન કરી મૂળ નબીપુરના અને હાલ માન્ચેસ્ટરમાં વસતા **ઇસ્માઇલભાઇ કડુજી** સાથે વાત કરી. ઇસ્માઇલભાઇએ ઉનાળાની એક સાંજે અમને પાંચ મિત્રોને (આ પુસ્તકના સંપાદકો-સંકલનકારોને) આ અંગે ચર્ચાવિચારણા કરવા એમના નિવાસે નિમંત્ર્યા. દોઢેક કલાકની ચર્ચાની ફલશ્રુતિરૂપે નીચેના મુદ્દા ઉપસ્થિત થયા:

૧. સંશોધન અને પ્રાપ્ય માહિતી આધારિત વહોરા પટેલોનો અધિકૃત, સર્વલક્ષી (comprehensive) ઇતિહાસ લખાય તે અનિવાર્ય છે. આવા ગ્રંથથી આપણી ઉત્પત્તિ અને ભૂતકાળ વિષે જ્ઞાત થઇ વર્તમાન અને ભાવિ પેઢીઓ વહોરા સમાજના મૂળ (roots) વિષેની સભાનતા કેળવે.

૨. ઐતિહાસિક સભાનતા દ્વારા ભૂત-વર્તમાન-ભાવિનું સાતત્ય (continuity) જળવાય, પેઢીઓ વચ્ચે અનુબંધ (bond) સચવાય અને સમાજ તરીકેની આપણી એક આગવી ઓળખ (identity) કાયમ રહે.

૩. પરદેશોમાં વસતા વહોરા પટેલોનો ભરૂચ જિલ્લામાં વસતી વહોરા પટેલોની મુખ્યધારા સાથેનો નાતો ટકી રહે. હાલ વહોરા પટેલ સમાજ ખાસ્સો સુગ્રથિત (close knit) છે. ઐતિહાસિક સભાનતાને પરિણામે આ સામાજિક માળખું (social structure) મજબૂત રહે

અને વિચ્છિન્નતા (alienation) તથા વિઘટન (disintegration)ની પ્રક્રિયા અટકે.

૪. વહોરા પટેલ સમાજનાં મૂલ્યો (values), પ્રણાલીઓ (traditions) તથા સામાજિક રૂઢિઓ (customs) સચવાય. આ મૂલ્યોનું ભાવિ પેઢીઓમાં સંક્રમણ (dissemination) થાય અને વહોરા પટેલનાં બાળકોના સામાજિકરણ (socialization)ની પ્રક્રિયા સરળ બને.

૫. આ ગ્રંથમાં આપણી વર્તમાન સ્થિતિ અંગે વિગતો અને માહિતી હોય એટલે આર્થિક, શૈક્ષણિક, રાજકીય, વ્યાવસાયિક આદિ ક્ષેત્રે આપણું શું સ્થાન છે તે સ્પષ્ટ થાય. આપણા સમાજની સિદ્ધિઓ અને મર્યાદાઓનો ખ્યાલ આવે.

૬. આ અભ્યાસમાં વહોરા પટેલ સમાજની સમસ્યાઓ તાદૃશ (identify) થાય. આ સમસ્યાઓના ઉકેલ અંગે દિશાસૂચન મળે. આપણા સમાજના વિકાસ માટેની કાર્યસૂચિ (action plan) તૈયાર કરવામાં આ માહિતી ખપ લાગે.

આ પ્રકલ્પ (project)ની પ્રારંભિક ચર્ચા પછી વહોરા પટેલોના ઈતિહાસનું સંપાદન કરવાનું અમે સ્વીકાર્યું ત્યારે આ કાર્ય કેટલું ભગીરથ છે તેનો ખ્યાલ હતો જ. આવો મહત્વાકાંક્ષી ગ્રંથ તૈયાર કરવા માટે ઢગલેબંધ સંદર્ભ સાહિત્ય હાથવગું જોઈએ. અહીં બ્રિટનમાં એ મેળવવું મુશ્કેલ. ભરૂચના મિત્રોને એ મોકલવા વિનંતી કરીએ તો તેમનો પ્રતિભાવ મોળો! આ બધી મુશ્કેલીઓ-મર્યાદાઓ વચ્ચે પૂરેપૂરી અને અધિકૃત માહિતી મેળવવાનું અઘરૂં. છતાં અમને લાગ્યું કે સમાજના હિતાર્થે આ કામ અનિવાર્ય છે. શકય એટલા ખંત અને ચીવટથી વિગતો એકત્રિત કરી તેનું દસ્તાવેજીકરણ (documentation) કરવું. આ વિગતો લુપ્ત થાય તે અગાઉ એને અંકે કરી લેવી. આમ, ભરૂચી વહોરા પટેલોની દશા-દિશા વિષેનો આલેખ તૈયાર કરવો.

ઉપરોક્ત મર્યાદાઓને કારણે આ ગ્રંથમાં કયાંક અધૂરી માહિતી હશે, કેટલીક વિગતો ખૂટતી હશે, અમારી ચીવટ છતાં કયાંક વિગતદોષ હશે. પણ આ ગ્રંથનું જમાપાસું એ કે એનાથી ભરૂચી વહોરા પટેલ સમાજની એક ઊણપ પૂરાય છે. અભ્યાસી જાણકારો આ વાંચી એમાંની ત્રુતિઓ તરફ અમારું ધ્યાન દોરશે તો ઈન્શાઅલ્લાહ હવે પછીની આવૃત્તિ વધુ સર્વગ્રાહી અને અધિકૃત બનશે. આ વહોરા પટેલો અંગેના દસ્તાવેજીકરણની શરૂઆત ગણાય. આ મુસદ્દા (draft)ને આધારે ભવિષ્યમાં કોઈને વહોરા પટેલોના ઈતિહાસનો માતબર ગ્રંથ તૈયાર કરવાની પ્રેરણા મળશે અને તે નવેસરથી તૈયાર કરશે તો અમારી મહેનત લેખે લાગશે.

આ પ્રકારનું સંપાદનકાર્ય એકલે હાથે કરવાનું શકય નથી. આ ગ્રંથના નિર્માણમાં અમને અનેક ભાઈઓનો સહયોગ મળ્યો છે.

કવિ મિત્ર **કમાલ પટેલ, કદમ ટંકારવી**એ આદિથી અંત સુધી આમાં રસ લઈ મૂલ્યવાન સૂચનો કર્યાં તથા પ્રેસ્ટનના વહોરા પટેલો વિષેના પ્રકરણનું સંકલન કર્યું.

લંડનસ્થિત **ઈસ્માઈલભાઈ ખૂણાવાલા**એ સંદર્ભગ્રંથો ઉપલબ્ધ કરી આપ્યા, એમના પોતાના અભ્યાસને આધારે વિગતો આપી અને ખંતપૂર્વક લંડનના વહોરા પટેલો વિષેનું પ્રકરણ સમયસર તૈયાર કરી આપ્યું.

**બાબર બંબુસરી**ના સહયોગથી બ્લૅકબર્ન વિષે, **યુસુફભાઈ સિદાત**ના સહયોગથી લેસ્ટર વિષે, **અઝમત ખાંધિયા**ના સહયોગથી બર્મિન્ગહામ વિષે, **ઈકબાલ ઘોરીવાલા** અને **આદમભાઈ દાવી**ના સહયોગથી ડ્યુઝબરી વિષે, **બાબુભાઈ ઘોડીવાલા**ના સહયોગથી લેન્કાસ્ટર વિષે અને **ઐયુબભાઈ નબીપુરવાલા**ના સહયોગથી માન્ચેસ્ટર વિષેનાં લખાણો તૈયાર થયાં.

અમેરિકામાં વહોરા પટેલો વિષેની મુખ્ય માહિતી **અલી આદમ ભીમ** પાસેથી પ્રાપ્ત થઈ.

**ઐયુબભાઈ મિયાંજી**ની સહાયથી કૅનેડામાં વહોરા પટેલો વિષેની માહિતીનું સંકલન થયું.

સાહિત્યકાર, પત્રકાર **ઉમરજી ઉઘરાદાર - અઝીઝ ટંકારવી**એ ભરૂચ જિલ્લાના વહોરા પટેલોની વર્તમાન સ્થિતિ અને ભાવિ દિશા વિષેની માહિતી કહેતાંની સાથે જ એકત્રિત કરી આપી અને વિગતપ્રચુર પ્રકરણ તૈયાર કરી આપ્યું.

આ પુસ્તકમાં સમાવિષ્ટ વિગતો અમને અનેક વડીલો અને મિત્રો પાસેથી રૂબરૂ મુલાકાતો તથા ફોન દ્વારા પ્રાપ્ત થઈ છે. આપણી કોમના કેટલાક યુવાનોએ સમય ફાળવી પ્રશ્નાવલિના ઉત્તર લખી મોકલ્યા છે.

આ સર્વે સહાયકોનો અમે આભાર માનીએ છીએ.

અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા આ પુસ્તકને વહોરા પટેલ સમાજ માટે ઉપયોગી અને દિશાસૂચક બનાવે એવી દુઆ સાથે ખમીરવંત વહોરા પટેલ કોમને આ ગ્રંથ અર્પણ કરીએ છીએ.

# ૧
# ભરૂચી વહોરા પટેલ: ઉત્પત્તિ

વહોરા કોમની અઢારેક પેટા જ્ઞાતિઓ છે. સુન્ની વહોરામાં પટની, કડીવાલ, વીસનગરી, ચરોતરી, કાનમી કે ભરૂચી પટેલ, સુરતી, કઠોરીઆ, ઘાંચી વહોરા, મનીઆર, ચોપડા અને સુહરાવર્દી જ્ઞાતિઓ છે. શીઆ વહોરાઓમાં ઈસ્માઈલી, દાઉદી, આગાખાની, અલીયા, સુલેમાની અને લોટીયા વહોરા છે.


કાનમી કે ભરૂચી વહોરા 'પટેલ' તરીકે ઓળખાય છે તેમની મુખ્ય વસતી ભરૂચ જિલ્લામાં નર્મદા નદીના ઉત્તરીય વિસ્તારમાં છે. બૃહદ ગુજરાતી કોશ અનુસાર વડોદરા અને ભરૂચ વચ્ચેનો કપાસને અનુકૂળ કાળી જમીનનો પ્રદેશ 'કાનમ' કહેવાય છે. ઐતિહાસિક દસ્તાવેજોના અભ્યાસથી એવું તારણ નીકળે છે કે વહોરા કોમની ઉત્પત્તિ કોઈ એક જ જાતિ કે વંશમાંથી નહીં પણ ત્રણ વિવિધ શાખાઓ મળીને થઈ છે.

૧. એક મત એવો છે કે ભરૂચી વહોરાઓમાં અમુક પ્રમાણમાં વિદેશી તત્વ ભળેલું છે. અરબસ્તાનમાં મદીના અને યમામાની આસપાસ 'બોહરા' નામે કબીલો હતો. તેઓ વેપારી હતા અને પહેલી સદી હિજરી (ઈસુની સાતમી સદી)થી જ વેપાર અર્થે દરિયાઈ માર્ગે ગુજરાત આવતા. 'બહરા' શબ્દનો અર્થ દરિયાના લોકો થાય છે. 'બહરા'નું અપભ્રંશ 'વહોરા' થયું. જે આરબ વેપારીઓ ગુજરાતમાં વસી ગયા અને ગુજરાતની સ્ત્રીઓ સાથે લગ્નથી જે સંતતિ થઈ તે વહોરા તરીકે ઓળખાયા.

   'અવલિયાએ ગુજરાત' માં મુંબઈની જ્યોગ્રાફિક સોસાયટીના સન્દર્ભથી એવી નોંધ છે કે, કેટલાક વહોરાનાં મૂળ અરબસ્તાનની ઈસરાઈલ કોમનાં છે. તેમનામાંના કેટલાક હઝરત ઈસ્માઈલ (અલૈહિસ્સલામ)ની ઔલાદ હોવાનો દાવો કરે છે.

   હઝરત ઉમર (રદિઅલ્લાહુઅન્હુ)ની ખિલાફતના સમયમાં હકમ બિન અબી આસી (રદિઅલ્લાહુઅન્હુ)એ ભરૂચ તરફ કૂચ કરેલી. અરબી પુસ્તકોમાં ભરૂચનો 'બરોહ' અને 'બરોસ' તરીકે ઉલ્લેખ

છે. આ કાફલાએ ભરૂચ પાસે 'ટંકારી' બંદરે પડાવ નાંખેલો. **નર્મદા નદી**ની આસપાસનો પ્રદેશ કબજે કરી અરબ સંસ્થાન સ્થાપેલું.



અબુલ ફઝલની નોંધ અનુસાર અરબો ગંધાર અને ભરૂચ માર્ગે ચાંચવેલ સુધી પહોંચેલા. તે પછી, ઉમવી યુગના ગવર્નર હજ્જાજ બિન યુસુફના ઝુલ્મને કારણે અહલે બયતના ટેકેદાર કુટુંબો હિજરત કરી ગુજરાતમાં આવી વસ્યાં. આ લોકો ભરૂચ, ભાડભૂત, ગંધારમાં રહી વેપાર કરી અહીં ઠરીઠામ થયા. હિજરી ૨૫૦ (ઇ.સ. ૮૭૦)ના ગાળામાં સુલેમાન બસરી હિન્દના પ્રવાસે આવેલા. તેમના પ્રવાસ વર્ણનમાં છે કે, ખંભાત, ગંધારમાં મોટી સંખ્યામાં અરબ મુસ્લિમ વેપારીઓ છે.

૨. બીજી શાખા શીઆઓમાંથી સુન્ની બનેલા વહોરાઓની છે. ઇ.સ. ૧૧૦૦ના અરસામાં અણહિલવાડ (પાટણ) ના હિન્દુ રાજાઓની ઉદાર નીતિને લીધે શીઆ ધર્મ પ્રચારકોનું ગુજરાતમાં આગમન થયું. આ ઉપદેશને પરિણામે ઘણાં લોકોએ શીઆ પંથ સ્વીકાર્યો.

તે પછી, સુલતાન ફિરોઝશાહના યુગમાં (ઇ.સ. ૧૩૫૧ - ૧૩૮૮) અમીર ઝફરખાને ઇ.સ. ૧૩૭૧માં ગુજરાત જીતેલું. તેમની સાથે આવેલા સુન્ની ઉપદેશકોના પ્રભાવથી કેટલાક શીઆઓ સુન્ની

થયેલા. ઈ.સ. ૧૩૯૧માં મુઝફ્ફરખાન પહેલો દિલ્હીથી ગુજરાતના સૂબા તરીકે પાટણ આવ્યો ત્યારે પોતાની સાથે સુન્ની ધર્મ ઉપદેશકો લાવેલો. તેમના ઉપદેશથી શીઆ વહોરાઓએ સુન્ની પંથ અપનાવેલો.

ઈસુની પંદરમી સદીના પૂર્વાર્ધમાં પાટણના એક શીઆ કુટુંબમાં મુલ્લા જાફર પટણીનો જન્મ થયેલો. મુલ્લા જાફર તેજસ્વી વિદ્વાન અને અરબી તથા ફારસીના પ્રખર જ્ઞાતા હતા. વાલીએ હિન્દ તથા શીઆ આગેવાનો તરફથી એમની ઉપેક્ષા થઈ અને અન્યાય થયો. આથી મુલ્લા જાફરે શીઆ પંથનો ત્યાગ કરી સુન્ની પંથ અપનાવ્યો. તેમના પ્રભાવ હેઠળ ઘણાં શીઆ સુન્ની બન્યા. તેમના પ્રચારકો ભરૂચ પણ આવેલા અને શીઆ વહોરાઓને સુન્ની બનાવેલા. જનાબ દીપક બારડોલીકરના મતે, સુન્ની વહોરા કોમનું માળખું મુલ્લા જાફર પટણીના સમયથી જ રચાયું.

શીઆ અને સુન્ની વહોરાઓ મૂળ એક જ જાતિના હોવાથી એકબીજા સાથે લગ્ન વ્યવહાર રાખતા. પણ ઈ.સ. ૧૫૩૫માં સૈયદ ઝફર શીરાઝીએ આ પ્રથા બંધ કરાવી.

૩. ત્રીજી શાખા હિન્દુમાંથી મુસ્લિમ બનેલા વહોરાઓની છે. વહોરાઓનો સંબંધ મારવાડ, રજપૂતાના અને ઉત્તર પ્રદેશના હિન્દુઓ સાથે જોડવામાં આવે છે. રાસમાળામાં નોંધ છે કે સુલતાન અહમદશાહના (ઈ.સ. ૧૪૨૦) સમયમાં બ્રાહ્મણો અને મહાજનો (વાણિયા) મુસલમાન થયેલા. તેઓ ‘વહોરા’ કહેવાતા હતા. હાલ પણ હિન્દુ કોમના બ્રાહ્મણો અને વાણિયામાં ‘વહોરા’ અટક પ્રચલિત છે. આ યુગમાં જે રજપૂતો મુસ્લિમ થયા તે મોલે સલામ કે મલેક કહેવાયા અને જે શસ્ત્રરહિત જાતિના હિન્દુ મુસ્લિમ થયા તે ‘વહોરા’ કહેવાયા.

ઈ.સ. ૧૮૧૮માં કેપ્ટન ઓવન્સે ભરૂચ જિલ્લાની પ્રથમ સર્વે કરેલી. એમાં તેમને ટંકારીઆના વહોરા પાસેથી મળેલી માહિતીનો ઉલ્લેખ છે. આ અનુસાર યુદ્ધમાં કેદ પકડાયેલા કેટલાક મારવાડીઓને હિન્દુ રાજાએ ગુલામ રાખેલા. શહેનશાહ જહાંગીરે ઈ.સ. ૧૬૧૮માં

તેમને મુક્ત કરાવ્યા. આ મારવાડીઓ મુસ્લિમ થયા એટલે તેમને ગુજરાતની ખરાબાની જમીનો ઉપર વસાવવામાં આવ્યા.

સારોદના વહોરાઓ સુલતાન મહમૂદ બેગડાના સમયમાં મુસ્લિમ થયેલા. કાઠિયાવાડના મોરબી નગરના એક મંછારામ નામના બ્રાહ્મણના તેઓ વંશજો છે. મૂળ સારોદના હાલ લંડનનિવાસી જનાબ યાકુબ પટેલ પાસે તેમના કુટુંબની વંશાવલી છે તેમાંથી એવી માહિતી મળે છે કે સારોદનું અસલ નામ ‘સાહિલે રૂદ’ એટલે ‘નદી કાંઠે વસેલું ગામ’ હતું. અસલ વડવા ભુસારામ નાગર બ્રાહ્મણ હતા તે મૂળી ગામના વતની હતા. ઈ.સ. ૧૪૭૯માં મેહમૂદ બેગડાએ જૂનાગઢ જીત્યું ત્યારે ત્યાંના દીવાન મંછારામ મુસ્લિમ થયેલા. મંછારામના પુત્રની શાદી રૂપા નામની ક્ષત્રીય છોકરી સાથે થયેલી તેમનું સંતાન અમીજી. આ અમીજીનો વંશવેલો હજુ પણ ચાલે છે.

કાવી અને જંબુસરના કેટલાક વહોરાઓ મૂળ રાવળીઆમાંથી મુસ્લિમ થયેલા. ભડકોદ્રાના વહોરાઓ વાણિયા, દેવલાના રજપૂત અને ટંકારીના ભાટીઆ અથવા લોહાણાના વંશજો છે.

‘પટેલ ડિરેકટરી’ના સંપાદક મરહૂમ ઈબ્રાહીમ દાદાભાઈ ‘બેકાર’ની નોંધ મુજબ, કેટલાક વહોરા ઢેડ, ચમાર, ખત્રી અને મોઢ ઘાંચીમાંથી થયા છે.

બહેરામજી મલબારી લખે છે કે ‘વહોરા અસલમાં હિન્દુ હતા એજ કારણે આજ સુધી એ લોકોમાં હિન્દુ માન્યતા અને રિવાજો જોવા મળે છે. વહોરાના નસલી ભાઈ મારવાડ, રાજપુતાના અને યુ.પી.માં છે અને હિન્દુ ‘બોહરા’ કહેવાય છે.

હિન્દુ જ્ઞાતિપ્રથાની અસરનો ઉલ્લેખ કરતાં ફઝલ લુત્ફુલ્લાહ એમના તા. ૧૪-૯-૧૮૭૮ના પત્રમાં લખે છે કે, જેઓ હિન્દુઓની ઉચ્ચ જાતિમાંથી મુસલમાન થયા હોવાનો દાવો કરે છે તેઓ હિન્દુઓની નીચ વર્ણોમાંથી મુસલમાન થયેલા વહોરાઓને પોતાની કન્યાઓ આપતા નથી.

અહમદશાહ પહેલાના સમયમાં કેટલાક બ્રાહ્મણ, વાણિયા મુસ્લિમ થયા એ ખરું, પણ તે અગાઉ સુલતાન મુહમ્મદ તઘલખના સમયમાં પણ વહોરાઓનું અસ્તિત્વ હતું. પ્રવાસી ઈબ્ને બતુતા જ્યારે ગંધાર પહોંચ્યો ત્યારે વહોરાના સરદારના પુત્રોએ તેનું સ્વાગત કરેલું.

કદમ ટંકારવીના સંશોધનને આધારે પ્રાપ્ત થયેલી પૂરક માહિતી મુજબ, ભરૂચની આસપાસના પ્રદેશોનું પ્રાચીન નામ 'લાટ' હતું (સાર્થ જોડણીકોશ). એટલે ત્યાં વસનારા વહોરા પટેલો કાનમિયા કે લાટ પ્રદેશના કહેવાયા. આજે પણ કાનમમાં વધુ પડતો ઠાઠ-ઠઠારો કરનારને 'લાટ સાહેબ' કહેવામાં આવે છે. સૈકાઓથી લાટ પ્રદેશમાં વસવાટ કરનાર સુન્ની મુસ્લિમ વહોરા પટેલો ચરોતરના કણબી પટેલોથી સંબંધ ધરાવે છે. તેમના પૂર્વજો સ્વેચ્છાએ ઈસ્લામ અંગીકાર કરી ભરૂચ કાનમના 'પોણી બસો' ગામોમાં સ્થાયી થયા. લાટ પ્રદેશના દરેક સુન્ની મુસ્લિમની કૌટુંબિક અટક 'પટેલ' હોય છે. અન્ય પેટા અટકો ધંધાદારી (મુનશી, તલાટી, ઉઘરાતદાર) કે સ્થળવાચક (વાડીવાલા, ઘંટીવાલા, પાદરવાળા) છે. અટક ઉપરાંત ચરોતરી અને ભરૂચી પટેલો વચ્ચે ભાષાનું પણ સામ્ય છે. તેઓ પાણીને 'પોણી' કે કાનને 'કોન' બોલે છે. આમ કાનો (ા) હોય ત્યાં માત્રા ( ે) પણ ઉમેરે છે, જેમકે ગાંધીને બદલે ગોંધી.

જેમ ચરોતરી પટેલો લગ્ન સંબંધોમાં ગામોને ધ્યાનમાં રાખે છે તે રીતે કાનમના વહોરા પટેલો 'પોણી બસો ગામો' પૂરતો શાદી વ્યવહાર મર્યાદિત રાખતા હતા. ચરોતરી પટેલો ની જેમ ભરૂચી વહોરા પટેલો સાહસિક છે, અને જોખમ વહોરી લેવાની વૃત્તિ ધરાવે છે. આજે પણ વહોરા પટેલોમાં 'શું કામ ચાલતી વહોરે છે?' એવો શબ્દપ્રયોગ થાય છે. કદાચ આમાંથી જ 'વહોરા' ઓળખ ઉદ્ભવી હોય.

વહોરા શબ્દની ઉત્પત્તિ અને શબ્દાર્થને આધારે પણ વહોરાઓના પૂર્વજો વિષે અનુમાનો થાય છે. એક મત અનુસાર, 'બોહરા' શબ્દ મૂળ અરબી 'બવાહીર' પરથી છે જે વેપાર હુન્નર અને ખરીદ વેચાણ માટે વપરાય છે. અરબીમાં 'બેહરે' એટલે ઊંટોની હાર એ પણ ઊંટોની વણઝાર દ્વારા વેપાર સૂચવે છે. કેટલાક માને છે કે મૂળ શબ્દ 'બહુરાહ' છે જેનો અર્થ ઘણાં રસ્તા એટલે વિવિધ જાતિઓના મિશ્રણથી બનેલ કોમ થાય છે. મૂળ ફારસી શબ્દ 'બેહરાહ' નો અર્થ સાચો માર્ગ થાય છે એટલે જેમનો ધાર્મિક પંથ

સદ્દમાર્ગ છે તે જાતિ. ફારસીમાં 'બહરજ' શબ્દ શાણા વેપારી માટે વપરાય છે, એટલે બહરજ પરથી વહોરા થયું હોય.

હિન્દુસ્તાની ભાષામાં 'બ્યોહારી' શબ્દ છે જેના પરથી 'વેપારી' અને પછી 'વહોરા' શબ્દ પ્રચલિત થયો હોય એમ બને. વેપારી હિન્દુ હોય કે મુસ્લિમ તે બધા વહોરા કહેવાયા. તારીખે ગુજરાત અનુસાર 'બયાસરા' એટલે વહાણનું રક્ષણ કરનાર લોકો. પછીથી આ શબ્દ તે લોકો માટે વપરાયો જે વહાણો સાથે હિન્દ આવ્યા અને ત્યાં જ વસી ગયા. આ 'બયાસરા' શબ્દ સમય જતાં 'વહોરા' થયો. 'સફરનામ-એ-ગુજરાત' (ઇ.સ. ૧૮૮૭)માં લખ્યું છે કે *'વહોરા કોમનું મૂળ ગુજરાતમાં છે. તે બધા વેપારી અને હુનરવર છે. હિન્દીમાં તિજારત માટે 'વ્યવહાર' શબ્દ છે. ઘણા વહોરા દરિયાઇ માર્ગે અરબસ્તાન સાથે વેપાર કરે છે.'*

'પટેલ ડિરેકટરી' (ઇ.સ. ૧૯૫૪) અનુસાર 'વ્હોરા' શબ્દની ઉત્પત્તિ વ્હોરવું અર્થાત વેપાર કરવો એ પરથી થઇ હોય તે વધારે યોગ્ય લાગે છે. બૃહદ ગુજરાતી કોશ અનુસાર 'વહોરો' શબ્દ મૂળ સંસ્કૃતમાં 'વ્યાવહારક', પ્રાકૃતમાં 'વિવહારઅ' અને જૂના ગુજરાતીમાં 'વુહુરઅ' પરથી આવ્યો છે. એનો એક અર્થ મુસ્લિમ સુન્ની ફિરકાની વેપારી કોમ.

હિન્દુઓ અને મુસ્લિમોમાં જે કેટલીક સામાન્ય અટકો છે તેને આધારે પણ વહોરાઓની ઉત્પત્તિ વિષે અનુમાનો થયાં છે. ભગવદ્દ ગૌમંડળમાં નોંધ છે કે, વહોરા - વોહરા - વોરા એટલે નાગર, વાણિયા, કણબી, હરિજન જ્ઞાતિઓમાં પ્રચલિત અટક તથા મુસ્લિમ શાહુકારોની જમાત. ભરૂચી વહોરા પટેલોમાં 'ભડ' અટક પણ છે. ટંકારીઆના ઉમર ફારૂક ચામડના પૂર્વજો પાસેથી મળેલી માહિતી મુજબ, ધોળકા ધંધુકાથી ભીમા ભડ અને કોડા ભડ નામના બે ભાઇઓ ભરૂચ વિસ્તારમાં આવી વસેલા. હાલનાં ભડ કુટુંબો તેમના વંશજો છે. ધંધુકાના દેસાઇ કુટુંબના પૂર્વજો મૂળ રજપૂત હતા. શહેનશાહ જહાંગીરના સમયમાં મુસ્લિમ થયેલા. હાલ તેઓ 'વહોરા' કહેવાય છે. હિન્દુઓ અને વહોરા પટેલોમાં સામાન્ય અટક 'પટેલ' ઉપરાંત ભૂતા, અમીન, દેસાઇ, કારભારી, દલાલ, મેજા, ગટી આદિ છે.

## ૨
# આઝાદી પૂર્વેનો ઇતિહાસ


**સમાજ:**

અંગ્રેજોના શાસનકાળમાં મુંબઇ સરકારે ૧૮૭૭માં પ્રસિદ્ધ કરેલ 'ગેઝેટિયર ઑફ ધ બોમ્બે પ્રેસિડન્સી, સુરત ઍન્ડ ભરૂચ' તેમજ ૧૮૯૯માં પ્રસિદ્ધ થયેલ 'ગેઝેટિયર ઑફ ધ બોમ્બે પ્રેસિડન્સી, ગુજરાત પોપ્યુલેશન: મુસલમાન ઍન્ડ પારસી'માં ભરૂચી વહોરા પટેલો વિશે વિસ્તૃત માહિતી મળે છે. તેના મુખ્ય અંશો અહીં પ્રસ્તુત છે:

'ભરૂચ જિલ્લાના ગામોમાં વહોરાઓ મોટી સંખ્યામાં છે. તેમની ભાષા, રહેણીકરણી, રૂપરંગ અને શરીરના બાંધા હિન્દુ ખેડૂતોને મળતા આવે છે. તેઓ ઘણા કુશળ અને મહેનતુ ખેડૂતો છે. તેઓ આનંદી અને મળતાવડા સ્વભાવના છે. તેમની સ્ત્રીઓ ચપળ, કામગરી, વાચાળ અને રૂપરંગે દેખાવડી છે. સ્ત્રીઓ સુંદર ભરતકામ અને વણાટકામ કરે છે, તથા ખેતીકામમાં મદદ કરે છે. ઘરમાં ચલણ સ્ત્રીઓનું છે.

વહોરા પટેલોનું સામાજિક બંધારણ છે. તેઓ સુરતી સુન્ની વહોરાઓ સાથે બેટી વ્યવહાર રાખતા નથી, પણ તે સિવાયના તમામ વ્યવહારો સાચવે છે. ભરૂચ જિલ્લાના ગામોમાં પંચાયતોના વડા વહોરા પટેલ હોય છે. હિન્દુ ખેડૂતો તેમને બહુ માન આપે છે. રસ્તામાં હિન્દુ અને વહોરાનાં ગાડાં સામસામે આવે તો વહોરાના ગાડાને રસ્તો આપી ચીલામાંથી પ્રથમ પસાર થવા દેવાય છે.

વહોરા પુરુષો તામસી, ઝનુની અને સ્વતંત્ર મિજાજના છે. ઉગ્ર સ્વભાવને લીધે જિલ્લાના બિન-મુસ્લિમો તેમને 'સોલ્જર લોક' કહે છે. સુરત ગેઝેટિયરમાં એવી નોંધ છે કે, તા.૧૫-૫-૧૮૭૫ના રોજ જાહેર સુલેહશાંતિનો ભંગ કરી આસપાસના ગામોના બસો વહોરાઓ ભરૂચ પર ચઢી આવ્યા હતા, અને તેમના ધર્મનું અપમાન કરનાર પારસી બેનરજીને મારી નાંખ્યો હતો. તેમનામાં હિંમત, આતિથ્ય સત્કાર, તથા ધાર્મિક ચુસ્તતા છે. તેઓ માથું મૂંડાવે છે, દાઢી રાખે છે, સુરવાળ અને ખમીસ પહેરે છે.



કેટલાક **ફેંટો** બાંધે છે, પાઘડી, લાલ ટોપી કે કાળી ટોપી પહેરે છે. સુખી સ્થિતિના આશરે વાર્ષિક રૂપિયા ૧,૦૦૦ની આવકવાળા વહોરાઓ પાસે રોજના વપરાશ માટે રૂા. ૩૦ ના બે ફેંટા, ૧૨ આનાની એક એવી આઠ સુતરાઉ બંડીઓ, દોઢ રૂપિયાનો એક એવા આઠ કોટ, એક રૂપિયાની એક એવી આઠ સુરવાળો તથા રૂપિયા અઢીનો એક એવા ચાર ખેસ હોય છે.

આ ઉપરાંત ખાસ પ્રસંગોએ પહેરવા રૂપિયા ૧૦૦ની સોનેરી કસબવાળી પાઘડી અને રૂા. ૭૦ની એક કિનખાબની બંડી હોય છે. વારતહેવારે રૂપિયા ત્રણની કિંમતના જોડા પહેરે છે. કેટલાક બંડી, પછેડી અને કાછીઓ પહેરે છે. તહેવારે કે કોર્ટકચેરીએ જાય ત્યારે શેરવાની અથવા કોટ પહેરે છે. ખમીસના બટન સોનાના હોય છે.

ખેતી કરનાર વહોરા પટેલોની સ્ત્રીઓ સાડી, ચોળી અને ચણિયા પહેરે છે. પગમાં સપાટ પહેરે છે. સોનાના ઘરેણાંમાં દામણી, ટીકા, નથ, વીંટલા, દુર્સ અને હાર પહેરે છે. કાન કોચાવી ચાંદીની વાળીઓ, સોનાનું પતરૂં ચડાવેલ હાંસડી, કટેસરી, કાચના નાના મણકા વચ્ચે સોનાના મોટા મણકાવાળો મોમનો, હાથે કડલાં, આંગળીઓમાં વીંટીઓ, પગે ચાંદીની કાંબીઓ, અને ચાંદીના સાંકળા પહેરે છે. ઘરેણાં ઘાટીલાં, જાડાં અને વજનદાર હોય છે.

દાઉદી વહોરા કરતાં તેમની ગુજરાતી ભાષાનાં ઉચ્ચારણ તથા સ્વરભાર (accent) અલગ હોય છે. મુસ્લિમ નામો વિકૃત અને કઢંગી રીતે બોલે છે જેમકે, ઈબ્રાહીમને અભલો, ઈસ્માઈલને અસ્માલ, યુસુફને ઈસ્પો, આદમને અદલો, અલીને અલ્યો, વલીને વલ્યો, ખદીજાને ખતલી, ફાતેમાને ફતલી, આયેશાને આહલી તથા આમેનાને અમલી કહે છે.

વહોરા પટેલોનો ખોરાક ખીચડી, કઢી, દાળ, ભાત, જુવાર કે બાજરીનો રોટલો અને ઘઉંની રોટલી છે. તેઓ માંસ માછલી પણ ખાય છે. વહોરા પટેલો કવચિત જ અફીણ લે છે. તેઓ દારૂ પીતા નથી અને દારૂડિયાને ધુત્કારે છે. તેમનું સામાજિક માળખું ચુસ્ત છે, અને કવચિત જ જ્ઞાતિ બહાર પરણે છે.

વહોરાઓમાં હજુ કેટલાક હિન્દુ રિવાજો છે. મરણ પ્રસંગે તેમની સ્ત્રીઓ હિન્દુ સ્ત્રીઓની જેમ રડે છે. લગ્નના બે ત્રણ દિવસ અગાઉ વાનુદેવના લાંગ અને વાલની દાળ બાફીને વહેંચે છે. લગ્નના વરઘોડામાં વરરાજા પાછળ હિન્દુ સ્ત્રીઓની જેમ લગ્નનાં ગીતો ગાય છે. લગ્ન, સીમંત અને મરણના પ્રસંગોએ નાતવારો કરે છે. નાતવારો હોય ત્યારે હજામ નોતરાં દેવા (સહકુટુંબ, પાઘડીબંધ વગેરે) ફરી વળે છે. નિયમ તરીકે સ્ત્રીઓ પુરુષો પછી જમવા બેસે છે. લગ્ન બેન્ડવાજાં સાથે કરે છે. ઢોલ અને ધતૂરું વગાડે છે. વરપક્ષ અને કન્યાપક્ષની ઓરતો સામસામે ગીતો ગાય છે. તેમાં ગાળાગાળી અને કયારેક ઝઘડો થાય છે.'

*તારા મોંમે ઓયરા મગ,*
*બલાડા બોલતો કેમ નથી...*

*તારા ઘરમે નથી કળશો,*
*ત્યારે શીન્ને તેયરો નવશો*
*મારા નવલા વેવાઈ,*
*તને દૂધ ને સાકર પાઉં*

પીઠી પ્રસંગે ગવાતું ગીત:

*મુસાભાઈની લાકડીયો*
*ને મરિયમ વહુના બયડા*
*લાકડીયો તો ભાંગી ગ્યો*
*ને બેવડ વયરા બયડા*

*જોવો રે લોકો વોનાના તમાશા*

**ખેતી:**

વહોરા પટેલ ખેડૂતો કપાસ ઉપરાંત જુવાર, તુવેર, ડાંગર, મગફળી, તલ અને ચણાનું અને હવે શેરડીનું વાવેતર કરે છે. તેઓ ખેતી ઉપરાંત 'રૂરલ ટ્રેડીંગ ઍન્ડ માર્કેટીંગ'માં પાવરધા છે. ભરૂચ જિલ્લામાં કપાસની જાત સુધારવા ઈસ્ટ ઈન્ડિયા કંપનીની સરકારે 'કોટન એકસપિરિમેન્ટલ ફાર્મ્સ'

શરૂ કર્યાં. તેનો ઉપરી જેમ્સ લેન્ડન નામનો અંગ્રેજ હતો. તેણે ૧૮૫૫માં ભરૂચમાં હિન્દની સૌ પ્રથમ જિનીંગ ઍન્ડ સ્પીનીંગ મિલ સ્થાપી. તેની મશીનરી કોટન મિલોનું મુખ્ય ધામ કહેવાતા અને કોટન ઈન્ડસ્ટ્રીથી ધમધમતા માન્ચેસ્ટર, યુ.કે.થી આયાત કરેલી. ભરૂચ જિલ્લામાં કપાસનું વાવેતર કરનાર કણબી અને વહોરા ખેડૂતો લેન્ડનની મિલને કપાસ વેચે છે. વહોરા પટેલો મૂળભૂત રીતે ખેડૂત પણ તેમનામાં રહેલી આવડતને લીધે તેઓ શિક્ષણ અને પોલીસ ખાતાની નોકરીઓમાં તથા સ્વતંત્ર વેપારધંધાઓમાં પણ છે.

ભરૂચી વહોરા પટેલો મૂળે ખેડૂત. અંગ્રેજ શાસનકાળમાં તેઓ કુશળ અને મહેનતકશ ખેડૂત ગણાતા તથા હિન્દુ ખેડૂતો તેમને માન આપતા. પાલેજ કપાસના વેપારનું કેન્દ્ર બન્યું હતું. પાલેજમાં જાલ જમશેદજી વખારિયાની જિનીંગ ફેકટરી હતી જેનો વહીવટ વહોરા પટેલોના હાથમાં હતો.

**શિક્ષણ:**

વીસમા સૈકાના આરંભે વહોરા પટેલોએ પોતાનાં બાળકોને ગુજરાતી શાળાઓમાં મોકલવા માંડેલાં. વહોરા પટેલોમાં પહેલા ગ્રેજ્યુએટ સિતપોણના ખાન બહાદુર વલી બક્ષ પટેલ. ઈ.સ. ૧૯૦૦માં સ્નાતક થઈ તેઓ રૅવન્યુ ખાતામાં જોડાયા હતા. કંથારીઆના ખાન બહાદુર અલીભાઈ પટેલ ઈ.સ. ૧૯૧૬માં એલ.એલ.બી. થયા. ભરૂચમાં વકીલાત શરૂ કરી. ૧૯૨૩માં મુંબઈ લેજિસ્લેટીવ એસેમ્બલીમાં ચૂંટાયા. તેમણે ભરૂચમાં અંજુમને ઈસ્લામ ઉપરાંત શાળા અને લાયબ્રેરી સ્થાપેલાં.

મુસાજી ઈસાકજી પટેલ જૂનાગઢ રાજ્યમાં હાઈકોર્ટ જજ હતા, અને પછીથી અમદાવાદમાં ડેપ્યુટી ચૅરિટી કમિશ્નર નિમાયેલા. ટંકારીઆના મરહુમ ઈબ્રાહીમ અને આદમ જનાબના પિતાશ્રી મોહંમદ વલી જનાબ જૂનાગઢના દીવાનના મંત્રી હતા.

ટંકારીઆના અલીભાઈ દાદાભાઈ પટેલ ઈ.સ. ૧૯૧૨માં વહોરા પટેલ કોમમાં પ્રથમ ડૉકટર થયેલા. તેઓ મુંબઈ ઈલાકાની મેડિકલ કાઉન્સિલના સભ્ય હતા. નિવૃત્ત થઈ ભરૂચમાં પોતાનું નર્સિન્ગ હોમ ખોલેલું.

**રાજકારણ:**
૧૮૮૪માં વાઈસરૉય લૉર્ડ રિપને સ્થાનિક સ્વરાજનો કાયદો પસાર કર્યો. ચૂંટણીઓ યોજાઇ તેનો લાભ લઇ જાગૃત વહોરા પટેલો ભરૂચ નગરપાલિકા તેમજ લોકલ બોર્ડોમાં દાખલ થયા.

બ્રિટિશ શાસનકાળથી વહોરા પટેલો રાજકીય ક્ષેત્રે સક્રિય રહ્યા છે. કંથારીઆના ખાન બહાદુર અલીભાઇ પટેલ ૧૯૨૩માં મુંબઇ ધારાસભામાં ચૂંટાયેલા. સિતપોણના ખાન બહાદુર વલી બક્ષ પટેલ પણ ૧૯૩૨માં મુંબઇ ધારાસભામાં ચૂંટાયેલા. સારોદના અહમદ આદમ પટેલ ૧૯૪૬ થી ૧૯૫૧ સુધી મુંબઇ ધારાસભામાં એમ.એલ.એ. હતા. કોલવણાના મહંમદ ઈબ્રાહીમ મક્કન અને વોરા સમનીના મુસા હસન સાલેહને પણ બ્રિટિશ સરકારે તેમની જાહેર સેવાઓની કદરરૂપે ખાન સાહેબના ખિતાબથી નવાજેલા. લંડનસ્થિત જનાબ દાઉદભાઈ આઝાદે પોતાના ગામ વોરા સમની વિષે પૂરી પાડેલી માહિતીમાં નીચે મુજબની નોંધ છે:-



"**હાજી મુસા હસન ખાનસાહેબ** ૧૮૪૯માં જન્મ્યા હતા. પહેલી ચોપડી સુધીનું ભણતર હતું પણ ખુદાદાદ કોઠા સુઝ, અક્કલ હોશિયારી અને સમજદારીથી ફક્ત જિલ્લામાં જ નહીં બલ્કે પટેલ પરગણામાં તેમનું ઘણું માન હતું.

તેમની ખ્યાતિથી આકર્ષાઇ તે સમયના અંગ્રેજ ગવર્નર સર રોજર લુમલીએ ૧૯૪૦માં ખુદ વોરા સમની પધારી તેમને પોતાના હાથે ગોલ્ડ મેડલ અર્પણ કરી 'ખાનસાહેબ'ના ખિતાબથી તેમનું બહુમાન કર્યું હતું." ૧૦૮ વર્ષના લાંબા આયુષ્ય દરમિયાન તેમણે ૧૮૫૭નો આઝાદીનો પ્રથમ જંગ પણ જોયેલો અને ૧૯૪૭ની ભારતની આઝાદી પણ જોઇ હતી.

ટંકારીઆના ડૉ. અલીભાઈ પટેલ મુંબઇ ધારાસભાના સભ્ય તરીકે બિન હરીફ ચૂંટાયેલા. તેઓ ભરૂચ જિલ્લા મુસ્લિમ લીગના પ્રમુખ હતા. આ ઉપરાંત ઘણાં વહોરા પટેલો તાલુકા અને જિલ્લા લોકલ બોર્ડોમાં ચૂંટાયેલા જેમાં સારોદના ઈસ્માઇલ અકુજી પટેલ, ટંકારીઆના મહમ્મદ માસ્તર

ઘોડીવાલા, ઝંઘારના વલી સાલેહ, પગુથણના વલી અહમદ મેમ્બર તથા નબીપુરના સુલેમાન અમીજીનો સમાવેશ થાય છે.

દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવવા માટે સમગ્ર દેશમાં જે હાકલ પડેલી તે વેળા ભરૂચી સુન્ની વહોરા પણ એમાં ઉલટભેર જોડાયેલા.

આઝાદીની લડતમાં ગાંધીજીની સાથે ખભેખભો મિલાવીને કામ કરનાર ભાઈબંધ કોમ સાથે ટંકારીઆના મુસા ઈસા કેપ્ટન, મહાત્મા આદમ કબીર, ડૉ. અલીભાઈ ઘોડીવાલા, આદમ ઈસ્માઈલ મુસ્તુફાબાદી અને ઈબ્રાહીમ નાયક મોટા; કાવીના રફીક મુન્શી, વોરા સમનીના મુસા હસન ખાનસાહેબ જેવા અનેકે જેલ સુદ્ધાં ભોગવેલી. કેપ્ટન અને મહાત્મા કબીર નાગપુર જેલમાં હતા, છતાં આઝાદી મળ્યા પછી તેમણે સ્વાતંત્ર્ય સેનાના પેન્શન માટે અરજી સુદ્ધાં નહીં કરેલી.

**સાહિત્ય:**
ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે પણ વહોરા પટેલોનો ફાળો નોંધપાત્ર છે. આજથી આશરે ૨૫૦ વર્ષ પૂર્વે એકલબારાવાલા પીર કાયમુદ્દીન બાવાના કેટલાક નિરક્ષર શિષ્યોમાંના એક તે પરિયેજ ગામના **અભરામ ભગત** હતા જેઓ ગુજરાતીમાં આત્મજ્ઞાનનાં ભજનો (ભક્તિકાવ્યો) તથા પદોના સર્જક તરીકે જાણીતા હતા.

કહેવાય છે કે જે એકાવન શખસોને કાયમુદ્દીન દાદાએ જ્ઞાન આપી મહાપદે પહોંચાડયા હતા તેમાં આ અભરામ ભગત અગ્રસ્થાને હતા. તૌહીદ અને ઈશકે રસૂલની વાત કરતાં પોતાના એક ભજનમાં તેઓ કહે છે:

*"પુતળાંને પૂજે રે સાહેબ નહીં મળેરેજી, તેનો તો ન્યારો છે વળી દેશ*
*પાણીમાં નાંખો રે પથરા તો ડુબશેરેજી, તેને પૂજેથી તું કેમરે તરેશ*
*નેહ મને લાગ્યો રે નબીરે રસૂલનો રેજી"*

અભરામ ભગત મૂળે અભણ ખેડૂત, પણ તેમનાં ભજનોમાં આધ્યાત્મિક અનુભૂતિ ચોટદાર શૈલીમાં વ્યક્ત થાય છે. પરભાત રાગમાં રચાયેલા તેમના એક ભજનમાં ખેતીની સંજ્ઞાઓ (terminology) પ્રયોજી ભવસાગર તરવાનો સંકેત મળે છે:



## ભજન

કાયા ખેતર ખાંતે ખેડો, મારા સાહેબે સામું જોયું રે

નુરત સુરત બે ઘોરી બનાવ્યા, જુગતે જોતર વાળી રે
આતમરામ મહીં હારી બન્યા છે, ખેતર લેવાં ખેડી રે

આપો અહંકાર માંહે ઠૂઠાં ઘણેરાં, માહીં જૂઠનું જાળું રે
મારા ઘટમાં ગ્યાન કોદાળો, મૂળ મહીંથી કાઢું રે


કુબુદ્ધિ કચરો કરસણ ચૂસે, તેને નીંદી કઢાવો રે
દિલની દાતરડી ને સત્‌ની મજૂરી, એમ ખેતર નીંદાવો રે

પાંચ છીંકરા ને પચીસ હરણી, નિત ઊઠી ચરી જાય રે
ચેતનની વાડ ચોફેર નખાવો, ફાંફા મારીને જાય રે

એ ખેતરને બોતેર છીંડાં, કયે છીંદે જઇ ઠરશો રે
સહેજ પંથનો પાર નહીં આવે, ભવસાગર કેમ તરશો રે

કહે અભરામ સતગુરુ પરતાપે, ખેતર ભલેરૂં પાકયું રે
જે કોઇ ભાવ ધરીને માંગે, ઉલેચીને તેને આપ્યું રે.

ખાનપુરના ઈબ્રાહીમ દાદાભાઈ **'બેકાર'** હઝલકાર અને હાસ્ય કટાક્ષના લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં માનભર્યું સ્થાન ધરાવે છે. ૧૯૩૨માં તેમણે 'મુસ્લિમ સાહિત્ય મંડળ'ની સ્થાપના કરેલી. ૧૯૪૩માં સુરતમાં સ્થપાયેલ 'મહાગુજરાત ગઝલ મંડળ'નું પણ તેઓ સંચાલન કરતા. ગુજરાતીમાં મુશાયરા પ્રવૃત્તિ દ્વારા ગઝલ સ્વરૂપને પ્રસ્થાપિત કરવામાં બેકાર સાહેબ અગ્રણી ગણાય. ગુજરાતભરમાં વર્ષો સુધી એકધારા સફળ મુશાયરા યોજીને તેમણે પોતાની હાસ્યના ફુવારા ઉડાવતી ધારદાર હઝલો અને છટાદાર સંચાલન દ્વારા ગઝલને ગામેગામ અને વાટે-ઘાટે જ નહીં, પણ વિદેશોમાં પણ ગૂંજતી કરી હતી.




સાહિત્ય સર્જન ઉપરાંત તેમણે 'પટેલ મિત્ર' (પછીથી 'ઈન્સાન') માસિકના પ્રકાશન દ્વારા સાહિત્યિક - સામાજિક ચેતના જીવંત રાખી. ૧૯૫૪માં તેમણે **'પટેલ ડીરેકટરી'** પ્રકાશિત કરી જેમાં વહોરા પટેલો વિષે વિસ્તૃત માહિતી છે.

એ ગાળા દરમિયાન ભરૂચ જિલ્લાના અનેક ગામોમાં 'બેકાર'ના સમકાલીન સાહિત્યકારો હતા. સારોદના 'મસ્તહબીબ' સારોદી તથા ઉમરજી ઈ. સારોદી, ટંકારીઆના આદમ ઈસ્માઈલ મુસ્તુફાબાદી, 'મજનૂ', ઈસાભાઈ ડેલાવાલા - 'બેદાર' ટંકારવી, ઈસ્માઈલ મૂળામુન્શી - 'પતીલ' ટંકારવી, ઈબ્રાહીમ આદમ કબીર - 'કબીર' ટંકારવી, અહમદ અગર -

'દિવ્ય' ટંકારવી, વહાલુના વલીભાઇ પટેલ તથા યુસુફ અશરફ, જંબુસરના 'ગુમનામ', પગુથણના વલીભાઇ અહમદ મેમ્બર વગેરે. આ ઉપરાંત આ ગાળામાં નાચીઝ આદમ તથા 'ગાફીલ' પણ જાણીતા હતા.

એ સમયના બીજા એક જાણીતા સુધારક અને લેખક "પયગામ" માસિક ના તંત્રી મરહુમ યૂસુફ મુન્શી કાવીવાલા હતા. પોતાના અભ્યાસપૂર્ણ લેખો દ્વારા તેઓ સમાજ સુધારણા કરવા મથતા. તેમના "આપણે મોમીન કે મુનાફિક" શિર્ષકવાળા આવા જ એક લેખમાં ભરૂચી વહોરા પટેલોની ગાળો બોલવાની કુટેવ વિષે વાત કરતાં તેઓ લખે છે:

"ભરૂચી વહોરા પટેલો વાતચીત કરવામાં જ પોતાનો પરિચય આપી દેતા હોય છે, પૂછવાની જરૂર પડતી નથી. આપણે વહોરા પટેલો ગાળ બોલીને જ વાતની શરૂઆત કરીએ છીએ. કોઇ પણ પ્રકારની લેવાદેવા વિના વાત વાતમાં મોટી મોટી ગાળો ગબડાવીએ છીએ. ...બે વહોરા પટેલો તેમની આદત મુજબ ઊંચા અવાજે ગાળો બોલીને વાતચીત કરતા હોય ત્યારે અજાણી વ્યક્તિ એમ જ કયાસ બાંધી લે કે આ બંને હવે બાખડી પડશે. આવી અનેક કુટેવોને કારણે વહોરા પટેલો ઘણું બધું ગુમાવી રહ્યા છે, મુસીબતો અને તકલીફોમાં મૂકાય છે, છતાં મુનાફિકિન ખસલતોને દૂર કરવાનો કોઇ પ્રયત્ન કરવામાં આવતો નથી.

આ ગલીચ ભાષા વહોરા પટેલોના જીવનમાં એવી તો વણાઇ ગઇ છે કે મા-બહેનો, વહુ-બેટીઓ તેમની બાજુમાં જ બેઠેલી હોય એનો કાંઇ પણ લિહાજ રાખ્યા વિના બેફામ ગાળો બોલતાં અચકાતા નથી. ઘરમાં, સમાજમાં, શાદી-વિવાહમાં, પાર્ટીઓમાં કે મેહફિલોમાં, ચકલે ને ચૌટે બેરોકટોક જથ્થાબંધ ગાળો બોલતા હોય છે."

અત્રે એ નોંધવું જોઇએ કે છેલ્લા કેટલાક વર્ષોમાં દીની દુન્યવી તાલીમનો વ્યાપ વધ્યો હોવાથી લોકોની આદતો કંઇક અંશે સુધરતી જાય છે જેને પરિણામે લોકો હવે જાહેરમાં ગાળો બોલતાં ખચકાય છે, શરમાય છે. તેમ છતાં ગામડામાં હજી આજે પણ બે જણા કોઇ કારણસર લડી પડે ત્યારે જાણે ગાળોનો વરસાદ વરસે છે. આ બાબતમાં માનવંત શિક્ષકો અને ઉસ્તાદો-ઉલેમાઓએ લોકોની આદત સુધારવા માટે વાયજ-નસિયત દ્વારા પોતાનાથી બનતા પ્રયત્નો કરતા રહેવું જોઇએ.

# ૩

# ભરૂચી વહોરા પટેલ મુખ્યધારા: દશા

*અઝીઝ ટંકારવી*

**વસ્તી:**

કાનમ વિસ્તારના વહોરા પટેલોની વસ્તી આશરે દસેક લાખની છે. તેઓ ભરૂચ, જંબુસર, આમોદ, વાગરા, કરજણ આદિ નગરો ઉપરાંત ટંકારીઆ, કંબોલી, સીતપોણ, પરિયેજ, પારખેત, પગુથણ, વલણ, ઈખર, માંકણ, મેસરાડ, વાંતરસા, કોઠી-વાંતરસા, દયાદરા, નબીપુર, વોરા સમની, અરગામા, આછોદ, મછાસરા, કોલવણા, ખાનપુર, કાવી, ભડકોદ્રા, ઈસ્લામપુર, ટંકારીબંદર, સારોદ, ચાંચવેલ, કરમાડ, મનુબર, વસ્તીખંડાલી, દેવલા, રોઝા ટંકારીઆ, મુલેર, કેશવાણ, કલમ, વહિયાલ, દેત્રાલ, વેસડદા, દહેગામ, વડવા, દસાન, હિંગ્લોટ, ભેંસલી, ખોજબલ, જોલવા, એકસાલ, થામ, વહાલુ, મહુધલા, ત્રાલસાકોઠી, હિંગલ્લા, ઝંઘાર, કરગટ, બંબુસર, સાંસરોદ, હલદરવા, માંચ, ઉપરાલી, ઝનોર, સેગવા, અશુરીઆ, લુવારા, વરેડિયા, કહાન, ઘોડી, પાલેજ, ક્યિા, દીવી, માતર, સાપા, નંદેલાવ, રહાડપોર, ઉમરાજ, શેરપુરા, કાસદ, ભોલાવ, સુડી, સમની, નવેઠા, સલાદરા, સુતરેલ, માંગરોલ, વેડચ, અંભેટા, ઓચ્છણ, પીપલીયા, કંથારીઆ ગામોમાં વસેલા છે. ધંધા રોજગાર અર્થે સ્થળાંતર કરી ગયેલા વહોરા પટેલો ગુજરાતમાં અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત તથા મહારાષ્ટ્રના મુંબઈ શહેરમાં પણ વસેલા છે.

**વ્યવસાય:**

વહોરા પટેલોનો મુખ્ય વ્યવસાય તો ખેતી. ભૂતકાળમાં વહોરા પટેલો કુશળ, મહેનતુ ખેડૂત ગણાતા હતા, પણ પરદેશ જવાનો મોહ અને ખેતી પ્રત્યેની બેકાળજીને લીધે હવે ખેતી અગાઉ જેટલી સમૃદ્ધ રહી નથી.

વહોરા પટેલોમાં ડૉકટરો, ઈજનેરો, અધ્યાપકો, શિક્ષકો છે, પણ વસ્તીના પ્રમાણમાં તેમની સંખ્યા ઓછી ગણાય. જે વહોરા પટેલો નોકરીઓમાં છે તે મોટે ભાગે ત્રીજા-ચોથા વર્ગના કર્મચારી છે. પ્લમ્બર, સુથાર, કડિયા, મિકેનિક, વાયરમેન જેવા કારીગરો ઘણા ઓછા છે. અગાઉ પી.ટી.સી. થઈને પ્રાથમિક શિક્ષકો બનતા તેનું પ્રમાણ પણ હવે ઘટતું જાય છે.

ઘણાં યુવાનો બાંધકામ (construction), રિક્ષા, જીપગાડીઓ તથા માલવાહક ટ્રકો અને ટેમ્પોના વ્યવસાયમાં છે, પણ રાજ્યકક્ષાએ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે ઝાઝી પ્રગતિ કરી નથી.

નોકરીઓ ઉપરાંત વહોરા પટેલો સ્વતંત્ર વેપાર, ધંધાઓ કરે છે. કાપડ, અનાજ કરિયાણા, શાકભાજી, મેડિકલ સ્ટોર્સ ઉપરાંત એજન્સીઓ પણ ધરાવે છે.

પરદેશ જવાના મોહને પરિણામે ઘણાં યુવાનો કારકિર્દીની તૈયારી તરફ દુર્લક્ષ સેવે છે.

**શિક્ષણ:**
આઝાદી પછી વહોરા પટેલોમાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. ૧૯૫૦ પછી ઘણાં ગામોમાં હાઈસ્કૂલો શરૂ થઈ. વહોરા પટેલોના સંચાલન હેઠળની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પણ છે.



સન ૧૯૯૩માં **મુન્શી મનુબરવાલા** મેમોરિયલ ચૅરિટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ ભરૂચમાં વિશાળ **શૈક્ષણિક સંકૂલ** સ્થપાયું. હાલ (૨૦૧૦) આ સંકૂલમાં પૂર્વ-પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણ સુધીની સંસ્થાઓ છે જેમાં આઈ.ટી.આઈ. અને ઈન્ડ્રસ્ટ્રિયલ ટ્રેનિંગ સેન્ટર, મુન્શી મહિલા પી.ટી.સી. અને બી.એડ. કોલેજ, વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત મૂળ ઈખરની ભોદુ ફેમિલી સંચાલિત વલી ચૅરિટેબલ ટ્રસ્ટે મુન્શી ફેમિલીએ દાનમાં

આપેલી ૧૨ એકર જમીનમાં મુન્શી સંકૂલના ભાગરૂપે સ્ત્રી કેળવણી અને ઉચ્ચ શિક્ષણ માટે પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક સ્કૂલોથી લઈ પી.ટી.સી. કોલેજ અને આર્ટ્સ ઍન્ડ કોમર્સ કોલેજ શરૂ કરી છે. મુન્શી ટ્રસ્ટ દ્વારા ગરીબ વિસ્તારોમાં ચાલતી સ્કૂલો અને આ બંને સંકૂલોમાં મળી કુલ ૮,૦૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ આ વટવૃક્ષ સમા શિક્ષણ સંકૂલનો લાભ છે. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને રહેવા માટે હોસ્ટેલની પણ સુંદર સુવિધા છે.

ભરૂચમાં **મૌલાના હબીબુર્રહમાન મતાદાર** સંચાલિત **'ઈકરા'** શૈક્ષણિક સંસ્થાઓ પણ છે, જેનો લાભ મહદ્અંશે આર્થિક દૃષ્ટિએ જરૂરતમંદ બાળકોને મળે છે. મૌલાના મતાદારના સન્નિષ્ઠ પ્રયાસોથી સમાજના વંચિત વર્ગો માટે ઘણી સારી કહી શકાય એવી શૈક્ષણિક અને વ્યાવસાયિક તકો ઊભી થઇ છે. ગરીબો માટે બિન-વ્યાજુ લોનની એક નમુનારૂપ વ્યવસ્થા પણ તેમણે ઊભી કરી છે.

ભરૂચમાં માટલીવાલા ટ્રસ્ટ સંચાલિત અદ્યટન કેન્દ્રીય વિદ્યાલય છે. ઐયુબભાઇ માટલીવાલાએ દોઢેક કરોડ રૂપિયાના ખર્ચે સ્કૂલની નવીનકોર બિલ્ડીંગ બનાવી છે જેમાં અંગ્રેજી માધ્યમ દ્વારા ઉચ્ચ ગુણવત્તાનું શિક્ષણ આપવામાં આવે છે.

વેલ્ફેર હોસ્પિટલ ભરૂચના પટાંગણમાં એક ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ચાલે છે જેમાં ૭૦૦ વિદ્યાર્થીઓ ભણે છે.

શિક્ષણક્ષેત્રે રાજ્ય કક્ષાએ જેમણે નોંધપાત્ર સિદ્ધિ અને નામના મેળવી છે એવા બે વહોરા પટેલ શિક્ષણવિદોમાં કાવીના શબ્બીર મુસા પટેલ અને ટંકારીઆના ડૉ. આદમ મુસા ઘોડીવાલાનો સમાવેશ થાય છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ભરૂચી વહોરા પટેલોની સંસ્થાઓ નથી. હાલની રાજ્ય સરકારની ભેદભાવભરી નીતિને કારણે મુસ્લિમ સંસ્થાઓને ગ્રાન્ટ કે મંજૂરી મેળવવામાં મુશ્કેલી નડે છે. આને પરિણામે મોટી સંખ્યામાં વહોરા પટેલ સમાજના વિદ્યાર્થીઓ મહારાષ્ટ્ર તથા કર્ણાટકની કોલેજોમાં અભ્યાસ માટે જાય છે. કેટલાક સ્ટુડન્ટ વીઝા લઇ બ્રિટન અભ્યાસાર્થે જાય છે.

મુંબઇ, વડોદરા જેવા શહેરોમાં ઉચ્ચ શિક્ષણ માટે ભણવા જતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે હોસ્ટેલની સગવડ ભરૂચી સુન્ની વહોરા સમાજ તરફથી ઉપલબ્ધ નથી. અમદાવાદ ખાતે પટેલ મુસ્લિમ મંડળે હોસ્ટેલ તથા મુસાફરખાનાની સાથે કોમ્પ્યૂટર શિક્ષણની તાલીમ માટેની સગવડ ઉપલબ્ધ કરી છે. ભરૂચ તથા મુંબઇ મુસાફરખાનું ચલાવતી સંસ્થા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન મદદ કરે છે તથા વકતૃત્વ સ્પર્ધાઓ યોજે છે. રાંદેર-સુરત ખાતે મુન્શી મનુબરવાલા હોસ્ટેલ છે જે સારા માર્કસથી પાસ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન ઇનામ તથા થોડીક આર્થિક મદદ ઉપરાંત હોસ્ટેલની સગવડ પૂરી પાડે છે.

**દીની તાલીમ:**

વહોરા પટેલોની વસ્તીવાળાં ગામોમાં બાળકોની ઇસ્લામી તાલીમ માટે મદ્રેસાઓ ચાલે છે. આઝાદી પછી કંથારીઆ, ભરૂચ, થામ, દયાદરા, આમોદ, જંબુસર, વલણ, સિતપોણ અને ટંકારીઆ ખાતે દારૂલ ઉલૂમો થયાં છે. મનુબર તથા ટંકારીઆમાં દીકરીઓ માટેનાં દારૂલ ઉલૂમો છે. આ બધાજ મદ્રસાઓ અને દારુલ ઉલૂમો પોતપોતાની રીતે બાળકોની દીની તાલીમ અને દીને ઇસ્લામના પ્રચાર-પ્રસાર માટે સુંદર કામગીરી બજાવી રહ્યાં છે.

**આરોગ્ય:**

ભરૂચમાં મહમ્મદઅલી કલેકટર અને ધી બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી, ભરૂચની મૅનેજીંગ કાઉન્સિલના સભ્યોની પહેલ અને મહેનતોથી સન ૧૯૯૧માં **ભરૂચ વેલ્ફેર હોસ્પિટલ**ની સ્થાપના થઇ.





આ હોસ્પિટલનું કુશળ સંચાલન **જનાબ મહમ્મદભાઈ ફાંસીવાલા** આજ પર્યંત (૨૦૧૦) કરે છે. ખિદમતે ખલ્કના સિદ્ધાંતને વરેલી અને સારી સુવિધાઓ ધરાવતી આ હોસ્પિટલનો લાભ વહોરા પટેલો ઉપરાંત અન્ય બધી જ કોમોના દર્દીઓ લે છે જેમાંના અનેક ગરીબ દર્દીઓને સંસ્થાના 'બયતુલમાલ ફંડ'માંથી કયાંતો મફત અથવા રાહત દરે સેવા પૂરી પાડવામાં આવે છે.

હોસ્પિટલ ઉપરાંત આ કેમ્પસ પર નર્સિન્ગ કોર્સ અને મેડિકલ લેબોરેટરી ટેકનિશિયન કોર્સ ચાલે છે. અહીં ડેન્ટીસ્ટ્રી, ફાર્મસી અને મેડિકલની કોલેજો તથા વલણના અમેરિકા સ્થિત બેન્કર મુસાભાઇ ડકરીની માતબર સહાયથી એક અદ્યતન રોગ નિદાન કેન્દ્ર (medical research centre) સ્થાપવાની પણ મહમ્મદભાઇની નેમ છે, અને તે માટે કેટલાક સમયથી તેઓ સતત પ્રયત્નશીલ છે.

ભરૂચ વેલ્ફેર હોસ્પિટલ ઉપરાંત નબીપુર, જંબુસર, સારોદ અને વલણ ખાતે નાની હોસ્પિટલો છે. હાલમાં પ્રેસ્ટન, યુ.કે.ની સાલિયા ફેમિલી તરફથી કંબોલી અને પાલેજની વચ્ચે એક અદ્યતન હોસ્પિટલનું નિર્માણ ચાલે છે. એજ પ્રમાણે ઈખરમાં પણ એક નાની હોસ્પિટલનું બાંધકામ ચાલે છે. ભરૂચમાં ટંકારીઆની રંગુન ફેમિલીએ ખાનગી ધોરણે હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થા પ્રસ્થાપિત કરી છે.

**રાજકારણ:**
મુંબઇ રાજ્યમાંથી ગુજરાતના અલગ રાજ્ય માટે ઈન્દુલાલ યાજ્ઞિકે મહાગુજરાતની ચળવળ શરૂ કરેલી. એમના એ કાર્યમાં ગામેગામથી લોકો જોડાયેલા. ભરૂચી સુન્ની વહોરાઓ એમાં પણ પાછળ રહ્યા નથી. જાગૃતિ લાવવા એહમદ વલી પગુથણવાલા જેવા ઘણા લોક સેવકો ઈન્દુલાલ યાજ્ઞિક સાથે ગામેગામ ફરેલા.



આઝાદીના ૬૦ વરસ પછી પણ ભરૂચી સુન્ની વહોરાઓમાંથી કોઇ સાંસદ તરીકે પહોંચ્યા નથી. ૨૦૦૯ની ૧૫મી લોકસભાની ચૂંટણીમાં AICC (અખીલ ભારતીય કોંગ્રેસ કમિટી)ના અધ્યક્ષ તથા UPA (યુનાઇટેડ પાર્ટી એસોસિયેશન)ના પણ અધ્યક્ષ અને સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને સાંસદ ભરૂચ જિલ્લાના પનોતા પુત્ર (ફોટામાં જમણી બાજુએ બેઠેલા) **એહમદભાઇ પટેલે** 'ગુજરાત ટુડે' દૈનિકના તંત્રી તરીકે ૧૮ વરસ સુધી સેવા આપનાર તથા સાહિત્યકાર, કવિ, લેખક એવા **ઉમરજી અહમદ ઉઘરાતદાર (અઝીઝ ટંકારવી)**ને ભરૂચ જિલ્લાના સાંસદ તરીકે ચૂંટાવા કોંગ્રેસની ટિકિટ ફાળવેલી, જેમાં તેઓ તેમના નજીકના ભાજપના ઉમેદવારથી ૨૭ હજાર જેટલા મતે હાર પામ્યા હતા. તેમને ૨ લાખ ૮૪ હજાર જેટલા મતો મળેલા. અગાઉ લખ્યું છે તેમ ભરૂચી સુન્ની વહોરાઓમાંથી કોઇ સાંસદ તરીકે પહોંચ્યા નથી, પણ ધારાસભ્યો તરીકે ચૂંટાયા છે જેમાં કરમાડના મહમ્મદભાઇ ફાંસીવાલા, દેરોલના ઇકબાલભાઇ પટેલ અને રશીદા ઇકબાલ પટેલનો સમાવેશ થાય છે. ટંકારીઆના ગુલામભાઇ ઉમરજી ઘોડીવાલા ભરૂચ તાલુકા પંચાયતના પ્રમુખ હતા.

**રમતગમત:**

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાત ક્રિકેટની રમતનું ગુજરાતમાં પણ ઠેર ઠેર ઘેલું છે. ભરૂચ, ટંકારીઆ, ઇખર જેવાં અનેક ગામો ક્રિકેટ શિલ્ડની હરીફાઇ

રાખે છે. ટંકારીઆના અબ્દુર્રઝ્ઝાક બારીવાલાએ ટંકારીઆ ખાતે ખાનગી 'બારીવાલા ક્રિકેટ કલબ'ની સ્થાપના કરી છે જેમાં રાજ્યકક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટો યોજાય છે. આસપાસના ગામો અને શહેરોમાંથી ક્રિકેટની સંસ્થાઓ, ટીમો એ ટુર્નામેન્ટોમાં ઉલટભેર ભાગ લે છે.

ટંકારીઆના એહમદ અલીભાઇ ઘોડીવાલા આઝાદી પહેલાં રણજી ટ્રોફીમાં રમતા હતા.



ટેસ્ટ અને રણજી ટ્રોફી મેચોમાં એ પછી પણ પટેલ સમાજના યુવાનો ઝળકયા છે ખરા. કંબોલીના રશીદ પટેલ, ઈખરના **મુનાફ પટેલ** (ટેસ્ટ ક્રિકેટર), ટંકારીઆના સલીમ વેરાગી (રણજી ટ્રોફી).

ક્રિકેટ સિવાયની રમતો, તરણ સ્પર્ધા, ચિત્રકળા, કાર્ટૂનિસ્ટ જેવા ક્ષેત્રોમાં પટેલોના યોગદાનમાં શૂન્યાવકાશ છે.

**સમાજસેવાની સંસ્થાઓ:**
આઝાદી પછી ભરૂચી વહોરા પટેલોની જે સૌથી મહત્વની સંસ્થા સ્થપાઇ તે 'બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી'. અગાઉ મુંબઇના વહોરા પટેલોએ સહાય કાર્યો માટે ભરૂચ જિલ્લા રાહત કમિટીની રચના કરેલી. એનું કાર્યક્ષેત્ર વિસ્તારી ૧૯૫૬માં બોમ્બે પટેલ વેલ્ફેર સોસાયટી અસ્તિત્વમાં આવી. અહમદ પટેલ દસાનવાલા (ઍડવોકેટ) મંત્રીપદે હતા ત્યારે મુંબઇમાં પટેલ મુસાફરખાનાની યોજના બની અને વહોરા પટેલોના સાથસહકારથી નાગપાડા વિસ્તારમાં આલીશાન પટેલ મુસાફરખાનાનું નિર્માણ થયું.

આજે પણ આ મુસાફરખાનું જનાબ મહમ્મદ દલાલ સાંસરોદવાલાના કાર્યદક્ષ માર્ગદર્શન હેઠળ હાજીઓને, પરદેશ જતા-આવતા સફરી ભાઇ બહેનોને તથા કામધંધા અર્થે મુંબઇ આવતા વહોરા પટેલોને સરસ સુવિધા પૂરી પાડે છે.

આ સિવાય ઘણા ખરા ગામોમાં ગામની સોસાયટીઓ - સેવાભાવી સંસ્થાઓ છે જે નાને મોટે પાયે ગામના વિકાસ માટે સમાજ સેવાનાં કામ

કરે છે. પણ સમગ્ર ભરૂચી સુન્ની વહોરાઓના શૈક્ષણિક, સામાજિક કે આર્થિક ઉત્થાન માટે કામ કરે એવી એક પણ અમ્બ્રેલા સંસ્થા નથી, જે રીતે મેમણ જમાત કે અન્ય ભાઈબંધ કોમ પાસે અમ્બ્રેલા સંસ્થાઓ છે. સમગ્ર ભરૂચ જિલ્લાના સુન્ની વહોરાઓના સર્વાંગી વિકાસ માટે કામ કરે એવી એક અમ્બ્રેલા સંસ્થા હોય અને એની સાથે ગામ વિકાસની કે અન્ય સંસ્થાઓ જોડાયેલી હોય તો ૨૧મી સદીના હવે પછીનાં વર્ષોમાં ઉમદા પ્રગતિ ભરૂચી સુન્ની વહોરા (પટેલો) કરી શકે એમાં બે મત નથી.

**સાહિત્ય:**

ભરૂચી સુન્ની વહોરાઓનું સાહિત્ય ક્ષેત્રે યોગદાન છે. સાહિત્યકારોમાં પરિયેજના અભરામ ભગત, ઈબ્રાહીમ દાદાભાઈ બેકાર (ખાનપુર, જિ. ભરૂચ), ખુશ્બોની હિજરત નવલકથાના લેખક વલીભાઈ પટેલ (વહાલુ), સારોદના વલી સુલેમાન પટેલ, યુસુફ અશરફ (વહાલુ), ટંકારીઆના મજનૂ દેડકાનો સમાવેશ થાય છે. ટંકારીઆના મુસ્તુફાબાદીએ આફ્રિકામાં પોતાનું સાપ્તાહિક શરૂ કરેલું. બેકાર સાહેબે ‘ઇન્સાન’ અને ‘પટેલ મિત્ર’, તો અઝીઝ ટંકારવીએ ૧૯૭૫માં ‘પરવાઝ’ નામનું સામયિક શરૂ કરેલું. એ સિવાય ‘પયગામ’ (ઇસાભાઈ કાવીવાલા) અને ‘કલમ’ શરૂ થયેલાં.



અમદાવાદથી છેલ્લા બે દાયકાથી પોતાની આગવી સંસ્કારી પ્રતિભા સાથે પ્રગટ થતા **'ગુજરાત ટુડે' દૈનિક**માં પણ પ્રારંભથી લઇ અત્યાર સુધી ભરૂચી વહોરા પટેલોનો દામે-દિરહમે, કલમે-સુખને સિંહફાળો રહ્યો છે જેના થકી ગુજરાતના મુસ્લિમોનું પોતાનું કહી શકાય એવું એક અખબાર હોવાનું સ્વપ્ન સાકાર થઇ શકયું છે.

**બેકાર સાહેબ પછીની પેઢીના મુખ્ય સાહિત્યકારો:**
સર્વશ્રી અદમ ટંકારવી, અઝીઝ ટંકારવી, કદમ ટંકારવી, મહેક ટંકારવી, ઝાકીર ટંકારવી, ઈકબાલ ઉઘરાદાર, દાઉદ ખાંધીયા, પ્રેમી દયાદરવી, સિરાજ પટેલ પગુથણવી, જિગર નબીપુરી, ઇબ્રાહીમભાઇ છેલા, હારૂન પટેલ (કોઠી વાંતરસા), સૂફી મનુબરી, બાબર બંબુસરી, પથિક સિતપોણવી, પ્રેમી ઝંઘારવી, ટંકારીઆના યાકુબ મુકરદમ, સારોદના મ.સુ.કારભારી, રફઅત કાવીવાળા વગેરે.

ટંકારીઆની ભૂમિના સાહિત્યકારો વિશે ભગવતીકુમાર શર્માએ અઝીઝ ટંકારવીના સંગ્રહ 'ગઝલના ગુલમહોર'માં તેમની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે "ગુજરાતી ગઝલનો ઇતિહાસ લખનારે રાંદેર, ટંકારીઆ સહિતના કેટલાક સ્થળ વિશેષોના ગઝલ પ્રદાનની નોંધ લેવી પડશે. ગુજરાતી ગઝલના ઘડતર અને વિકાસમાં મુસ્લિમ શાયરોનું પ્રદાન પણ માતબર છે. ગુજરાતી ગઝલ સદૈવ તેમની ઋણી રહેશે."

ટંકારીઆમાં ૨૦૧૦માં ઐયુબભાઇ મિયાંજી (કેનેડા) તથા ઇકબાલભાઇ ઘોરીવાલા (યુ.કે.)ના પ્રોત્સાહનથી મરહુમ ઇબ્રાહીમભાઇ નાથલિયાની યાદમાં વડોદરાના ડૉ. રશીદ મીરના સંચાલન હેઠળ યોજાયેલા મુશાયરામાં તેમણે કહેલું કે: "ગુજરાતી સાહિત્ય ટંકારીઆના સાહિત્યકારોના પ્રદાનના ઉલ્લેખ વગર અધૂરું જ ગણાય." ટૂંકમાં ભરૂચી સુન્ની વહોરાઓની યુવા પેઢીને ફરી એકવાર સાહિત્ય સાથે જોડવાની પ્રવૃત્તિ પર શૈક્ષણિક સંસ્થાઓ, સેવાભાવી લોકો ધ્યાન આપે તો ગુજરાતી સાહિત્યની દુનિયામાં સીમાચિહ્નરૂપ સર્જકો નીવડી શકે છે.

પરિયેજના ઇસ્માઇલ ઘડિયાળી અને ભરૂચમાં ફઝલ પટેલ દીની તેમજ સામાજિક જાગૃતિ માટેનાં અવાર નવાર પ્રકાશનો કરે છે.

ધાર્મિક કિતાબોના પ્રકાશન ઉપરાંત દારૂલ ઉલૂમ, કંથારીઆ તરફથી 'દારૂલ ઉલૂમ', અંજુમને ઈમ્દાદુલ મુસ્લિમીન, ભરૂચ તરફથી દીની-સામાજિક તેમજ અન્ય બાબતોની ચર્ચા-વિચારણાને પ્રાધાન્ય આપતું 'અંજુમન વૉઈસ' (તંત્રી મવ. હબીબુર્રહમાન મતાદાર), ટંકારીઆથી 'સચ્ચાઈ' (તંત્રી મવ. ઈસ્માઈલ ભૂતા) અને 'રૂહાની પયગામ' (તંત્રી હાજી મહંમદ માસ્તર ટંકારવી), દયાદરાથી 'બરકાતે ખ્વાજા' (તંત્રી પટેલ શબ્બીર અલી રઝવી), થામથી 'અલ મુઈન' (તંત્રી ઈસ્માઈલ એમ.હાફેજ) તથા દાઉદ પટેલ કંબોલીવાલાએ શરૂ કરેલું 'મુજાહિદ', દયાદરાના ઘંટીવાલા હાજી અલીભાઈએ શરૂ કરેલું 'નૂરાની ફયઝાન' વગેરે સામયિકો. નબીપુરના મરહુમ ઈસ્માઈલ હાફેઝી 'તયબાહ' માસિકના સહ-તંત્રીપદે થોડોક સમય રહેલા.

**રીતરિવાજો અને પહેરવેશ:**
આઝાદી પહેલાંના રીતરિવાજોમાં વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજોનું પ્રમાણ વધુ હતું જેમાં કાળક્રમે શિક્ષણ, પ્રવાસ તેમજ સૂઝ સમજ આવતાં ઘટાડો થયો. દા.ત. શાદી-લગ્ન પ્રસંગે મંડપની પહેલી વળી જમીનમાં મૂકે તેમાં શુકન તરીકે સોપારી-પૈસા નાંખે અને એ વળીને લાલ પીળો જાડો દોરો બાંધે.વરરાજા (દુલ્હો) કાળું કપડું, ટોપી કે કાળા જોડા પહેરે તો અપશુકન થાય એવી માન્યતા પણ એકાદ બે દાયકા પહેલાં જ નિર્મૂળ થઈ. જો કે હજી પણ કેટલીક જગ્યાએ આ માન્યતાનું પાલન થતું હોય છે.

ઉંમર લાયક સ્ત્રીઓ સાડી-કબજો પહેરતી હતી તે આ લખનારે પણ બરાબર જોયેલું. પછી કાળક્રમે સાડી-કબજાને બદલે મર્યાદાવાળો ઈસ્લામિક પહેરવેશ અમલમાં આવ્યો. મોટી ઉંમરના પુરુષો માથે પાઘડી બાંધતા, કેટલાક થેપાળું પણ પહેરતા, જે સમય જતાં ખમીસ-લેંઘા પહેરતા થયા.

આજથી ૪૦-૪૫ વરસ પહેલાં મારા મહોલ્લામાં મૃત્યુ પ્રસંગે સ્ત્રીઓને છાજિયા લેતાં મેં જોયેલી. આ દૃશ્ય તે વેળા સામાન્ય ગણાતું. એજ રીતે લગ્નગીતો, પીંઠી, નારિયેળ, ફૂલેકાં, કવ્વાલી, નાચગાન, ભૂગળો-ઢોલક વગાડવું, ભવાઈ વગેરે ગામેગામ થતી જેમાં મુસ્લિમો પણ જોડાતા.

ટંકારીઆ, કારેલા જેવાં અનેક ગામોમાં **ભવાઇ** થતી. હું પોતે ભવાઇ જોવા સાંભળવા ગયેલો. મને યાદ છે ત્યાં સુધી ટંકારીઆમાં વલી માંચવાલા, ગુલામભાઇ સુતરિયાને ભવાઇમાં ભાગ લેતાં જોયેલા.



**ધાર્મિક માન્યતાઓ:**
ભરૂચી સુન્ની વહોરાઓ સુન્ની હનફી છે. એમનામાં કાળક્રમે ફિરકા થયા. દેવબંદી, સુન્ની-બરેલવી અને હવે રઝવી, અશરફી. ધીરે ધીરે મસ્જિદો, મદ્રસા પણ અલગ થયા, પણ સામાજિક આદાન-પ્રદાન, રોટી-બેટી વ્યવહાર આજેય મજબૂત છે. ફિરકા થયા તે વેળા ધાર્મિક ઝઘડા થયા, કોર્ટ કચેરીઓ સુધી પણ મામલા પહોંચેલા, પણ અત્યારે મોટે ભાગે સૌ પોતપોતાની રીતે પોતાની માન્યતા પાળે છે.

# ૪
# ભરૂચી વહોરા પટેલ સમાજ: દિશા
*અઝીઝ ટંકારવી*

આપણા સમાજ વિષે શકય એટલી માહિતી એકત્રિત કરી આ પુસ્તકમાં એની રજૂઆત કરતા હતા તે દરમિયાન સમાજના કેટલાક હિતચિંતકો તરફથી એવું સૂચન થયું કે સમાજની વર્તમાન સમસ્યાઓ અને તેના ઉકેલોની પણ વહોરા પટેલોના ઈતિહાસના આ ગ્રંથમાં ચર્ચા કરવામાં આવે.

આ સૂચનના સન્દર્ભે અમે સમાજના હમદર્દો, બૌદ્ધિકો અને વિચારશીલ ભાઈઓ સાથે ચર્ચા કરી. તેમની દ્દષ્ટિએ આપણા સમાજની વિવિધ ક્ષેત્રોમાં કઈ સમસ્યાઓ છે, અને જે તે ક્ષેત્રમાં વધુ સારાં પરિણામો મેળવવા તથા તે ક્ષેત્રને વધુ વિકસાવવા શું કરી શકાય? એવા પ્રશ્નો પૂછી તેમનાં મંતવ્યો પ્રાપ્ત કર્યાં, જે હવે પછીનાં પૃષ્ઠોમાં પ્રસ્તુત છે.

અહીં જે મંતવ્યો તથા ઉકેલો રજૂ થયા છે તે સમાજની ઉન્નતિ માટે નિસ્બત (concern) ધરાવતા તથા સમાજના હિતની ખેવનાવાળા થોડા ભાઈઓ તરફથી અમને પ્રાપ્ત થયાં છે. સમાજમાં આના ઉપયોગ તથા અમલીકરણ બાબત નીચે જણાવેલ મુદ્દા ધ્યાનમાં રાખવા વિનંતી છે.

અહીં રજૂ થયેલ વિચારો માત્ર મંતવ્યો, અભિપ્રાયરૂપે છે. વળી તે સમાજના અમુક ભાઈઓનાં દ્દષ્ટિબિંદુ છે. એ જ રીતે અહીં આપેલ ઉકેલો કેવળ દિશાસૂચનરૂપે છે. આપણો હેતુ નિરર્થક વાદવિવાદ ઊભો કરવાનો નહીં, પણ સમાજનું હિત સાધવાનો છે.

કોઈને એમ લાગે કે અહીં ઉલ્લેખ થયો છે એવી કોઈ સમસ્યા સમાજમાં છે જ નહીં તો જે તે મંતવ્યને રદબાતલ માની કોરાણે મૂકે, ignore કરે.

કોઈને એમ જણાય કે, અહીં જે સમસ્યાની ચર્ચા થઈ છે તેનું સ્વરૂપ આવું નહીં પણ જુદું છે, તો એ જે તે સમસ્યાને પોતાની રીતે તપાસે. એવી રીતે કોઈને અહીં સૂચવેલ ઉકેલ કરતાં બીજો વધુ સારો, અસરકારક ઉકેલ સૂઝે તો તે રીતે આગળ વધે.

અહીં રજૂ થયેલ મુદ્દા સમ્પૂર્ણ છેવટના (final) છે કે સમાજમાં કોઈના માટે બંધનકર્તા (binding) છે એવું નથી. આ મુદ્દાઓ સમાજમાં ચર્ચાવિચારણા અને વિચાર વિમર્શની પ્રક્રિયા શરૂ થાય તે માટે માર્ગસંકેત (guidelines) તરીકે છે. મુખ્ય હેતુ તો સમાજમાં આપણી દશા-દિશા વિષેની સભાનતા જાગે, અને વિચાર વિનિમય (consultation)ની પ્રક્રિયા શરૂ થાય તેવો છે. દરેક ક્ષેત્રે હાલની પરિસ્થિતિનો અભ્યાસ થાય, તેનું મૂલ્યાંકન થાય અને વધુ સારાં પરિણામો મેળવવા માટે જરૂરી ફેરફારો થાય તે છે. કોઈ પણ સમાજ માટે જૈસે થે - યથાવત્ સ્થિતિ (status quo) હિતાવહ નથી. સમાજની ગતિવિધિનું નિરીક્ષણ કરી, તેમાં પેઠેલ દૂષણો ઓળખી તેની સાફસૂફી માટે પ્રયાસો થતા રહે તો સમાજ સ્વસ્થ રહી વિકાસ સાધી શકે. આમ ન થાય તો સમાજ પર પછાતપણાનું લેબલ લાગે અને સ્પર્ધાના આ યુગમાં આગળ વધવાની તકોથી સમાજ વંચિત રહે.

અહીં રજૂ થયેલ મુદ્દાઓના આધારે જે ચર્ચાઓ શરૂ થાય તેમાં સમાજની પ્રત્યેક વ્યક્તિ જોડાય તે શકય નથી. પણ જે તે ક્ષેત્રમાં રસ ધરાવતા અને તે ક્ષેત્ર સાથે સંકળાયેલા થોડા માણસો ભેગા થાય, મુદ્દાઓની ચર્ચા કરે, એમાં યોગ્ય ફેરફારો, સુધારાવધારા કરે, અમલ માટે કાર્યઆયોજન (action plan) કરે-બનાવે અને નાના પાયે પ્રવૃત્તિ શરૂ કરે તો સમાજમાં જાગૃતિ આવે અને કાળક્રમે વધુ લોકો સમાજ સુધારણાના આ અભિયાનમાં જોડાય. આપણી કોમના અગ્રણીઓ, સંસ્થા સંચાલકો, હિતચિંતકો અને સમાજસેવકોને આ દિશાસૂચન ઉપયોગી થશે એવી અપેક્ષા છે.

### ૧. સમસ્યાઓના સ્વરૂપની ઓળખ (identifying the problems)

કોઈ પણ જીવંત, વિકાસશીલ સમાજે સમસ્યાઓનો સામનો કરવો પડે જ છે. આપણે સૌ પ્રથમ તો સમસ્યા છે તે સ્વીકારવું પડે, તે પછી તેનું સ્વરૂપ (nature of the problem) સમજવું પડે, ચર્ચાવિચારણા દ્વારા તેનાં કારણો શોધવાં પડે, એ કારણો દૂર કરવાના ઉપાય યોજવા પડે. આધુનિક યુગમાં જે સમાજમાં સમસ્યા હલ કરવાની સૂઝસમજ, ક્ષમતા (problem solving ability) નથી હોતી તે સમાજ પછાત રહે છે, પરાવલંબી બને છે અને કાળક્રમે તેનું અસ્તિત્વ જોખમાય છે.

સૌ પ્રથમ સમસ્યાઓ પ્રત્યે આપણા સમાજનું વલણ (attitude) અને તે સન્દર્ભે આપણો અભિગમ (approach) તપાસવાની જરૂર છે. સમસ્યા લાંબા સમય સુધી હલ થયા વગર રહે તો તે સમાજના કોઠે પડી જાય છે. સમાજ સમસ્યા સાથે જ જીવવાનું સ્વીકારી લે છે. લોકોને એ સમસ્યા કઠતી નથી, જેમકે ગરીબી. સમાજમાં મોટા ભાગના લોકો ધંધારોજગાર વગરના ગરીબીમાં જીવતા રહે તો લોકો ગરીબીને સમસ્યા ગણતા નથી. તેઓ માનતા થાય છે કે, ગરીબી તો સમાજમાં છે જ. એનું શું થાય? આમ સમાજ ગરીબીમાં સપડાય જાય છે (poverty trap). આપણા સમાજમાં એવી ઘણી સમસ્યાઓ છે જેને લોકો સમસ્યા ગણતા જ નથી અને તેથી તેના ઉકેલ માટે કોઇ પ્રયત્ન થતા નથી. આને સમસ્યા પ્રત્યે શાહમૃગીય વૃત્તિ કહેવાય. જેમ શાહમૃગ રેતીમાં પોતાનું મોંમાથું સંતાડી દઇ એવું માને છે કે, તોફાન આવતું જ નથી તેમ મોટા ભાગના લોકો સમસ્યા તરફ દુર્લક્ષ્ય સેવી એવા ભ્રમમાં રાચે છે કે, આપણા સમાજમાં કોઇ સમસ્યા નથી. સમાજની સુખાકારી અને પ્રગતિ માટે આપણું આ વલણ બદલવાની અનિવાર્ય પૂર્વશરત છે. અલ્લાહ તઆલા ફરમાવે છે:

*નિ:શંક, જ્યાં સુધી લોકો પોતે ન બદલે ત્યાં સુધી અલ્લાહ કદી તેમની સ્થિતિ બદલશે નહીં.* (કુરઆન ૧૩:૧૧)

*ખુદાને આજ તક ઉસ કૌમકી હાલત નહીં બદલી*
*ન હો એહસાસ જીસકો અપની ખુદ હાલત બદલનેકા*

એટલે સમાજની સમસ્યાઓ પ્રત્યે આંખમીંચામણાં કે ઢાંકપિછોડો કરવાનું આપણું વલણ બદલવું પડશે. સમસ્યા છે તે તથ્ય સ્વીકારી એના ઉકેલ માટે સન્નિષ્ઠ પ્રયત્નો કરવા પડશે.

૨. **હકીકતો અને આંકડાકીય માહિતી (data)**

સમસ્યા સમજવા અને તેનો ઉકેલ પ્રયોજવા આપણી પાસે સમાજ વિષે પાકી માહિતી જોઇએ. બધું અડસટ્ટે ન ચાલે. વહોરા પટેલ સમાજનું સર્વેક્ષણ (survey) કરી જરૂરી વિગતો મેળવવી પડે.

આપણી કુલ વસતી, સરકારી નોકરીઓમાં પ્રમાણ, સ્વતંત્ર ધંધાઓમાં કેટલા, માથાદીઠ આવક, શિક્ષણનું પ્રમાણ, ગરીબીરેખા નીચે કેટલાં કુટુંબો આદિ દરેક ક્ષેત્રે સમગ્ર કોમ વિષે આંકડા / માહિતી એકત્રિત કરી તેને ટેબલો - કોઠામાં ગોઠવી કમ્પ્યૂટરમાં સ્ટોર કરી શકાય. આને આધારે આપણા સમાજની વર્તમાન સ્થિતિનો ખ્યાલ આવે અને વિકાસ માટેનું કાર્ય આયોજન (action plan) થઇ શકે. આવી પાકી માહિતી વગર આડેધડ જે વિકાસ યોજનાઓ બને તેનું પૂરું વળતર (value for money) સમાજને મળે નહીં અને સમય, શક્તિ, નાણાનો વ્યય થાય.

**૩. કોમી રમખાણોની સમસ્યા અને આપણે**

આપણે ઇચ્છીએ છીએ કે, આપણા જિલ્લામાં, રાજ્યમાં, રાષ્ટ્રમાં હંમેશાં સુલેહશાંતિનું વાતાવરણ રહે અને વિવિધ કોમો સુમેળથી જીવે. પણ દુર્ભાગ્યે આપણી આસપાસ એવાં તત્વો હોય છે જે વિવિધ કોમો વચ્ચે વૈમનસ્ય, વેરભાવ ઊભાં કરે, નફરત ફેલાવે અને હિંસા આચરે. ભારતમાં અન્ય ઠેકાણે તેમ અહીં ગુજરાતમાં પણ મુસ્લિમ વિરોધી રમખાણો થાય છે તે કડવું તથ્ય છે, અને આપણા માટે આ સમસ્યા છે.

આપણા શ્રદ્ધા-ઈમાન, જાન, માલ પર કોઇ હુમલો કરે, આપણને ઈજા પહોંચાડે કે આપણી મિલ્કતો લૂંટે, બાળે, નાશ કરે તો તેની સામે આપણું રક્ષણ કરવું એ આપણો ધાર્મિક અને માનવ અધિકાર (human right) પણ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ આપણો આ હક માન્ય રાખે છે.

ભારતનું બંધારણ પણ આપણને ધાર્મિક સ્વાતંત્ર્ય તથા જાન, માલના રક્ષણનો અધિકાર આપે છે.

મુસ્લિમ વિરોધી રમખાણોને ગુજરાતી સમાજનું કલંક અને દૂષણ ગણી એને દૂર કરવા અને આપણા આત્મ રક્ષણ માટે ભેગા મળી વિવેકબુદ્ધિપૂર્વકનું આયોજન કરવા સામુહિક પ્રયત્નો કરવા જોઇએ. આ સમસ્યા સમગ્ર મુસ્લિમ સમાજની હોઇ ભરૂચી મુસ્લિમ વહોરા પટેલોએ પણ અલિપ્ત રહેવાને બદલે અથવા એ આપણી સમસ્યા

નથી એમ માની નચિંત બની બેસી રહેવાને બદલે દૂષણને દૂર કરવાના રચનાત્મક ઉપાયોમાં પોતાનું યોગદાન આપવું જોઈએ.

(ક) સૌ પ્રથમ, રમખાણોનું સ્વરૂપ (pattern) સમજવા રમખાણો વિષેની પૂરી માહિતી એકત્રિત કરવી જોઈએ. ગુજરાત રાજ્યના સ્થાપના કાળથી આજ પર્યંત કેટલાં રમખાણો થયાં, કયાં કયાં અસર થઈ, જાન હાનિ કેટલી, મિલ્કતોને કેટલું નુકસાન, રમખાણનું કારણ, કેટલા કેસ થયા, કેસોનું શું પરિણામ આવ્યું, આદિ વિગતો ભેગી કરી તેનો અભ્યાસ કરીએ તો રમખાણોની ગતિવિધિ સમજાય અને આત્મરક્ષણની યોજના બની શકે.

(ખ) કોમી રમખાણો પાછળ મુસ્લિમદ્વેષી વિચારસરણી રહેલી છે. ગુજરાત રાજ્યમાં ઈસ્લામવિરોધી (Islamophobic) સંસ્થાઓ છે. આ સંસ્થાઓની વિચારસરણી અને તેમની પ્રવૃત્તિઓની નોંધ રાખવી. જિલ્લામાં આ સંસ્થાઓ સાથે સંકળાયેલા કાર્યકરોને ઓળખવા, તેમના વિષે પૂરી માહિતી મેળવવી અને તેમની પ્રવૃત્તિઓ પર નજર રાખવી. તેઓ કોઈ મુસ્લિમ વિરોધી યોજના ઘડી રહ્યા હોય તો તે પ્રત્યે સજાગ રહેવું.

(ગ) વર્તમાનપત્રો, સામયિકો, સમૂહ માધ્યમો પર ધ્યાન રાખવું. મુસ્લિમવિરોધી અહેવાલો, અફવાઓ, અયોગ્ય ટીકાઓ, ઉશ્કેરણીજનક લખાણો પ્રગટ થાય તેની નોંધ રાખવી. કટીંગ રાખવાં (media monitoring). દ્વેષયુક્ત કે ઉશ્કેરણીજનક લેખ પ્રગટ થાય કે તરત સ્વસ્થ, વિવેકી ભાષામાં પ્રતિભાવ લખવા.

મુસ્લિમ વિરોધી માનસ ધરાવતા કટારલેખકો કે ચર્ચાપત્રીઓ વિષે, તેમની પશ્ચાદ્ભૂમિકા (background) વિષે, પ્રવૃત્તિઓ વિષે માહિતી મેળવવી. આ લોકો પૂર્વગ્રહયુક્ત, કોમવાદી, સંકુચિત દષ્ટિવાળા, મુસ્લિમદ્વેષી છે એવાં દષ્ટાંતો સાથે લખાણો દ્વારા એમની વિશ્વસનીયતા (credibility) ખતમ કરવી.

આ બધું કાયદાની હદમાં રહીને જ કરવું. સમાજના ચોક્કસ સમૂહ સામે હિંસા ભડકાવવાના આશયથી પ્રગટ કરેલા લખાણ માટે

વકીલની સલાહ લઈ આવા વર્તમાનપત્ર, સામયિક પર અવારનવાર કેસ કરી ન્યાય માંગવો.

(ઘ) રમખાણ દરમિયાન પોલીસની કામગીરીની નોંધ રાખવી. શક્ય હોય ત્યાં ફોટા લેવા. પોલીસની કામગીરી ભેદભાવયુક્ત હોય તો ઉપલા અધિકારીને અરજી કરવી, કલેકટરને આવેદન આપવું, ધારાસભ્યો સમક્ષ રજૂઆત કરવી.

(ચ) કાયદો હાથમાં લેવો નહીં કે કાયદાનો ભંગ કરવો નહીં. પણ મુસ્લિમો પર જે જુલ્મ થયો હોય તેની સામે ન્યાય મેળવવા તથા અપરાધીઓને સજા કરાવવા કાયદેસરની જે કારવાહી હોય તે કરવી. આના ખર્ચને પહોંચી વળવા સમાજનું એક ફંડ ઊભું કરવું કેમકે ભોગ બનેલ વ્યક્તિ આટલો ખર્ચ વેઠી શકે નહીં.

કાયદેસરની કારવાહી માટે વહોરા પટેલ સમાજના બધા જ વકીલોનું એક સંગઠન રચવું. આ વકીલો સેવાભાવે, વાજબી ફી લઈ રમખાણને લગતા કેસો લડે એવી વ્યવસ્થા ઊભી કરવી.

(છ) રમખાણ દરમિયાન મુસ્લિમોને થયેલા નુકસાનના આંકડા પ્રાપ્ત કરવા, ફોટા લેવા, વર્તમાનપત્રોના અહેવાલો ભેગા કરવા અને આ બધી સામગ્રીની ફાઈલ બનાવી રાજ્યમાં, દેશમાં અને રાષ્ટ્રસંઘ સુધીની માનવ અધિકાર માટે લડતી સંસ્થાઓને મોકલવી. ડાંગમાં ખ્રિસ્તી વિરોધી રમખાણ થયું તેમાં દેવળો બાળ્યાં તેના ફોટા, અહેવાલો દુનિયાભરની માનવ અધિકારવાદી સંસ્થાઓને મોકલાયા તેની ધારી અસર થયેલી.

(જ) રમખાણ પછી શાંતિ સ્થપાય કે તરત બનાવો અને નુકસાનની જાતતપાસ માટે કમિટી નીમવી. રૂબરૂ મુલાકાતો લઈ, ફોટા પાડી, ભોગ બનેલાં સાથે વાતચીત કરી અહેવાલ તૈયાર કરવો. જિલ્લા કે રાજ્ય કક્ષાએ કોમના અગ્રેસરોની મિટિંગ ગોઠવી તેમાં અહેવાલની ચર્ચા કરવી, અને કાયદાકીય કારવાહી વિષે વિચારવું. રાહતકાર્ય માટેની યોજના કરવી.

(ઝ) કોમી રમખાણો માત્ર વહોરા પટેલોની સમસ્યા નથી. એ તમામ લઘુમતીઓ અને ગરીબો, વંચિતોની સમસ્યા છે. કોમી રમખાણો અંગે ગુજરાતના મુસ્લિમોની તમામ જમાતો સાથે આત્મરક્ષણની યોજના બનાવવી.

(ટ) ગુજરાતમાં ખ્રિસ્તી કોમને પણ આ સમસ્યા પજવે છે. ખ્રિસ્તી આગેવાનો સાથે મળી ચર્ચાવિચારણા કરવી, અને એકમેકના સહકારથી આ અનિષ્ટનો પ્રતિકાર કરવા માટેની યોજના ઘડવી.

(ડ) ઘણા ગેરમુસ્લિમ સજ્જનો બિનસાંપ્રદાયિક વિચારસરણીના અને ઉદારમતવાદી છે. કોમી રમખાણો વખતે તેઓ મુસ્લિમોની પડખે ઊભા રહે છે. હિંસાચારને વખોડે છે. માનવ અધિકારના જતન માટે મુસ્લિમ પીડિતો સાથે રહી કોર્ટોમાં કેસો લડે છે. રાહત કાર્યોમાં સહાય કરે છે. કોમના આગેવાનો તથા સમાજસેવકોએ આવા મિત્રોના સમ્પર્કમાં રહી તેમની પ્રવૃત્તિઓમાં સાથસહકાર આપવો જોઈએ.

પ્રત્યેક રમખાણ પછી કેટલીક વ્યક્તિઓ અને સંસ્થાઓ ચંદા ઉઘરાવવા નીકળે છે. તેઓ રમખાણોનો ભોગ બનેલ મુસ્લિમોની દયાજનક સ્થિતિનો લાભ ઉઠાવે છે. આ ચંદાઓમાંથી તેઓ કપડાં, ખોરાક વહેંચે છે અને થોડાં મકાનો અહીં તહીં બનાવી આપે છે. આ જરૂરી છે પણ પૂરતું નથી. આવી સંસ્થાઓએ ભોગ બનેલાં વતી કાયદેસર કારવાહી હાથ ધરી કોર્ટ કેસો કરવા જોઈએ. પોલીસે જુલ્મ કર્યો હોય તો વિરોધ સરઘસોનું આયોજન કરી આવેદન આપવાં જોઈએ. અભણ, ગરીબ, નિરાધાર લોકોની પીડાને વાચા આપી સરકાર સુધી પહોંચાડવી જોઈએ. મુસ્લિમોના હિતોનું રક્ષણ કરવા ઈચ્છતી અને મુસ્લિમો પાસેથી ઉઘરાવેલી ચંદા પર નભતી આ સંસ્થાઓએ સલામત કોચલામાંથી બહાર આવી મુસ્લિમ વિરોધી હિંસાચારનો સામનો કરવા લાંબા ગાળાની યોજના બનાવી તેનો અમલ કરવો જોઈએ. રમખાણ પછી ફૂટી નીકળી થોડાં છૂટાંછવાયાં રાહતકાર્યો કરવાથી આ સમસ્યાનું નિરાકરણ આવશે નહીં.

## ૪. આર્થિક માળખું

ભૂતકાળમાં વહોરા પટેલો વિષેનાં લખાણોમાં એવા ઉલ્લેખ મળે છે કે, વહોરા પટેલો ઉદ્યમી, મહેનતુ અને સ્વાશ્રયી છે. મુંબઈ સરકારના ૧૮૭૭માં પ્રસિદ્ધ થયેલ ગેઝેટિયરમાં વહોરા પટેલો વિષે નીચે મુજબ માહિતી આપી છે:

*"ભરૂચ જિલ્લાનાં ગામોમાં વહોરાઓ મોટી સંખ્યા ધરાવે છે. તેઓ ઘણા કુશળ અને મહેનતકશ ખેડૂતો છે. તેમની સ્ત્રીઓ ચપળ, ઉદ્યમી, વાચાળ અને રૂપરંગે દેખાવડી છે. સ્ત્રીઓ સુંદર રીતે ભરતકામ અને વણાટકામ કરે છે અને ખેતરોમાં મદદ કરે છે."*

(ક) ઉપરોક્ત વર્ણનમાં 'ઉદ્યમી' અને 'મહેનતકશ' શબ્દો સમાજની કામધંધા પ્રત્યેની રૂઢિ (work culture)નો સંકેત કરે છે. સમાજના મોટા ભાગના લોકો ખેતીકામ કરતા અને સ્ત્રીઓ ખેતીકામમાં મદદ ઉપરાંત ગૃહઉદ્યોગો પણ કરતી. આમ સમાજમાં મહેનત અને પરિશ્રમનું વાતાવરણ હતું.

આજે ધંધારોજગાર અને પરિશ્રમ સંદર્ભે આપણા સમાજનું વલણ તપાસવાની જરૂર છે. સમાજમાં જો આળસ, પ્રમાદ, બેકારી, મહેનત વગર પૈસો મેળવવાની વૃત્તિ દેખાય તો તે દૂર કરી યોગ્ય કામઢી, કામગરી સંસ્કૃતિ ઊભી થાય એવા પ્રયત્નો કરવા જોઈએ.

મૌલાના હસન ભડકોદ્રવી સાહેબે આપણા સમાજની આ સમસ્યાની વિશદ ચર્ચા 'જાતમહેનત: આર્થિક પ્રગતિની ચાવી' (૧૯૯૬) નામક પુસ્તિકામાં કરી છે અને બેકારી. ગરીબી નિવારણ માટેનો ઈસ્લામી માર્ગ પણ ચીંધ્યો છે. મૌલાના હદીષનો બોધ ટાંકી લખે છે કે:

*"હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) પોતાની ઉમ્મતને મહેનતુ, હુનરમંદ અને ઉદ્યમી જોવાનું પસંદ ફરમાવતા હતા."*

મૌલાના હસન સાહેબે ઉદાહરણો સાથે સમજાવ્યું છે કે, તવક્કુલનો અર્થ એવો નથી કે માણસ હાથપગ જોડી, શ્રમ મહેનત કામકાજ કર્યા વગર એવું માની બેસી રહે કે અલ્લાહ તેને રોઝી પહોંચાડી દેશે. નેક મુસ્લિમે ઈબાદતની સાથે પોતાના અને કુટુંબના ગુજરાન માટે હલાલ આજિવિકા પણ રળવાની છે. દષ્ટાંત રૂપે મૌલાના હસન સાહેબ લખે છે કે:

*"હઝરત ઈસા (અલયહિસ્સલામ)એ એક માણસને પૂછયું કે તું શું કામધંધો કરે છે? ઉત્તર દીધો કે હું ઈબાદત કરું છું. પછી આપે પૂછયું કે પોતાનું ગુજરાન કેવી રીતે ચલાવે છે? તેણે જવાબ દીધો કે, મારો એક ભાઈ છે તે મારો જીવનનિર્વાહ ચલાવે છે. હઝરત ઈસા (અલયહિસ્સલામ)એ ફરમાવ્યું કે, તારો ભાઈ તારાથી વધુ ઈબાદતગુઝાર છે."*

હકીમ લુકમાને પોતાના પુત્રને વસિય્યત કરી કે *બેટા, હલાલ કમાણી કરવાનું છોડીશ નહીં, કારણ કે જે માણસ મખ્લૂકનો ઓશિયાળો હોય છે તેનો દીનધર્મ સંકુચિત, બુદ્ધિ ક્ષીણ અને માણસાઈ ખતમ થઈ જાય છે. પછી લોકો એને તુચ્છ નજરે જોવા માંડે છે.*

તાત્પર્ય એ કે સમાજમાં એવું વાતાવરણ ઊભું થાય કે માણસ જાતમહેનત કરી ખુમારીથી જીવે અને અન્યો પાસે માંગવામાં કે પરોપજીવી થવામાં નાનમ અનુભવે.

(ખ) અલ્લાહે વહોરા પટેલોને ખેતજમીનની નેઅમત આપી છે. આપણા વડવાઓ સફળ ખેડૂતો હતા. આજે આપણી ખેતી સમૃદ્ધ રહી નથી. આ માટે ખેતીના નિષ્ણાંતોની સલાહ લઈ ખેતી સુધારણા અને વધુ ઉત્પાદન માટે પ્રયોગો કરી શકાય. ખેતી સાથે પશુપાલન, મરઘા ઉછેર વગેરે આનુષંગિક (ancillary) ધંધા વિકસાવી શકાય. ખાતર, જંતુનાશક દવાઓની ખરીદી અને ખેતપેદાશના વેચાણ માટે સહકારી મંડળીઓ સ્થાપી તેનો સ્વચ્છ, પ્રામાણિક રીતે વહીવટ ચલાવાય.

(ગ) ભારતનું હાલનું અર્થતંત્ર વિકાસશીલ છે. આપણા સમાજમાં પણ મકાનોનું બાંધકામ મોટે પાયે ચાલે છે. સુથાર, કડિયા, પ્લમ્બર, વાયરમેન, રંગરોગાન કરનારા માટે કામની ઘણી તકો ઊભી થઈ છે. આવાં ઉદ્યમી કામ આપણા યુવાનો શીખે અને નાનમ કે શરમ સંકોચ વગર અપનાવે તો આપણે રાજસ્થાન, બિહાર કે યુ.પી.ના કારીગરો શોધવા ન પડે. વાહનો વધવાથી મોટર મિકેનિકની માંગ પણ છે.

કયા વ્યવસાયોમાં કારીગરોની જરૂર છે તેનું સર્વેક્ષણ કરી પ્રોદ્યોગિક તાલીમ (technical training) ની વ્યવસ્થા કરવી. હાલ વહોરા પટેલ સંચાલિત ટેકનિકલ તાલીમી સંસ્થાઓ છે, તેનું સંકલન કરી કોમની જરૂરિયાતો મુજબની એક કેન્દ્રિય વ્યાવસાયિક તાલીમની સંસ્થા ઊભી કરી શકાય.

(ઘ) આપણી કોમમાં આર્થિક રીતે સમૃદ્ધ લોકો ઝકાત અદા કરે છે. મુફ્તી સાહેબોની માર્ગદર્શક કમિટી રચી ઝકાત ઉઘરાવવા તથા વહેંચણીની સુઆયોજિત વ્યવસ્થા ગોઠવી શકાય.

કોમના કેન્દ્રિય કાર્યાલયમાં ઝકાત જમા થાય. આ કાર્યાલયમાં કોમનાં વિધવા, અનાથ, અપંગ, જરૂરતમંદો વિષે એકત્રિત કરેલ માહિતી હોય. ઝકાત ફંડમાંથી તેમના નિર્વાહ માટે મદદ પહોંચાડાય. ઝકાતના નાણાંમાંથી જરૂરતમંદો હાલ ખાનગી દુકાનોમાંથી અનાજ, કપડાં અને જીવન જરૂરિયાતની ચીજો ખરીદે છે. એમાં નફો વેપારીના ખિસ્સામાં જાય છે. એના બદલે થોડી વાજબી ભાવની દુકાનો ખોલી શકાય. આ દુકાનોએથી જરૂરતમંદો ખરીદી કરે તો સારો, સસ્તો માલ મળે. બધો ખર્ચ કાઢતાં જે નફો થાય તે જરૂરતમંદો માટે જ વાપરી શકાય.

ધંધો કરી શકે એવા માણસોને ઝકાત ફંડમાંથી મૂડી રોકાણ માટે નાણાં આપી વ્યવસાય અંગે માર્ગદર્શન પણ આપી શકાય. આ રીતે માણસો મહેનત દ્વારા હલાલ કમાઈ કરી પગભર થતા જાય તો ઝકાત લેનારાઓની સંખ્યા ઘટતી જાય.

ઝકાતના કેન્દ્રિય ભંડોળ (central fund) માંથી દરેક દીની ઈદારાને તેમના બજેટની જરૂરિયાત અને તલબાની સંખ્યાના પ્રમાણમાં નાણા ફાળવવામાં આવે. કેન્દ્રિય ભંડોળમાંથી નાણા મળતાં હોવાને કારણે કોઈ પણ ઈદારાનું બજેટ અને તલબાની સંખ્યા અમર્યાદ ન થઈ જાય તેના પર ધ્યાન રાખવામાં આવે. જોઈએ તો તેનું નિયંત્રણ કરવામાં આવે. ગામેગામ ફરીને સફીરો દ્વારા ચંદો ઉઘરાવવાને બદલે દીની ઈદારાઓને કેન્દ્રિય કાર્યાલયમાંથી નાણા મળે તો તેમના સમય-શક્તિ બચે. ચંદો ઉઘરાવવા માટે જે પ્રવાસ ખર્ચ, સફીરોનું કમિશન વગેરેનો જે ખર્ચ થતો હોય તેની પણ બચત થઈ જાય.

(ચ) કુરબાની બાબત સ્વનિર્ભર થવાનું આયોજન ગોઠવી શકાય. સર્વેક્ષણ દ્વારા મહેનતુ માણસોને શોધી જાનવરોના ઉછેર અને પાલન માટે લોન આપી શકાય. આ જાનવરો કુરબાની માટે તેમની પાસેથી ખરીદાય. હાલ કુરબાનીનાં ચામડાં મસ્જિદ, મદ્રસાઓ લે છે અને તે ખાનગી વેપારીઓને વેચી દે છે. આને બદલે જિલ્લા કક્ષાએ ચર્મ ઉદ્યોગનું કારખાનું ઊભું કરાય. હાલ માંસાહારી મુસ્લિમો માત્ર માંસ ખરીદી ખાય છે એટલું જ. એની સાથે જોડાયેલ પશુપાલન કે ચામડા-હાડકાંના ઉદ્યોગોમાં એમનું સ્થાન નથી.

(છ) કોમ પાસે વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ (cooperative societies)નું નૅટવર્ક હોય તો ઘણા લાભો થાય એમ છે. આપણા સમાજમાં ભૂતકાળમાં સહકારી મંડળીઓ સ્થપાયેલી. પછી ગેરવહીવટ અને ભ્રષ્ટાચારને કારણે મોટા ભાગની સોસાયટીઓ બંધ થયેલી. વહોરા પટેલ સમાજમાં કુશળ, ખંતીલા, બાહોશ, પ્રામાણિક, ચોખ્ખા માણસો દ્વારા સહકારી પ્રવૃત્તિને પુનર્જીવિત (revive) કરી શકાય.

(જ) પરદેશોના વહોરા પટેલો તરફથી સારા પ્રમાણમાં નાણાકીય સહાય મળે છે. વ્યક્તિગત રીતે સગાસંબંધી તરફથી જેમને આવી સહાય મળતી હોય તેમણે એ રકમ ખાધાખોરાકી કે આનંદપ્રમોદમાં વાપરી નાંખવાને બદલે એનો ધંધા રોજગારમાં ઉપયોગ કરવો જોઈએ. આવી સહાય માણસોને બેઠાડુ બનાવી દે તો એનાથી લાંબે ગાળે

કોઈ ફાયદો નથી. વળી, પરદેશની સહાય ત્યાં વસેલા આપણા ભાઈઓની બીજી, ત્રીજી પેઢી સુધી ચાલુ રહે. પછીની પેઢીઓનો ભારત સાથેનો નાતો શિથિલ થતો જાય અને આ સ્ત્રોત સુકાઈ જાય એવું બને.

(ઝ) પરદેશથી જે દાન મળે તેને આડેધડ વિકાસ યોજનાઓમાં વાપરવાને બદલે પ્રથમ સમાજની જરૂરિયાતોનો અભ્યાસ કરી વિકાસકામોનો અગ્રતાક્રમ (priority) નક્કી કરવો જોઈએ. જે કામો અત્યંત જરૂરી અને ઉપયોગી હોય તે જ કામો હાથ ધરવાં જોઈએ.

**૫. બેકારી:**

એક તરફ ખેતી પર સમગ્ર કુટુંબનું ભરણપોષણ કરવું શકય ન રહ્યું, તો બીજી તરફ બેકાર બનેલા યુવા વર્ગને કલારિકલ શિક્ષણથી હટીને વ્યાવસાયિક તાલીમ મળવી જોઈએ, લેવી જોઈએ તેનો અભાવ રહ્યો છે. અંગ્રેજી દસ-બારનું કે કોલેજનું ગ્રેજ્યુએટ લેવલનું શિક્ષણ મેળવેલ વર્ગના ઘણાખરા યુવાનો કેટલાક ધંધા કરવાની નાનમ અનુભવે છે. એટલે જ સોની, વાળ કાપવા, બ્યૂટી પાર્લર ચલાવવા, પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, કારપેન્ટર જેવા વ્યવસાયોમાં જવા કરતાં આવા યુવાનો મા-બાપને, કુટુંબને ભારરૂપ બનવા બેકાર રહેવાનું પસંદ કરે છે. એનું બીજું કારણ એ પણ ખરું કે કુટુંબમાંથી પરદેશ યુ.કે., સાઉદી અરેબિયા, આફ્રિકા, અમેરિકા, કેનેડા વગેરે દેશોમાં પહોંચેલા લોકોની નાણાકીય સહાયનો જોઈએ તેવો યોગ્ય ઉપયોગ ન થયો. આજે પણ એ નાણાનો ઉત્પાદન ઉપયોગ કરવાને બદલે (૧) આલીશાન મકાનો બનાવવાં (૨) એશ આરામ અને મોજ શોખવાળું જીવન જીવવું (૩) મોંઘી ગાડીઓ, કપડાં પાછળ લગ્ન પ્રસંગે બેફામ ખર્ચ. (૪) શહેરો તરફ ઘણીવાર તો અકારણ આંટાફેરા. આ બધાને લઈ જીવન શૈલી (ખાસ તો યુવા વર્ગમાંથી ઘણાખરાની) એવી બની કે મહેનત વગરની કમાઈથી કશા કામ વગર મોટર બાઈક પર ફરવું, મોંઘાદાટ મોબાઈલ ફોનનો બેફામ ઉપયોગ કરવો, હોટલોમાં ખાણીપીણી અને જલ્સા કરવા જેવી બાબતો સામાન્ય બની ગઈ.

વતનમાં નોકરીઓનો અભાવ તથા વિદેશથી આવતા લોકોની રહેણી કરણીથી આકર્ષાઈને પરદેશ જવાની ઘેલછા વધી. એવાં સપનાં સેવે તેમાં કશું ખોટું નથી. પણ પરદેશ જઈને જે કામ કરવાનું હોય તે માટે સંપૂર્ણ સજ્જ થઈને જવાનો સદંતર અભાવ છે. જેને લઈ પરદેશ પહોંચી કલાકના ૨ થી ૩ પાઉન્ડ કે મહિનાના ૧૨૦૦ રૅન્ડમાં નોકરી કરીને ઢસરડો કરવાનો વારો આવે છે.

પોઈન્ટ સિસ્ટમથી કેનેડા, યુ.કે., ઓસ્ટ્રેલિયા કે ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં પહોંચવાની લાયકાત ખૂબ જ ઓછા યુવાનો પ્રાપ્ત કરી શકે છે.

બેકાર યુવાનો કુછંદ તથા વ્યસનોના ભોગ બને છે. ધૂમ્રપાન સાવ સામાન્ય. કેટલાક ગામોમાં નશીલા પદાર્થો (ડ્રગ્ઝ), દારૂ, જુગાર, ગૂટખા વગેરેની લટ બેકાર યુવાનોમાં દિવસે દિવસે વધવા માંડી છે. એ ઉપરાંત કપડાં અને અન્ય ફેશન પાછળ ખર્ચ, મોબાઈલ ફોન, ફિલ્મ, પાર્ટીઓનો ક્રેઝ યુવાનો યુવતીઓમાં વધવા માંડયો છે.

**૬. દીની તીલીમ**

આપણી કોમના ઉલમાએ કિરામે આપણા સમાજમાં દીની તાલીમની પ્રશંસનીય વ્યવસ્થા ઊભી કરી છે. સારી એવી સંખ્યામાં મદ્રસા-મકતબો અને દારૂલ ઉલૂમો છે. આ માળખાને વધુ કાર્યક્ષમ બનાવવા કોમના હમદર્દો તરફથી અમને કેટલાંક દિશાસૂચનો પ્રાપ્ત થયાં છે જે અહીં ચર્ચાવિચારણા માટે પ્રસ્તુત છે. આ માત્ર મંતવ્યો અને સૂચનો છે. ઈસ્લામી દૃષ્ટિકોણ અને કોમની દીનદુનિયાની ભલાઈને લક્ષમાં રાખી આ મંતવ્યો બાબત આખરી નિર્ણય તો ઉલમાએ કિરામ જ કરી શકે.

(ક) મદ્રેસા

દીની તાલીમના માળખાના પાયામાં ગામેગામ, ઠેકઠેકાણે બાળકો માટે ચાલતા મદ્રસા છે. હાલમાં વહોરા પટેલ સમાજમાં આવા મદ્રસાઓ કેટલા, એમાં પઢતાં બાળકોની સંખ્યા, મુદર્રિસોની સંખ્યા, તેમના પગાર, મકાન વગેરેની સુવિધા, આવક-ખર્ચ તથા તાલીમની ગુણવત્તા (quality) અંગે સર્વેક્ષણ કરી માહિતી એકત્રિત કરવી.

મદ્રસા તાલીમને વધુ અસરકારક બનાવવા માટે જે સૂચનો મળ્યાં તે નીચે મુજબ છે:

(૧) વહોરા પટેલ સમાજના બધા મદ્રસાઓમાં દારૂલ ઉલૂમે તૈયાર કરેલ કોર્ષ-અભ્યાસક્રમ હોય. આ અભ્યાસક્રમ બાળકોના વયજૂથ પ્રમાણે ક્રમિક (graded) હોય. વાર્ષિક પરીક્ષા પણ દારૂલ ઉલૂમે નક્કી કરેલ ધોરણો (standard) અનુસાર લેવાય. એક સરખો અભ્યાસક્રમ અને પરીક્ષાઓ હોય તો બધા મદ્રસાઓમાં એક સરખી તાલીમ મળે અને ગુણવત્તા જળવાય.

(૨) દારૂલ ઉલૂમ મુદર્રિસોની તાલીમ (training) માટે અભ્યાસક્રમ ચલાવે. આવી તાલીમ મુદર્રિસ તરીકે નિમણૂંક અગાઉ (pre-service) અથવા / અને મુદર્રિસ તરીકેની નોકરી દરમિયાન (in-service) ગોઠવી શકાય.

દરેક મદ્રસામાં આવી તાલીમ પામેલ મુદર્રિસો હોય.

(૩) મદ્રસાના અભ્યાસક્રમમાં પાયાની દીની તાલીમ સાથે વિષય તરીકે અરબી શીખવાય. જો અરબીનું શિક્ષણ પદ્ધતિસર અપાય તો ઉર્દૂ વિષયની જરૂર રહે નહીં. ઈસ્લામનું પાયાનું શિક્ષણ અરબી અને ગુજરાતી દ્વારા આપી શકાય.

અરબી શીખવવા માટે યોગ્ય પાઠયપુસ્તક અને શીખવવાની યોગ્ય પદ્ધતિ હોય તો બાળપણમાં બાળક સાત વર્ષની મદ્રસા તાલીમ દરમિયાન અરબીનું સારું એવું જ્ઞાન મેળવી શકે.

(૪) દારૂલ ઉલૂમમાં જઇ ઈસ્લામનું ઉચ્ચ શિક્ષણ મેળવનાર બાળકોની સંખ્યા સ્વાભાવિક રીતે મર્યાદિત હોય, એટલે આશરે ૯૮% બાળકો તો દીનની પાયાની તાલીમ મદ્રસાઓમાં પ્રાપ્ત કરે છે. આ દ્દષ્ટિએ મદ્રસાઓ સમાજ માટે અત્યંત મહત્વના છે. મદ્રસાની સગવડો, સંચાલન, તાલીમ, વાતાવરણ, ગુણવત્તા સતત વિકસતાં રહે એવા પ્રયાસો થવા જોઈએ.

(ખ) દારૂલ ઉલૂમ

આપણા સમાજમાં બુઝુર્ગોની ફિકર અને મહેનતોથી દારૂલ ઉલૂમો સ્થપાયા છે, અને દીનની ઉચ્ચ તાલીમ આપે છે. દીકરીઓ માટે પણ અલગ દારૂલ ઉલૂમો છે. દારૂલ ઉલૂમોમાં દીની તાલીમના અભ્યાસક્રમનું આયોજન તો ઉલમાએ કિરામ કરે એ રીતે ચાલે જ છે. અમને જે સૂચનો મળ્યાં છે તે માત્ર વ્યવહારૂ બાબતોને લગતાં છે. દારૂલ ઉલૂમોના સંચાલકો આ મંતવ્યો વિષે વિચારી એમાં આપણા સમાજની દીની-દુન્યવી ભલાઈ છે એમ લાગે તો અપનાવી શકે. મંતવ્યો રજૂ કરનારનો હેતુ સમાજમાં દારૂલ ઉલૂમોનો પ્રભાવ (impact) વધે અને એ વધુ અસરકારક (effective) થાય એવો છે.

ભરૂચી વહોરા પટેલ સંચાલિત બધા દારૂલ ઉલૂમોનું એક સંગઠન બને. દારૂલ ઉલૂમોના પ્રતિનિધિઓની કમિટી રચાય જે નીચે જણાવેલ પ્રવૃત્તિઓ કરી શકે:

(૧) કોઈ પણ દારૂલ ઉલૂમને સરકારી કનડગત, અસામાજિક તત્વો તરફથી કે અન્ય રીતે હેરાનગતિ હોય તો એની ચર્ચા અને સામૂહિક પ્રતિકાર.

(૨) નાણાકીય કે અન્ય સમસ્યા હોય તેમાં સહયોગ.

(૩) દારૂલ ઉલૂમના સંચાલનની ગુણવત્તા વધારવા કોઈ પદ્ધતિ અપનાવી હોય અને સારું પરિણામ આવ્યું હોય તો તેની (good practiceની) ચર્ચા અને અનુભવોની આપ-લે.

(૪) દારૂલ ઉલૂમોમાં દીની તાલીમને લગતી પ્રવૃત્તિઓ માટે ઉસ્તાદો અને તાલીબે ઈલ્મની પરસ્પર મુલાકાતો અને આદાનપ્રદાન (exchange).

(ગ) બીજું મંતવ્ય દારૂલ ઉલૂમોના આર્થિક માળખા અંગેનું છે. દારૂલ ઉલૂમોમાં પઢનારા બાળકો હાલ એમની જરૂરિયાતની ચીજો -

નાશ્તો, સાબુ, ટુથપેસ્ટ, હેરઓઈલ, અત્તર, ટુવાલ, કપડાં વગેરે બજારમાંથી ખરીદે છે. દારૂલ ઉલૂમો ભેગાં મળી નાને પાયે જરૂરી ચીજોના ઉત્પાદન અને વેચાણની કેન્દ્રિય વ્યવસ્થા ગોઠવી શકે, જેમકે બૅકરી, નાની દૂધની ડેરી, સાબુની ફેકટરી, કપડાં સીવવાનું કારખાનું, બધા દારૂલ ઉલૂમોના હજારો વિદ્યાર્થીઓનું સર્વેક્ષણ કરી તે ચીજો જથાબંધ ખરીદી વિદ્યાર્થીઓને છૂટક પૂરી પાડી શકાય અને શકય હોય ત્યાં ઉત્પાદન કરી શકાય.

દરેક વિદ્યાર્થી ઝભ્ભા, લેંઘા, ટોપી માટે બજારમાં જઈ કોઈક દુકાનેથી કાપડ ખરીદે, પછી કોઈક ટેલર પાસે જઈ સીવડાવે તેના બદલે દારૂલ ઉલૂમની જ ગાર્મેન્ટ્સ ફેકટરી હોય તો સસ્તું પડે, સુગમ પડે.

દારૂલ ઉલૂમોનાં રસોડાં માટે અનાજ, શાકભાજી ઊગાડવાની વ્યવસ્થા પણ ગોઠવી શકાય. આ માટે ખેડૂતો, ચાકરો રાખી કામ કરાવી શકાય. ગોશ્તની જરૂરિયાત પૂરી કરવા ઢોરઉછેર અને કતલખાનાની વ્યવસ્થા કરી શકાય. તેલ માટે નાની ઓઈલ મિલ શરૂ કરી શકાય.

આ બધાં કામો માટે જે તે ક્ષેત્રના અનુભવી માણસોને વેતન આપી રોકવામાં આવે. આ સૂચનનું તાત્પર્ય એ જ કે દારૂલ ઉલૂમોની જે ખરીદશક્તિ (purchasing power) છે તેનો નફો અને લાભ દારૂલ ઉલૂમોને જ મળે અને દારૂલ ઉલૂમો સ્વનિર્ભર અને સ્વાવલંબી (self-reliant) બને.

ઉત્પાદન-વેચાણની આ વ્યવસ્થા દરેક દારૂલ ઉલૂમમાં ઊભી કરવાની જરૂર નથી. કોઈ એક ઠેકાણે આવી કેન્દ્રિય વ્યવસ્થા ઊભી થાય અને ત્યાંથી બધા દારૂલ ઉલૂમોની જરૂરિયાતો પૂરી થાય.

ઉત્પાદન-ખરીદ-વેચાણની આ પ્રવૃત્તિ ઉસ્તાદો અને તાલીબે ઈલ્મના દીની તાલીમના કામમાં વિક્ષેપ ન પાડે. દારૂલ ઉલૂમના વહીવટકર્તા ધીરે ધીરે, ક્રમશ: આ વ્યવસ્થા ગોઠવે અને દરેક ક્ષેત્ર માટે જે તે ક્ષેત્રના નિષ્ણાંત, અનુભવી મૅનેજરો, કર્મચારીઓ નીમે.

આ મંતવ્ય વાંચી એવો પ્રશ્ન થાય કે, દારૂલ ઉલૂમને દુકાન બનાવી દેવી? ખરીદ વેચાણની, વેપારની જગ્યા બનાવી દેવી? દારૂલ ઉલૂમ દુકાન ન બને પણ દારૂલ ઉલૂમના નેજા હેઠળ હલાલ ધંધાદારીની સુવિધા ઊભી થાય તો તે દીનનું એક કામ જ છે. 'જાત મહેનત: આર્થિક પ્રગતિની ચાવી' કિતાબમાં મૌલાના હસન ભડકોદ્રવી સાહેબ વેપાર વિષે મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)નું ફરમાન ટાંકે છે કે, *"ઈરશાદ ફરમાવ્યો કે સોદાગરી કે વેપાર કરો, કારણ કે રોઝીના દસ ભાગ છે, જે પૈકી નવ ભાગ ફક્ત વેપારમાં છે".*

અલ્લાહને મંજૂર હોય તો, શકય છે કે સ્વાર્થી મૂડીવાદના આ યુગમાં દારૂલ ઉલૂમો હલાલ ઉત્પાદન અને વેપારના ઝરિયહ બને અને દેશનું અર્થકારણ, ઉત્પાદનક્ષેત્ર - બજાર શોષકો, નફાખોરો, કરચોરો, કાળાબજારિયાઓ, સંગ્રહખોરો, ભેળસેળિયાઓની ચુંગાલમાંથી મુક્ત થાય. આ કંઈ નાનું કામ ન કહેવાય!

(ઘ) ત્રીજું સૂચન દારૂલ ઉલૂમના કાર્યક્ષેત્ર (role) વિષેનું છે. દીની તાલીમમાં દારૂલ ઉલૂમનું સ્થાન યૂનિવર્સિટી જેવું ગણાય. ઉચ્ચ દીની તાલીમ આપવાનું મહત્વનું કામ તો દારૂલ ઉલૂમ કરે જ છે. આ ઉપરાંત સેવા વિસ્તરણના નીચે જણાવેલ કાર્યો પણ થઈ શકે:

(૧) મદ્રસા-મકતબો માટે અભ્યાસક્રમો ઘડવા. અભ્યાસક્રમ આધારિત કિતાબો-પાઠયપુસ્તકો તૈયાર કરવાં. આ ઉપરાંત બાળકો રસપૂર્વક અકાઈદ તથા ઈબાદત વિષે શીખે તે માટે ચાર્ટ, પોસ્ટરો અને અન્ય શૈક્ષણિક સાધનો (teaching aids) તૈયાર કરી મદ્રસાઓને આપવાં.

(૨) મદ્રસાની તાલીમનું નિરીક્ષણ કરી ગુણવત્તા વધે તે માટે માર્ગદર્શન આપવું.

(૩) મદ્રસાઓની પરીક્ષાનું માળખું ગોઠવવું. બધા મદ્રસાઓમાં એક સરખી તાલીમ અને પરીક્ષણ હોય તેવું આયોજન કરવું.

(૪) મુદર્રિસોની નોકરી અગાઉની તાલીમનો કોર્ષ ચલાવવો અને તેનું સર્ટિફિકેટ આપવું. આમાં મુદર્રિસની કામગીરી, વર્ગમાં શીખવવાની પદ્ધતિઓ, બાળકો સાથે વ્યવહાર વગેરેનો સમાવેશ થાય.

(૫) દીની તાલીમ આખેરતની તૈયારી માટે તો છે જ, અને એની ફઝીલત પણ છે જ. પરન્તુ, તાલીબે ઇલ્મ દારૂલ ઉલૂમમાંથી ફારિગ થાય તે પછી સંસારી જીવન જીવવાનું છે. જીવનનિર્વાહ માટે બધાને ઇમામ કે મુદર્રિસની જગ્યાઓ ન પણ મળે. અહીં માંગ (demand) અને પૂરવઠા (supply)નો નિયમ લાગુ પડે. તેથી તાલીબે ઇલ્મને હલાલની આજીવિકા રળવા માટે યોગ્ય ધંધા કે ઉદ્યોગ કે કારકિર્દી માટે તાલીમ આપવી પડે.

એ જ રીતે આલીમા બનતી દીકરી કોર્ષ પૂરો કરી ગૃહિણી બનશે. એ રોલ બરાબર અદા કરી શકે તે માટે બાળ સંભાળ (child care), ઘરની આવક-જાવક (home economics), કુટુંબની આવકમાં ટેકો થાય તે માટે કોઇ ગૃહઉદ્યોગ, હસ્ત ઉદ્યોગ (handycraft)ની તાલીમ જરૂરી છે.

ટૂંકમાં, દારૂલ ઉલૂમમાં સાત આઠ-વર્ષ રહેનાર તાલીબે ઇલ્મના પઢાઇ પછીના સંસારી જીવન વિષે વિચારી પ્રત્યેક તાલીબે ઇલ્મ એક સારું, સ્વમાનભેર, સ્વાશ્રયી જીવન જીવે એ માટે આપણે એને કેવી રીતે તૈયાર કરી શકીએ તે બાબત ગંભીરતાથી આયોજન કરવું જોઇએ. અગાઉ બુઝુર્ગોએ દીની તાલીમની સાથે બુક બાઇન્ડીંગ, ઘડિયાળ રીપેરીંગ, ટોપીઓ બનાવવી-ધોવી એવી કારીગરીની તાલીમ રાખેલી. આજના યુગમાં આવી માંગો ખાસ રહી નથી, અને નવા ઉદ્યોગોની તાલીમ જરૂરી બની છે. પણ મૂળ મુદ્દો તો એ જ કે, દીની તાલીમની સાથે જીવનનિર્વાહ અને આજીવિકા માટેની તાલીમ પણ મળે તો દારૂલ ઉલૂમનું શિક્ષણ વધુ સમતોલ બને.

(૬) હાઇ સ્કૂલ, કોલેજમાં ભણતા યુવકો માટે વેકેશન દરમિયાન દીની તાલીમના વર્ગો દારૂલ ઉલૂમમાં ચલાવાય. આનાથી મદ્રસા તાલીમમાં કચાશ રહી હોય તે સુધરે (remedial teaching),

યુવકો વધુ દીની ઈલ્મ મેળવે અને દારૂલ ઉલૂમના માહોલની અસર ઝીલે.

(૭) દીની બાબતોમાં ફતાવા વિભાગ દ્વારા દારૂલ ઉલૂમ સમાજને માર્ગદર્શન આપે જ છે. આ ઉપરાંત લોકોના મિલ્કત અંગેના કે બીજા કૌટુંબિક ઝઘડા હોય અને તેઓ ઈચ્છે તો દીની રીતે સમાધાન માટે દારૂલ ઉલૂમમાં આવી શકે. દારૂલ ઉલૂમ કોર્ટનું કામ કરે છે એમ નહીં; પણ બન્ને પક્ષોને સાંભળી દારૂલ ઉલૂમ મધ્યસ્થી (mediator) બને અને દીની હુકમો પ્રમાણે સમાધાનની યોજના (formula) આપે. બન્ને પક્ષો આ સ્વીકારે તો કોર્ટના ખોટા અને મોટા ખર્ચ તથા ધક્કા અને હેરાનગતિમાંથી બચી જાય.

૭. **ફિરકાબાજી:**

આપણા સમાજની સમસ્યાઓ વિષેના જે મંતવ્યો અમને પ્રાપ્ત થયાં તેમાં મોટા ભાગના શિક્ષિત ભાઈઓએ ફિર્કાબાજી અને દીની ઈખ્તિલાફ તથા મતમતાંતરને ગંભીર સમસ્યા ગણાવી છે.

૧૯૫૦ના ગાળામાં આ સમસ્યા ઊભી થઈ અને ઉત્તરોત્તર વકરતી ગઈ છે. શરૂઆતમા બે ફિર્કા અને સમય જતાં ફિર્કામાં પણ પેટા ફિર્કા એમ સમાજ નાના નાના જૂથોમાં વહેંચાતો જાય છે.

ભરૂચી વહોરા પટેલોએ આવા ભેદભાવો તથા નફરત અને વેરઝેર શા માટે ફેલાય છે તેનાં કારણોની ઊંડી તપાસ કરવી જોઈએ, અને પોતાના અંગત સ્વાર્થ ખાતર કોમના ટૂકડા કરનાર અને દ્વેષ ફેલાવનાર તત્વોને ઓળખી જાકારો આપવો જોઈએ.

દીની બાબતે અલગ દ્દષ્ટિબિંદુ હોય તો પણ સામાજિક બાબતોમાં સંપ, સુમેળથી વર્તવું જોઈએ. વર્તમાન યુગમાં આપણી કોમ અસંખ્ય સમસ્યાઓનો સામનો કરી રહી છે. તેમાં આપણે પોતે એકબીજા માટે સમસ્યારૂપ બનવાને બદલે સાથે મળી સમાજનું સશક્તિકરણ (empowerment) કરવું જોઈએ.

ફિર્કાબાજીને કારણે કુટુંબો વચ્ચે અને કયારેક એક જ કુટુંબના સભ્યો વચ્ચે અંતર વધતું જાય છે, અને સમાજમાં નફરતનું વાતાવરણ ફેલાય છે. આ અંગે વેળાસર ગંભીરતાથી અને ઈખ્લાસપૂર્વક વિચારવામાં નહીં આવે તો વહોરા પટેલોનું સામાજિક માળખું છિન્નભિન્ન થવાનો ડર છે.

## ૮. દુન્યવી શિક્ષણ

સમાજના વિકાસ અને સમૃદ્ધિ માટે દુન્યવી શિક્ષણ જરૂરી છે. કેટલીક વિદ્યાઓ સમાજની પ્રગતિ માટે અનિવાર્ય છે. આવી વિદ્યા પ્રાપ્ત કરવાની જરૂરિયાત વિષે ઈમામ ગઝાલી (રહ) ઈહ્યા ઉલૂમ-ઈદ્-દિન કિતાબમાં કહે છે કે:

*"જે વિજ્ઞાનો (sciences) દુનિયામાં પ્રગતિ માટે જરૂરી છે તેમનું જ્ઞાન પ્રશંસનીય છે, જેમકે ઔષધશાસ્ત્ર (medicine), ગણિતશાસ્ત્ર વગેરે. આ વિજ્ઞાનો શીખવાનું કોમ માટે 'ફર્ઝે કિફાયહ' છે. એ જ રીતે ખેતી, વ્યવસ્થાપન (administration), ઉદ્યોગો, બગાયત (horticulture) વગેરે સાથે સંકળાયેલી વિદ્યાઓ શીખવાનું 'ફર્ઝે કિફાયહ' છે. જો સમાજમાં એક પણ માણસ આ વિદ્યાઓ ન શીખે તો આખો સમાજ ગુનેગાર છે."*

વહોરા પટેલ સમાજનાં બાળકોના શિક્ષણ અંગે નીચે જણાવેલ સૂચનો પ્રાપ્ત થયાં છે:

(૧) જિલ્લા કક્ષાએ આખા સમાજ માટે 'શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન કેન્દ્ર' સ્થાપવાની જરૂર છે. આ કેન્દ્ર સમાજમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ વિષેની માહિતી એકત્રિત કરે. સમાજમાં શિક્ષણનું પ્રમાણ કેટલા ટકા, શિક્ષણ પૂરું કર્યા વગર શાળા છોડી જનાર બાળકોની સંખ્યા (drop-out rate), આપણા બાળકો ભણતાં હોય તે શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા વગેરે.

આ કેન્દ્ર વિસ્તરણ સેવા (extension service) દ્વારા આપણી શાળાઓમાં જઈ શૈક્ષણિક અને આગળ અભ્યાસના કોર્ષ - સંસ્થાઓ તથા કારકિર્દી અંગે માહિતી-માર્ગદર્શન આપે.

કેન્દ્ર વહોરા પટેલ સમાજની શૈક્ષણિક બાબતોનું સંકલન કરે.

(૨) વહોરા પટેલ સંચાલિત પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું સંગઠન બને. શાળાઓ એકમેકની સમસ્યાઓ હલ કરવામાં સહાયરૂપ થાય, એકબીજાની સારી, અસરકારક કાર્ય / શિક્ષણ / વહીવટી પદ્ધતિઓ (good practices) ની આપ-લે કરે, ભેગા મળી શાળા સુધારણા યોજના (school improvement) બનાવી અમલ કરે.

(૩) હાલ આપણા સમાજ પાસે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ નથી. ચર્ચાવિચારણા દ્વારા ધીરે ધીરે એ દિશામાં પ્રગતિ કરી શકાય. દરમિયાન ઉપર જે કેન્દ્રનો ઉલ્લેખ થયો તે દેશભરની અને પરદેશની પણ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ વિષે વિદ્યાર્થીઓને માહિતી આપે. સારી સંસ્થાઓ સાથે સંપર્ક રાખી આપણા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ અને અન્ય સુવિધાઓ મેળવી આપે.

ઍચ.એસ.સી.માં સારું પરિણામ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓનો પ્રબંધ હોય. આપણા સમાજના ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ તજજ્ઞો (professionals) કેટલા છે અને કેટલાની જરૂર છે એનું સર્વેક્ષણ કરી આયોજન થાય.

(૪) કોલેજ-યૂનિવર્સિટીમાં જઈ ઉચ્ચ શિક્ષણ ન મેળવી શકે એવાં યુવક યુવતીઓ માટે ટેકનિકલ તાલીમ માટેની એક સમ્પૂર્ણ સુવિધાવાળી સંસ્થા ઊભી કરવી. હાલ જે છૂટી છવાઈ સંસ્થાઓ વ્યાવસાયિક તાલીમના વર્ગો ચલાવે છે, તેનું એકત્રિકરણ કરી એક મોટી સંસ્થા બનાવી શકાય.

(૫) સમાજનાં બાળકોની શૈક્ષણિક પ્રગતિનો આધાર તે સમાજમાં સિદ્ધિપ્રાપ્તિના વાતાવરણ (achievement culture) ઉપર છે. આસપાસના સમાજનું વાતાવરણ એવું હોય કે, બાળકને મહેનત કરી, ઊંચુ લક્ષ્ય રાખી તેને પ્રાપ્ત કરવાનો તેનામાં ઉત્સાહ જાગે. આપણા બાળકોમાં આત્મગૌરવ (self-esteem) અને

આત્મવિશ્વાસ (self-confidence) ઓછાં થતાં જાય છે. મિટિંગો, ચર્ચાઓ, વકતવ્યો દ્વારા સમાજમાં સિદ્ધિપ્રેરણાનું વાતાવરણ ઊભું કરી શકાય.

## ૯. સ્વાસ્થ્ય સેવા

ખાનગી નફાને ધોરણે ચાલતાં દવાખાનાંની સારવાર મોંઘીદાટ હોય છે. આપણા સમાજ માટે ભરૂચ વૅલ્ફેર હોસ્પિટલ આશીર્વાદરૂપ છે. હવે બીજી હોસ્પિટલો ઊભી કરી આરોગ્ય સેવાઓનું પ્રતિરૂપાંતર (duplication) કરવાને બદલે વૅલ્ફેર હોસ્પિટલને જ ગંભીર પ્રકારનાં દર્દો માટે સમ્પૂર્ણ સુવિધાયુક્ત બનાવવી જોઈએ.

અનેક ઠેકાણે મોટી હોસ્પિટલો ઊભી થાય તો તે લાંબે ગાળે નભી શકે નહીં, viable થાય નહીં. આપણા ગામડાંઓમાં સામાન્ય રોગોની સારવાર માટે નાનાં દવાખાનાં હોય અને ગંભીર માંદગી માટે દર્દીઓને વૅલ્ફેર હોસ્પિટલમાં પહોંચાડવા ઍમ્બ્યુલન્સોની પૂરતી સગવડ હોય તો ઓછા ખર્ચે જરૂરી સારવાર મળે.

આરોગ્યક્ષેત્રે જે કંઇ સુવિધાઓ ઊભી કરાય તે પહેલાં સ્વાસ્થ્ય બાબત કોમની જરૂરિયાતોનો અભ્યાસ કરવો જોઇએ અને એ સંતોષવા આપણાં નાણાંનું પૂરું વળતર મળે એ રીતે વિચારપૂર્વક આયોજન કરવું જોઇએ.

વૅલ્ફેર હોસ્પિટલ સિવાયની આપણા સમાજમાં જે બીજી હોસ્પિટલો છે એ સમેટી ન લેવી હોય તો બધા જ વિભાગો કરવાને બદલે દરેક હોસ્પિટલ કોઇ એક જ પ્રકારની સારવાર માટે વિશેષોપયુક્ત (specialised) બને જેમ કે, પ્રસુતિ (maternity), બાળરોગો (paediatrics), હાડકાં (orthopaedics) વગેરે. આમ થવાથી ખર્ચ બચશે અને સારવાર માટે વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થશે.

## ૧૦. સામાજિક કાર્યકરો

સામાજિક વિકાસ માટે સેવાભાવી કાર્યકરો અને સમાજસેવકોની જરૂર છે. આપણો સમાજ વ્યક્તિવાદ (individualism) તરફ સરતો જાય છે. કોમમાં નિસ્વાર્થભાવે રચનાત્મક કામો કરનારાની

સંખ્યા ઓછી છે. સમાજસેવામાં પોતાની અનુકૂળતા અને આવડત, કાબેલિયત (capability) પ્રમાણે લોકો જોડાય એવી પ્રણાલી ઊભી કરવી જોઈએ.

એક સૂચન એવું છે કે, આપણા સમાજમાં શિક્ષક કે અન્ય નોકરીઓમાંથી નિવૃત્ત થયેલાંની સંખ્યા મોટી છે. આવા નિવૃત્ત માણસો કયાં ક્ષેત્રોમાં સેવા આપી શકે તેનું અભ્યાસપૂર્વક આયોજન કરી તેમને એવા સેવાકાર્યમાં જોડવા જોઈએ. સમાજમાં એવી પ્રણાલી ઊભી થાય કે, નિવૃત્ત થયેલ વ્યક્તિ સ્વાસ્થ્ય સારું હોય તો બે-પાંચ વર્ષ કોઈ સેવાકાર્ય વેતન વગર કરે, અને સમાજને પોતાની યોગ્યતા તથા અનુભવનો લાભ આપે.

## ૧૧. નેતાગીરી

સમાજને દરેક ક્ષેત્રે દોરવણી આપે, પહેલ (initiative) કરે, જુસ્સો ટકાવી રાખે એવા નેતાઓની જરૂર છે. જેને હૈયે સમાજનું હિત વસેલું હોય, જેનામાં નેતાગીરીના ગુણ હોય, એ માટેની લાયકાત હોય, પ્રામાણિકતા અને નિ:સ્વાર્થતા હોય તેવી વ્યક્તિઓને સમાજે નેતાઓ તરીકે સ્વીકારવી જોઈએ. આ અંગે એવું સૂચન મળ્યું છે કે, હાલ સમાજના શિક્ષિત, સમજદાર, સજ્જન માણસો જાહેર કામોમાં આગેવાની માટે આગળ આવતા નથી. આપણા સમાજમાં એવા સેંકડો લોકો છે જેમને સમાજે હાંસિયામાં ધકેલી દીધા છે (marginalised). આમ થવાનાં કારણો શોધવાં જોઈએ અને આવા અલિપ્ત, નિષ્ક્રિય થઈ ગયેલા સજ્જનો સક્રિય થઈ જાહેર કામોમાં જોડાય તથા તેમની સલાહિયતોનો લાભ આપણા સમાજને મળે તેવું વાતાવરણ ઊભું કરવું જોઈએ.

નેતાગીરી એક કૌશલ્ય (skill) છે, અને તે માટે તાલીમ જરૂરી છે. કોમનાં બાળકો, યુવાનો માટે વેકેશન દરમિયાન નેતાગીરી તાલીમ (leadership training)ના વર્ગો ચલાવવા જોઈએ. આમાં અન્ય સમાજોના મહાન નેતાઓના જીવન વિષે, સિદ્ધાંતો-આદર્શો વિષે, કાર્યશૈલી વિષે ચર્ચાઓ કરી શકાય.

વર્તમાન પેઢીના નેતાઓ તેજસ્વી યુવાનોને પોતાની સાથે કામમાં જોડી તેમને તાલીમ આપી નેતાગીરીની બીજી હરોળ ઊભી કરી શકે.

દરેક નેતા સમાજના લોકોની કસોટીએ ખરો ઊતરવો જોઈએ. તેણે કેટલી સત્તા ભોગવી કે કેટલું વર્ચસ્વ જમાવ્યું તેને આધારે નહીં, પણ સમાજહિતનાં કેટલાં કામો કર્યાં તેને આધારે તેની આગવાનીનું મૂલ્યાંકન થવું જોઈએ.

## ૧૨. આદર્શ વિભૂતિઓ (role models)

સમાજમાં દરેક ક્ષેત્રે એવી વિભૂતિઓ હોય છે જેમણે પોતાના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ મેળવી હોય. આવી વ્યક્તિઓ સમાજની યુવા પેઢી માટે આદર્શરૂપ બને છે. તેમની સિદ્ધિ જોઈ યુવા પેઢીને પુરુષાર્થ કરવાની પ્રેરણા મળે છે, અને મારા સમાજની આ વ્યક્તિએ આટલી સિદ્ધિ મેળવી તો હું પણ તે પ્રાપ્ત કરી શકું એવો આત્મવિશ્વાસ જાગે છે અને ચાનક ચઢે છે.

સમાજે આવી પ્રતિભાશાળી વ્યક્તિઓની કદર કરી તેમને યુવાપેઢી સમક્ષ લાવવી જોઈએ. આમાં વ્યક્તિનું સન્માન તો થાય જ છે, પણ સાથે વહોરા પટેલ સમાજનું ગૌરવ પણ વધે છે.

જો સમાજમાં તેજસ્વી વ્યક્તિઓની કદર ન થાય તો ‘વહોરા વિભૂતિઓ’ પુસ્તકમાં જનાબ દીપક બારડોલીકર લખે છે તે મુજબ *“જે પ્રજા પોતાની પ્રતિભાઓની કદર કરતી નથી તે કાળક્રમે પ્રતિભાઓ જન્માવવાની યોગ્યતા ગુમાવી બેસે છે.”*

## ૧૩. સામાજિક સંસ્થાઓ

સમાજના વિકાસ માટે વિવિધ પ્રકારની સંસ્થાઓ સ્થપાય અને સક્રિય રહી પ્રવૃત્તિઓ કરતી રહે તે જરૂરી છે. હાલ વહોરા પટેલ સમાજમાં નાની મોટી અનેક સંસ્થાઓ છે, પણ એમાંની મોટા ભાગની સંસ્થાઓનો સમાજ પર કોઈ પ્રભાવ (impact or influence) દેખાતો નથી.

સંસ્થાઓ વિષે અમને જે મંતવ્યો મળ્યાં તે નીચે મુજબ છે:

સમાજે દરેક સંસ્થાનું મૂલ્યાંકન અહીં જણાવેલ માપદંડોથી કરવું જોઈએ, અને આ મૂલ્યાંકનને આધારે સંસ્થા સમાજના હિતમાં છે કે નહીં તથા સમાજ માટે ઉપયોગી, પ્રસ્તુત (relevant) છે કે નહીં તે નક્કી કરવું જોઈએ.

માપદંડો:

(૧) સંસ્થા સમાજની જરૂરિયાતને ધ્યાનમાં લઈ સમાજ હિતના શુદ્ધ હેતુ માટે જ સ્થપાઈ હોય.

(૨) સંસ્થાનું બંધારણ હોય જે સમાજના કોઈ પણ સભ્યને ઉપલબ્ધ કરાય.

(૩) સંસ્થાનો વહીવટ બંધારણ મુજબ ચાલતો હોય.

(૪) સંસ્થા લોકશાહી ઢબે ચાલતી હોય અને તેમાં સમાજના વિશાળ વર્ગની સામેલગીરી હોય.

(૫) સંસ્થાના હોદ્દેદારો સભ્યોના મતદાન દ્વારા ચૂંટાયેલા હોય.

(૬) સંસ્થામાં કોઈ એક વ્યક્તિની એકહથ્થુ સત્તા ન હોય.

(૭) સંસ્થામાં કોઈ પણ પ્રકારનો ભ્રષ્ટાચાર કે નાણાકીય ગેરવહીવટ ન હોય.

(૮) સંસ્થા સગાંવાદ (nepotism) અને મૈત્રીવાદ (cronism)થી મુક્ત હોય.

(૯) સંસ્થાના હોદ્દાઓ વારસાગત (heriditary) ન હોય.

આ માપદંડો અનુસાર સંસ્થા સમાજ માટે હિતાવહ લાગે તો તેનું જતન કરી સંસ્થાના વિકાસમાં સમાજે શકય એટલો વધારે સહયોગ આપવો જોઈએ.

## ૧૪. વહોરા પટેલોનું મુખપત્ર (Bulletin)

સમાજની દશા-દિશાના અહેવાલ માટે વિશાળ ફેલાવો (circulation) ધરાવતું સામયિક હોવું જોઈએ. આ મુખપત્રમાં સમાજની ગતિવિધિના સમાચાર, પ્રવૃત્તિઓના અહેવાલ ઉપરાંત સામાજિક સમસ્યાઓની ચર્ચા હોય. એનાં લખાણો ક્ષુલ્લક (trivial) કે ખંડનાત્મક, ભાંગફોડિયાં (destructive) નહીં પણ ગંભીર અને રચનાત્મક (serious and positive) પ્રકારનાં હોય. સમાજનું મુખપત્ર લોકો માટે અહમ્ અથડામણ (ego clash)નું રણક્ષેત્ર નહીં, પણ સ્વસ્થ, વિચારવિમર્શ માટેનું માધ્યમ (forum) બની રહે.

## ૧૫. વહોરા પટેલ સમાજ વિકાસ કેન્દ્ર

સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓના આયોજન (planning), સંકલન (co-ordination), નિયમન (monitoring), અને મૂલ્યાંકન (evaluation) માટે આવા કેન્દ્રની સ્થાપના થઈ શકે. આ કેન્દ્રમાં શિક્ષિત, લાયકાતવાળા (qualified) સવેતન (paid) કર્મચારી હોય, અને તેમાં કાર્યાલય, કમ્પ્યૂટર, પુસ્તકાલય, સભાખંડ વગેરે સુવિધાઓ હોય.

આ કેન્દ્ર દરેક ક્ષેત્રમાં સમાજ વિષેની અધિકૃત, પાકી વિગતો (data) ભેગી કરે અને તેનું વિશ્લેષણ કરી તેના આધારે અહેવાલો તથા ભાવિ કાર્યયોજના (action plan) તૈયાર કરે.

સમાજના પ્રત્યેક સભ્યને સામાજિક પ્રવાહોથી વાકેફ રહેવાની કે એ વિષે ચિંતન કરવાની અનુકૂળતા ન હોય. એવી અપેક્ષા પણ ન રખાય. પરંતુ વિકાસ કેન્દ્ર યોગ્ય વ્યક્તિઓ ખોળી સમાજનું ચિંતનજૂથ (think tank) રચી શકે, અને તેના તરફથી સમાજના ઉદ્ધાર અને ઉન્નતિ માટે દિશાસૂચન મળતું રહે.

## ૫
## બ્રિટનમાં વહોરા પટેલો

સન ૧૯૫૦ના ગાળામાં બ્રિટનની કોટન અને વુલન મિલોમાં કામદારોની અછત ઊભી થઇ. આ અછત પૂરવા ભારત, પાકિસ્તાનથી લોકો બ્રિટન આવવા લાગ્યા. આ તકનો લાભ સાહસિક વહોરા પટેલોએ ઝડપી લીધો. વહોરા પટેલો ઇન્ગ્લૅન્ડ આવી વસ્યા તે વખાના માર્યા નહીં પણ એ કોમની સાહસિક વૃત્તિને કારણે. ઇતિહાસકાર મકરન્દ મહેતા કહે છે કે, વહોરાઓ ગરીબ, બેહાલ હતા તેથી બ્રિટનમાં સ્થળાંતર કર્યું એ માન્યતા ખોટી છે. તેઓ ઉદ્યમી અને સાહસિક છે એટલે આર્થિક સમૃદ્ધિ અને સારા જીવનધોરણની ખોજમાં બ્રિટન આવ્યા.

સન ૧૯૫૧માં મૂળ ટંકારીઆના પણ મુંબઇ સ્થિત દાવૂદભાઇ પાઇ યુ.કે. આવી મિડલેન્ડ્સના કૉવેન્ટ્રી શહેરમાં વસ્યા. તેમની હૂંફે તેમના સગા મૂળ હિંગલોટના ઇસ્માઇલભાઇ વાઘરીવાલા તથા ઇસાભાઇ ટેલર ૧૯૫૬માં યુ.કે. આવ્યા અને ડયુઝબરીમાં સ્થાયી થયા. તે પછી સિતપોણના હાજી અલી મોહમ્મદ ડેલાવાલા અને હિંગલોટના ઉમરજીભાઇ મોઘુ આવ્યા. આમ, ૧૯૬૦ અગાઉ યુ.કે.માં આવનાર વહોરા પટેલોમાં ઉપરોક્ત ભાઇઓનો ઉલ્લેખ મળે છે.

૧૯૫૫ પછી ભરૂચ જિલ્લાના વહોરા પટેલોમાં બ્રિટન જવાની હવા ચાલી. મૂળ દહેગામના અને હાલ બોલ્ટન સ્થિત ગઝલ ગાયક ઇસાભાઇ પટેલને યાદ છે કે ૧૯૫૬ના ગાળામાં તેઓ ભરૂચ સરસ્વતી ટોકીઝમાં ફિલ્મ જોવા ગયેલા ત્યાં કરમાડના અબ્દુલ્લાહ ધનભાઇ સાથે તેમની મુલાકાત થઇ. અબ્દુલ્લાહભાઇએ કહ્યું કે હું તો ઇંગ્લેન્ડ જવાની તૈયારીમાં છું. પછી થોડા સમય બાદ તેઓ બ્રિટન પહોંચી ગયેલા.

તે પછી ઇસાભાઇને પણ બ્રિટન જવાની ઇચ્છા જાગેલી. આમ તો ઇસાભાઇનું કુટુંબ ખાધેપીધે સુખી હતું. ગામની સીમમાં લાંબી જમીન હતી અને જાત મહેનતથી અઢળક કપાસનું ઉત્પાદન કરતા. ખેતી માટે બળદો ઉપરાંત હરવા ફરવા માટે ઘોડાગાડી પણ ખરી. છતાં ઇસાભાઇએ અજાણ્યા દેશમાં જઇ સાહસ ખેડવાનું નક્કી કર્યું.

૧૯૬૦-૬૫ના ગાળામાં વહોરા પટેલોના ગામેગામ બ્રિટન જવાની ચર્ચાઓ ચાલતી. ભરૂચ જિલ્લામાં વહોરા પટેલોમાં જ ઘણાં ટ્રાવેલ એજન્ટો સક્રિય હતા. આમ બ્રિટન જવાનો પ્રવાહ શરૂ થયો. સ્થળાંતર કરનારાઓમાં મોટા ભાગના અર્ધશિક્ષિત ખેડૂતો હતા. પરંતુ સાથે સાથે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા કેટલાક વહોરા પટેલો પણ બ્રિટન આવી વસ્યા. આમાં યુ.એમ.મસ્તાન, એ.યુ.પટેલ, ઈસ્માઈલ કડુજી, એડવોકેટ યાકુબ સારોદી, લૉર્ડ આદમ પટેલ, ઈસ્માઈલ માસ્તર હિંગલોટવાલા, યાકૂબ મેન્ક, અબ્દુલ્લાહ પટેલ સિતપોણવી, સિરાજ પટેલ, ઈસ્માઈલ ખૂણાવાલા, બશીર પટેલ ખોડા વગેરેનો સમાવેશ થાય છે.

બોલ્ટનના હેલીવેલ રોડ પર રહેતા હાજી અહમદ બાજીભાઈ સરનારવાળા જેવા ૧૯૬૦ના ગાળામાં આવેલા પટેલો પાસેથી તે સમયના ઈન્ગ્લેન્ડનું વર્ણન સાંભળીએ તો આશ્ચર્ય થાય. નાનું, સગવડો વગરનું હીથરો ઍરપોર્ટ હાજી અહમદને નબીપુરના રેલ્વે સ્ટેશન જેવું લાગેલું. આવા અજાણ્યા સ્થળે ખભે બિસ્તરો અને ખિસ્સામાં હૂંડિયામણમાં મળેલા ત્રણ પાઉન્ડ સાથે પ્રેસ્ટન, બોલ્ટનના કોઈ ઓળખીતા વહોરા પટેલનું સરનામું લઈ આગંતુક ઊતરે ત્યાંથી એની મુશ્કેલીઓ શરૂ થઈ જાય. ટેક્ષીવાળાને યુસ્ટન સ્ટેશને લઈ ચાલ એટલું કહેવા જેટલું અંગ્રેજી પણ આવડતું ન હોય. યુસ્ટન સ્ટેશને પહોંચી પ્રેસ્ટન બોલ્ટનની ગાડી કયાંથી, કેટલા વાગે ઊપડશે એ પૂછવાની પણ મૂંઝવણ. તેમાં વળી થિજાવી દે એવી બરફીલી ઠંડી અને ધુમ્મસિયું વાતાવરણ.

આવી વિટંબણાઓ છતાં સાહસિક વહોરા પટેલોનો બ્રિટન આવવાનો પ્રવાહ ચાલુ રહ્યો. સન ૧૯૬૨ સુધી તો ફ્રી પોર્ટ એટલે પાસપોર્ટ અને રૂા. ૧,૮૦૦ની ઍર ટિકિટ લઈ મુંબાઈથી વિમાનમાં બેસી જવાનું. હીથરો પર કશી પૂછપરછ વગર સિક્કો મારી આપે. મૂળ ઈખરના હાલ બોલ્ટન નિવાસી હાજી ઉસ્માન ૧૬ માર્ચ ૧૯૬૨ના રોજ હીથરો પર ઊતર્યા તે ફ્રી એન્ટ્રીનો આખરી દિવસ. તે પછી અહીં આવનાર લોકો **વાઉચર** લઈને આવેલા જેનો નમુનો અહીં નીચે આપવામાં આવ્યો છે:

MINISTRY OF LABOUR Ref. No..........................

**VOUCHER**

Issued for the purposes of Section 2 of the
COMMONWEALTH IMMIGRANTS ACT, 1962

Voucher **№ 022736** Date of Expiry......9th MARCH, 1963.

Full Name ..................................................................................

Address......................................................................................

Date of Birth ........................ Sex M/F Country of Birth ........................................

Occupation..........................

Passport No. ........................ Country of issue of passport..............................................

NOTES

1. This voucher must be produced together with a valid passport to the Immigration Officer at the port of arrival in the United Kingdom. Failure to produce it may result in refusal of admission.
2. This voucher may be presented only by the person described therein.
3. This voucher cannot be used for entry to the United Kingdom after the date of expiry shown above, unless an extension has been granted. It does not entitle the holder to take work in Northern Ireland.

Signed on behalf of the Minister of Labour
..........................................

E.D. 413 Date ...10th SEPTEMBER, 1962..........

બોલ્ટનના હાજી મુસા હસન ઉમરાજવાળા જાન્યુઆરી ૧૯૬૦માં બ્રિટન આવેલા. તેમણે લેઈક ડિસ્ટ્રિક્ટના કેન્ડલ ગામની કાર્પેટની ફેક્ટરીમાં કામ લીધેલું. અઠવાડિયાના સાતે દિવસનું કામ. તેઓ કેન્ડલની એક અંગ્રેજ ફેમિલી સાથે પેઈંગ ગેસ્ટ તરીકે રહેલા.

૧૯૬૦-૭૦ના ગાળામાં બ્રિટન આવી વસેલા વહોરા પટેલો સાથેની ચર્ચાથી ખ્યાલ આવે કે તે સમયે બ્રિટનમાં હાલના જેવી કોઈ સુવિધાઓ ન હતી. હવામાન, રહેઠાણ, ખોરાક, ભાષા અને સખત મજૂરી સંદર્ભે વતન યાદ આવે અને રડાવી દે એવી મુશ્કેલીઓ હતી.

શરૂઆતમાં બધા કુટુંબ વગર એકલા આવેલા. એકાદ જણનું મકાન હોય તેમાં દસ-વીસ જણ ભેગા રહે. હાજી ઉસ્માનને યાદ છે કે બોલ્ટનના લિટલ પટેલના મકાનમાં કુલ ૨૫ જણ રહેતા. રસોઈ કરવાની પણ મુશ્કેલી.

કેટલાકને ગૅસનો ચૂલો સળગાવતાં ન આવડે. ગોશ્ત મરઘાં હલાલ ન મળે એટલે ઈંડાં, બટાટા, બીન્સ પર ગુજારો. ગૅસનાં હીટરો નહીં તેથી બેઠક રૂમમાં ફાયર પ્લેસમાં કોલસા સળગાવી તેની આજુબાજુ બધા ટોળે વળીને બેસે. ટોળટપ્પાં થાય. વેજીસની અને વતનની વાતો થાય. ટોઈલેટ મકાનની બહાર વાડામાં જેમાં શિયાળાની ફ્રિઝિંગ ઠંડીમાં પાણીના પાઈપ પણ થીજી જતા. સિસ્ટર્નમાં પાણી થીજી ન જાય કે પાઈપ ફાટી ન જાય એટલા માટે કેટલીક વાર કેરોસીનનો દીવો સળગાવીને ટોઈલેટમાં મૂકી રાખવો પડતો. ઘરમાં બાથરૂમ ન મળે, એટલે અઠવાડિયે હાફ ક્રાઉન (અઢી શીલીંગ) આપી પબ્લિક બાથમાં નહાવા જવાનું. મકાનોમાં કાર્પેટ નહીં. એકાદ રૂમમાં ફ્લોર લાઈનર હોય તે લકઝરી ગણાય. કોઈની પાસે મોટરગાડી નહીં, એટલે બીજે ટાઉન જવું હોય તો બસમાં બેસી કાચે રસ્તે મુસાફરી કરવાની જેમાં પહોંચતાં કલાકો લાગે.

આ ભૌતિક સુખસગવડોની મુશ્કેલી ઉપરાંત અંગ્રેજી ભાષાની મુશ્કેલી પણ ખરી એટલે ખરીદી કરવા જાય ત્યાં અંગ્રેજ દુકાનદારને આંગળીથી ‘ધિસ’ કહી જોઈતી વસ્તુ માંગે. આઠ દસ જણ ખાય એટલો મોટો મરઘો ખરીદવા જાય ત્યાં મરઘાનું અંગ્રેજી ન આવડે એટલે અંગ્રેજ ફાર્મવાળાને ‘ચીકન હસબન્ડ’ કહીને સમજાવવું પડે.

કાતિલ ઠંડીમાં મિલોમાં કામે જવાનું. શિફ્ટવર્ક કરવાનું. ડોફીંગ, સ્પીનીંગ, વીવીંગ, વાઈન્ડીંગ, ક્લીનીંગ, પૅકીંગ જેવાં સખત કામો ખડે પગે કરી અઠવાડિયે અઢી-ત્રણ પાઉન્ડનું વેતન રળવાનું. તે વેળા work culture હતું, કામ કરવાની હોંશ અને ધગશ હતી, બે પૈસા ભેગા કરી પોતાનું અને દેશમાં પોતાનાં કુટુંબીજનોનું જીવન ધોરણ સુધારવાની નેમ હતી એટલે ઘરે નવરા બેસવાનું કોઈને ગમતું નહીં.

પ્રેસ્ટનની મેન-મેડ ફાઈબર માટે જાણીતી Courtaulds જેવી કંપનીમાં બારેક પાઉન્ડ મળે પણ ત્યાં હાથોમાં ચાઠાં પડે તે રીતે તેજાબ સાથે કામ કરવાનું. આ મિલના ઈતિહાસમાં કામદારના હક્કો માટેની મિલના કામદારોની સૌ પ્રથમ હડતાળ મૂળ સિતપોણના અબ્દુલ્લાહ પટેલ - આઝાદની આગેવાની હેઠળ પડેલી. આ મિલ ૧૯૭૯માં બંધ થયેલી જ્યારે ૨,૬૦૦ જેટલા કામદારો બેકાર થઈ ગયેલા જેમાં મોટા ભાગના એશિયન કામદારો હતા.



*Courtaulds Rayon Spinning Factory*

રહેઠાણની મુશ્કેલી અને અત્યંત ભીનાશવાળાં (damp) અને ઝાઝી ભીડભાડવાળાં (over crowded) મકાનોમાં રહેવાનું તથા અપૂરતા પોષણ (malnutrition) ને કારણે ઘણાં નવા આવનાર લોકો ટીબીની બીમારીનો ભોગ બનતા. બોલ્ટનના વયોવૃદ્ધ ઈખરના બશીરભાઈ છડાતના કહેવા પ્રમાણે બોલ્ટનની તે વેળાની Blair's Hospital અને Wilkinson's Sanatorium ટીબીના દર્દીઓથી ભરાયેલી રહેતી જેમાં મોટા ભાગના એશિયન દર્દીઓ હતા.



*Blair's Hospital*




*Wilkinson's Sanatorium*

કોઈકને ત્યાં બ્લેક ઍન્ડ વ્હાઈટ ટી.વી. હોય પણ જોવાનો સમય ભાગ્યે જ મળે. ટેલિફોનની સગવડ નહીં એટલે દેશના વાસી સમાચાર પત્રો કે કોઈ આવનાર સાથે આવતી ચિઠ્ઠીઓ દ્વારા મળે. સારામાઠા સમાચાર હોય તો તાર આવે. નમાઝ ઘરોમાં પઢાય. શરૂઆતમાં તો રમઝાન અને ઈદ આવે અને જાય તેની ખાસ ખબર ન પડે. પછીથી ઈદની નમાઝ માટે ટાઉનમાં હોલ ભાડે રખાતા. કયાંક પાર્કમાં પણ ઈદની નમાઝ થતી.

આ ગાળામાં બ્રિટનસ્થિત વડીલોની વાતોમાં એવો ઉલ્લેખ આવે છે કે શરૂઆતમાં જે વહોરા પટેલો બ્રિટન આવી વસ્યા તેમનામાં સહકારની ભારે ભાવના હતી. નવા આવનારને રહેવાની સગવડ કરી આપે, કામે ન ચઢે ત્યાં સુધી પૈસા લીધા વગર રાખે અને ખવડાવે, ઈન્ડિયા ઘરે મોકલવા પૈસા ઊછીના આપે, કામ શોધવામાં મદદ કરે અને બધી રીતે હિંમત આપે. આમ, બ્રિટનમાં વહોરા પટેલોની પ્રથમ પેઢી એકબીજાની હૂંફ અને ટેકાથી જ ટકી રહી, અને મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરતી રહી. સખત મજૂરી કરીને પણ આ વહોરા પટેલો સૂટ ટાઈમાં ફરતા અને રજાના દિવસે બીજા ટાઉનમાં જઈ મિત્રો સાથે મહેફિલો જમાવતા.

૧૯૬૫-૭૦ના ગાળામાં ઈન્ડિયાથી ગૃહિણીઓને બ્રિટન બોલાવવાની શરૂઆત થઈ. આ વહોરા પટલાણીઓએ પણ આરમ્ભના દિવસોમાં ઘણી મુશ્કેલીઓ વેઠી. બાથરૂમોના અભાવે કોલસા ભરવાની કેબીનમાં નહાવાનું, હાથે કપડાં ધોવાનાં અને વાસણો માંજવાના, ડિસ્પોઝેબલ નૅપીઓ નહીં એટલે રોજ બાળોતિયાં ધોવાનાં, રસોઈ કરવાની અને ઠંડીમાં ઓવરકોટ પહેરી મિલમાં મજૂરીએ જવાનું.

પગભર થયા એટલે વહોરા પટેલોએ પ્રથમ ચિંતા મસ્જિદ-મદ્રસાની સ્થાપના માટે કરી. પોતાનાં બાળકોને ઈસ્લામની તાલીમ મળે એ માટે મદ્રસાઓની સુવિધા કરી. ભારતથી આલિમો, ઉસ્તાદોને બોલાવ્યા. આમ, સાહસિક અને દીનદાર વહોરા પટેલોની પ્રથમ પેઢીએ દીની તાલીમ માટેનું માળખું ઊભું કર્યું. મકતબ-મદ્રસા ઉપરાંત કાળક્રમે દારૂલ ઉલૂમોની સ્થાપના કરી. બરી, લેન્કેશાયરના પ્રથમ દારૂલ ઉલૂમની સ્થાપનામાં ભરૂચી વહોરા પટેલોનો મોટો હાથ છે.

આપણા બાળકો ઈસ્લામી માહોલમાં શિક્ષણ પ્રાપ્ત કરે તે માટે આપણી ‘ફેઈથ સ્કૂલો’ હોવી જોઈએ તેવી સૌ પ્રથમ ચળવળ મૂળ સિતપોણના બ્રેડફોર્ડસ્થિત અબ્દુલ્લાહ પટેલ ‘આઝાદ’એ ચલાવેલી. એના પગલે પછીથી વહોરા પટેલો સંચાલિત ગર્લ્સ હાઈ સ્કૂલો ઊભી થઈ. વહોરા પટેલોની આ અર્ધશિક્ષિત પણ વ્યવહારુ અને સમજદાર પ્રથમ પેઢીએ તનતોડ મહેનત કરી, નાનાં મોટાં બલિદાનો આપી, બ્રિટનમાં આપણા સમાજ માટે જે સંસ્થાઓનું નિર્માણ કર્યું તે ખરેખર પ્રસંશનીય છે. તેમનું આ યોગદાન કદી ભૂલાવું ન જોઈએ.

૧૯૭૦ના ગાળામાં ભારતથી કુટુંબો સાથે નાનાં બાળકો આવ્યાં. તેમને શાળામાં અંગ્રેજી ભાષાની મુશ્કેલી રહી. આને કારણે અભ્યાસમાં જે પ્રગતિ થવી જોઈએ તે થઈ શકી નહીં. મોટે ભાગે આ બીજી પેઢીના વહોરા પટેલો હાઈ સ્કૂલ સુધીનો અભ્યાસ પૂરો કરી કામે લાગી ગયા અને એ રીતે કુટુંબની આવકમાં સહાયક બન્યા.

બ્રિટનના તે સમયના વડા પ્રધાન મિસિસ થેચરના સમયમાં કોટન મિલો બંધ થતાં બેકાર બનેલા વહોરા પટેલોને કંઈક નવું કરવાની ફરજ પડી. આવી પડેલી બેકારીનો લાભ લઈ કેટલાક સાહસિક પટેલોએ પોતાના સ્વતંત્ર ધંધા શરૂ કર્યા. કેટલાકે ન્યૂઝપેપરની દુકાનો કરી, કેટલાકે ગ્રોસરીની અને વધુ સાહસિકોએ ગાર્મેન્ટ્સ તથા કર્ટન્સની ફેકટરીઓ કરી. બોલ્ટનના હેલીવેલ રોડ પર સૂફી મનુબરીએ સૌ પ્રથમ એશિયન ફુડની ટેઈક અવે શરૂ કરેલી.

સારા જીવનધોરણ માટેના જે હેતુથી વહોરા પટેલો બ્રિટન આવેલા તે હેતુ બીજી પેઢી સુધીમાં સિદ્ધ થયો. પોતાની માલિકીનું મકાન, ગાડી, અન્ય સગવડો ઉપરાંત ભારતમાં પોતાનાં સ્વજનોને આર્થિક સહાય, બેવાઓ યતીમોને મદદ, પોતાના ગામની મસ્જિદો, મદ્રસાઓ, સ્કૂલો, રસ્તાઓ, દવાખાનાઓ વગેરે જેવાં જાહેર કામો માટે ઉદાર દિલે દાન, આમ અનેક રીતે બ્રિટિશ વહોરા પટેલો સદ્ધર થયા. ત્રીજી પેઢી જે અહીં જન્મી અને ઊછરી તેમને આ સમૃદ્ધિ વારસામાં મળી.

બ્રિટનમાં વહોરા પટેલોની વસાહતને અડધી સદી જેટલો સમય પૂરો થયો છે. હાલની ત્રીજી પેઢી બ્રિટનમાં જ જન્મી અને ઊછરી છે. આ અર્થમાં એ બ્રિટિશ વહોરા પટેલો કહેવાય.

વહોરા પટેલો ભારતથી કયા સંજોગોમાં બ્રિટન આવી વસ્યા, શરૂઆતમાં પરદેશમાં વસવાટની કેવી મુશ્કેલીઓ વેઠી, જાતમહેનતથી કઇ રીતે પગભર થયા વગેરે માહિતી રસપ્રદ અને ઉપયોગી ગણાય. વળી, આપણી હાલની યુવા પેઢી ભારતના અને અહીંના આપણા ભૂતકાળથી અજાણ છે. જૂની પેઢીના વહોરા પટેલો જે સાહસ કરી બ્રિટન આવ્યા અને મુશ્કેલીઓ વેઠી સ્થિર થયા અને આપણું ધાર્મિક તથા સામાજિક માળખું સુરક્ષિત રાખ્યું એ વાતની કદર (appreciation) યુવા પેઢી બૂજે એ જરૂરી છે.

આ યુવા પેઢીને વહોરા પટેલો તરીકેનાં આપણાં મૂળ (roots)ની જાણકારી મળે, તેઓ બ્રિટનમાં હાલ આર્થિક, શૈક્ષણિક, વ્યાવસાયિક, રાજકીય, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે વહોરા પટેલોનું શું સ્થાન છે તે સમજે, આપણા સમાજનાં મૂલ્યો (values)થી પરિચિત થાય, સમાજની સમસ્યાઓને પારખે (identify), એના ઉકેલ માટે સક્રિય થાય, વહોરા પટેલ સમાજ સાથે તાદાત્મ્ય (identify oneself with) કેળવે, સામાજિક માળખું અને આપણા સામાજિક મૂલ્યો આત્મસાત્ (internalise) કરે તથા સમાજના વિકાસમાં સામેલ થઈ પોતાનો ફાળો આપે એવા હેતુથી બ્રિટનના વહોરા પટેલોનો આ ઈતિહાસ પ્રસ્તુત છે.

બ્રિટનમાં વહોરા પટેલોની વસતી મુખ્યત્વે ઉત્તરીય ઈંગ્લેન્ડના કાપડ નગરો (textile towns) – બોલ્ટન, બ્લૅકબર્ન, પ્રેસ્ટન, માન્ચેસ્ટર, લેન્કાસ્ટર, ચૉરલી અને ડયુઝબરીમાં છે. આ ઉપરાંત લંડન, લેસ્ટર, બર્મિંગ્હામમાં પણ વહોરા પટેલો વસે છે. આ બધાં નગરો, શહેરોમાં અમારા સહાયક મિત્રોની મદદથી વહોરા પટેલો વિષેની શકય એટલી માહિતી એકઠી કરી શકયા છીએ. આમાં વહોરા પટેલોની વસાહતનો ભૂતકાળ તથા તેમની વર્તમાન પરિસ્થિતિનો સમાવેશ થાય છે. માહિતી એકત્ર કરવાની સરણી (channel) કે નૅટવર્કના અભાવે અહીં પ્રસ્તુત વિગતો અધૂરી કે ત્રુતિયુક્ત હોઈ શકે.




બ્રિટનના વહોરા પટેલ સમાજની દશા વિષેની માહિતી ઉપરાંત આપણી સમસ્યાઓ અંગે પણ અભ્યાસ થયો છે. યુવા પેઢીની આપણી સામાજિક સમસ્યાઓ વિષેની સૂઝસમજ કેવી છે (their perception), અને તેના ઉકેલ બાબત તેઓ શું સૂચવે છે તે જાણવા અમે પ્રશ્નાવલિ (questionnaire) તૈયાર કરી કેટલાક યુવાનોને આપેલી. આનો અમારી અપેક્ષા મુજબનો પ્રતિભાવ મળ્યો નથી. આ સર્વેક્ષણ (survey)માં આપણી યુવા પેઢીને જોઇએ તે રીતે પરોવી શકાઇ નથી. છતાં આ પ્રયાસથી બ્રિટનના વહોરા પટેલ સમાજની દિશા અંગે થોડા સંકેતો મળશે એવી અપેક્ષા છે.

બ્રિટિશ વહોરા પટેલ સમાજના સેવાભાવી સંશોધકોએ પ્રત્યેક નગરમાં આપણા સમાજ સંદર્ભે જે માહિતી એકત્રિત કરી તે હવે પછીનાં પ્રકરણોમાં પ્રસ્તુત છે.

## ૫.૧
## લંડનમાં ભરૂચી વહોરા પટેલો
*ઈસ્માઈલ એમ. ખૂણાવાલા*

**પ્રથમ વસાહતીઓ:**

પ્રાપ્ય માહિતી અનુસાર મૂળ વાંસી ગામના જનાબ અહમદભાઈ પટેલ ઉર્ફે બેલશી ૧૯૫૭ના માર્ચ મહિનામાં પ્રથમ પ્રેસ્ટન ખાતે અને પાછળથી લંડન ખાતે સ્થાયી થયા. ત્યાર પછી ટંકારીઆના જનાબ મસ્તાન સાહેબ બંગલાવાલા ૧૯૫૮ના પ્રારંભમાં પ્રેસ્ટન ખાતે અને પાછળથી લંડન ખાતે વસ્યા. એજ પ્રમાણે નબીપુરના મર્હૂમ જનાબ વલીભાઈ ભૂરાવાલા સૌ પ્રથમ લેન્કેશાયરમાં અને પાછળથી લંડનમાં આશરે ૧૯૫૮ના વર્ષની મધ્યમાં આવીને વસ્યા. લેન્કેશાયર અને યોર્કશાયરના ટૂંકા વસવાટ પછી કેટલાક વહોરા પટેલોએ ઈન્ગ્લેન્ડની રાજધાની લંડન પ્રતિ લગભગ ૧૯૬૦ પછી પ્રયાણ કર્યું, અને ૧૯૬૫ સુધીમાં કેટલાંક ગણ્યાગાંઠયાં કુટુંબો શરૂઆતમાં લંડનના આલ્ડગેટ ઈસ્ટ, વ્હાઈટ ચેપલ અને પેડિંગ્ટન, લંડન વેસ્ટ જેવા વિસ્તારોમાં લંડનમાં ફાવી જશે તો રહીશું, નહિતર ફરી પાછા લેન્કેશાયર જતા રહીશું એવા નિર્ધાર સાથે ભાડાના મકાનોમાં સ્થાયી થવા લાગ્યા.

**વ્યવસાય:**

લંડન ખાતે કોમની વાણિજ્ય બુદ્ધિ ધરાવતી કેટલીક વ્યક્તિઓએ કપડાં સીવવાની નાની નાની ફેકટરીઓ શરૂ કરી વેપારમાં ઝંપલાવ્યું. કેટલાક લોકો રેલ્વે, લંડન અંડરગ્રાઉન્ડ, પોષ્ટ ઓફિસ, ગવર્નમેન્ટ સર્વિસ અને બેંકોમાં તથા નાની મોટી ફેકટરીઓમાં કામ કરવા લાગ્યા. કૌટુંબિક સંખ્યામાં વધારો થતાં અને આર્થિક હાલત સુધરતાં વહોરા પટેલોએ પોતાનાં મકાનો ખરીદવાનું શરૂ કર્યું. ત્યાર બાદ લંડનના ન્યુહામ અને રેડબ્રીજ જેવા બરોમાં ઈસ્ટહામ, મેનરપાર્ક, ફોરેસ્ટગેટ, લેટનસ્ટોન, ઈલ્ફોર્ડ, ગુડમેઝ, સેવનકિંગ્ઝ, સ્ટેમ્ફોર્ડહિલ તેમજ લંડન વેસ્ટમાં પેડિંગ્ટન જેવા વિસ્તારોમાં મકાનો ખરીદી રહેવા લાગ્યા. આજે લંડનનો કોઈ ખૂણો એવો નથી જ્યાં વહોરા પટેલોનું એકાદ કુટુંબ આપણને નજરે ના પાડે.

વહોરા પટેલોનો મુખ્ય વ્યવસાય વેપાર અને નોકરી છે. આજે તો વેપાર ક્ષેત્રે વહોરા પટેલોએ સારી પ્રગતિ અને સિદ્ધિ મેળવી છે. જે લોકો નાના

સ્ટોર્સ અને માર્કેટો કરતા હતા તે વહોરા પટેલો આજે મોટા મોટા સ્ટોર્સ, રેસ્ટોરાં અને દુકાનોના માલિક છે, જેમાં મનુબર ગામના જનાબ યુસુફભાઇ ચામડિયા બ્રધર્સ, સઇદભાઇ હાફેજી, ચુનિયા બ્રધર્સ, મુસ્તાક તથા સલીમભાઇ ચામડિયા બ્રધર્સ, સાલેહ બ્રધર્સ; વડવાના સઇદ ગફુર; કંથારીઆ ગામના અબ્દુલ સમદ મેઝા ફેમિલી, યાકુબભાઇ દલાલ ફેમિલી, શેઠ બ્રધર્સ, કોથીઆ બ્રધર્સ તેમજ કરમાડ ગામના નેકીવાલા બ્રધર્સ, ખોટા ફેમિલી તથા નબીપુર ગામના ઘોઘા બ્રધર્સ, લોલા ફેમિલી, અકુજી બ્રધર્સ, છબુ ફેમિલી તેમજ ટંકારીઆ ગામના જનાબ ઈબ્રાહીમ દેસાઇ, દસુ બ્રધર્સ, મામુજી બ્રધર્સ, ઈનાયત ડેલાવાલા, રંગુની બ્રધર્સ તેમજ જનાબ ફેમિલી; દયાદરા ગામના ગુલામ બાજીભાઇ નોબલ લેધર્સવાલા, આફ્રિકાથી આવેલા આછોદ ગામના જનાબ અમીનભાઇ ઉમરજી પટેલ તથા અરગામા ગામના ઈબ્રાહીમ ઍન્ડ સન્સ વાળા ઐયુબભાઇ તેમજ અલીભાઇ ફેમિલી, ઝંઘાર ગામના સાલેહ તેમજ ઉદાત ફેમિલી, ઉમરાજના ભડ તથા ભાયજી ફેમિલી, વલણ ગામના ડકરી ફેમિલી, પાલેજના સાદિકભાઇ બુટવાલા ફેમિલી તથા મુકરદમ પટેલ બ્રધર્સ જેવાનો સમાવેશ થાય છે.

**શિક્ષણ:**

શિક્ષણના ક્ષેત્રે પણ લંડનના વહોરા પટેલોએ નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. શરૂઆતની શિક્ષિત વ્યક્તિઓમાં ટંકારીઆના જનાબ એ.યુ.પટેલ સાહેબ અગ્રસ્થાને છે. પ્રથમ ગવર્નમેન્ટ સર્વિસ અને પાછળથી શિક્ષક તરીકેની કારકિર્દી એમણે નિવૃત્તિ સુધી સંભાળી રાખી અને એક સારા આદર્શ શિક્ષક તરીકેની ખ્યાતિ મેળવી. શિક્ષણ ક્ષેત્રે એમનું યોગદાન અમુલ્ય છે. ઉમદા ટયૂશન દ્વારા એમણે અનેક વિદ્યાર્થીઓનું જીવન ઉજળું બનાવ્યું છે. એમની દીકરીઓ બિલ્કીસ અને કુલસુમ બ્રિટન ખાતે આપણી કોમની પ્રથમ ગ્રેજ્યુએટ્સ છે અને બંનેવ વરસોથી લંડનમાં શિક્ષિકા તરીકે સેવા બજાવી રહી છે. અહીંની વહોરા પટેલ કોમમાં બિલ્કીસને પ્રથમ શિક્ષિકા બનવાનું બહુમાન પ્રાપ્ત છે.

આપણી કોમની યુવા પેઢીએ પણ શિક્ષણ ક્ષેત્રે સારી એવી પ્રગતિ સાધી છે. આજે કોમમાં મોટી સંખ્યામાં ડૉકટર્સ, સોલિસિટર્સ, ફાર્મસિસ્ટ્સ, ડેન્ટિસ્ટ્સ, એકાઉન્ટન્ટ્સ, બેંકર્સ, ઓપ્ટિશિયન્સ, ટીચર્સ, ઈસ્લામિક સ્કોલર્સ તથા સરકારી નોકરીઓમાં પણ ઉચ્ચ અધિકારીઓ જોવા મળે છે.



મૂળ હલદરવાના **ડૉ. અલીમુદ્દીન ઝુમલા** યૂનિવર્સિટી કોલેજ લંડનની મેડિકલ સ્કૂલમાં ચેપી રોગોના વિભાગમાં પ્રોફેસર છે. તેમને ટીબી અને ઍચ.આઈ.વી. જેવા રોગોમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સાથે નોંધપાત્ર સંશોધન અને કામગીરી બદલ ઈન્ડિયન હાઈ કમિશ્નર શ્રી રાજેશ પ્રસાદના હસ્તે સપ્ટેમ્બર ૨૦૧૧માં મેડિસિન માટેનો ૨૦૧૦નો ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન એવોર્ડ આપવામાં આવ્યો હતો. અન્ય ડૉકટરોમાં ટંકારીઆ ગામના જનાબ ઈસ્માઈલભાઈ ખૂણાવાલાના પુત્રી ડૉ. શમીમ ઓક્ષ્ફોર્ડ યૂનિવર્સિટીમાંથી ડૉકટરની ડિગ્રી મેળવનાર સૌ પ્રથમ વહોરા મહિલા છે. હાલમાં ઓર્થોપિડિક કન્સલ્ટન્ટ છે. ટંકારીઆની બીજી ફેમિલીઓમાંથી ઈનાયતભાઈ ડેલાવાલાના પુત્રી ડૉ. સવાના તેમજ પુત્ર ડૉ. શાહઝાદ, અબ્દુર્રઝાક ટીલુના પુત્ર ડૉ. જુનેદ, જનાબ શફીભાઈ પાવડિયાની સુપુત્રી તથા ખુશી ફેમિલી, પોશી તથા બાપુજી ફેમિલીમાંથી પણ કેટલીક ડૉકટર મહિલાઓ જોવા મળે છે. એ જ પ્રમાણે વડવા ગામના ડૉ. યુસુફ પટેલ પુરુષવર્ગમાં અગ્રસ્થાને છે. નબીપુર ગામના અબ્દુલભાઈ છબુના પુત્રી ડૉ. ઈરફાના તથા દાઉદભાઈ બુથના ફરઝંદ ડૉ. અનીસ, ઉમરાજ ગામના ભડ તથા ઉઘરાદાર કુટુંબોમાં ડૉ. શોએબ તથા ડૉ. મોહસીન ભડ અને મનુબરના ઐયુબ મુસા ઘીસાના ફરઝંદ નિઝામુદ્દીન જેવા નવ યુવાનો જોવા મળે છે. મારી માહિતી મુજબ ફક્ત લંડનમાં જ

વહોરા પટેલ કોમના લગભગ ૧૫ જેટલા ડૉકટરો છે જેમાં મહિલાઓની સંખ્યા વધુ છે.

એજ પ્રમાણે લૉ ગ્રેજ્યુએટ્સ પણ ઘણા છે, જેમાંના પાંચેક જેટલા વકીલાત કરતા જણાય છે. અહીંનું શિક્ષણ ખર્ચાળ હોવા છતાં વહોરા પટેલો પોતાનાં બાળકોને ખાનગી ટયૂશન અપાવી તથા પ્રાઈવેટ સ્કૂલોમાં ભણાવી શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવવાની તકો પૂરી પાડતા જણાય છે. ઘણા વિદ્યાર્થીઓ હવે ઓક્ષ્ફર્ડ અને કેમ્બ્રિજ જેવી વિશ્વવિખ્યાત યૂનિવર્સિટીઓમાં શિક્ષણ લઈ રહ્યા છે જે આપણી કોમનું જમા પાસું કહી શકાય. શિક્ષણ ક્ષેત્રે પ્રયાણ ગોકળ ગાયની ગતિએ થયું હતું પરંતુ આજે સિંહફાળે ઝડપી પ્રગતિ થઈ રહી છે.

**સંસ્થાઓ:**
મસ્જિદો તથા દીની મદ્રસાઓ દરેક વિસ્તારમાં ઠેર ઠેર જોવા મળે છે. બાળકો હોંશે હોંશે દીની તાલીમ લઈ રહ્યાં છે. ઉસ્તાદો અને વાલીઓની મહેનતને કારણે ઘણાં બાળકો હાફિઝે કુર્આન છે. લંડનમાં વહોરા પટેલોનાં આશરે ૨,૦૦૦ જેટલાં બાળકો દીની તાલીમ લઈ રહ્યાં છે.



ટંકારીઆ ગામના **મુફતી મુસ્તફા પટેલ** સાહેબ, ચીસલહર્સ્ટ, કેન્ટમાં **દારૂલ ઉલૂમ** (Institute of Higher Islamic and Secondary Secular Education) ચલાવે છે જેના તેઓ પ્રિન્સીપાલ છે, તો ખંખારા ફેમિલીના નવયુવાન જનાબ હનીફભાઇ ખંખારા પોતાના ફોરેસ્ટગેટ વિસ્તારમાં જામિયહ અલમદનિયહ નામની પ્રાયમરી સ્કૂલ ચલાવે છે. ઇલ્ફર્ડ ઇસ્લામિક સેન્ટર પણ વહોરા પટેલ સંચાલિત છે.

૧૯૯૩માં રચાયેલું 'ભરૂચ મુસ્લિમ મેડિકલ ઍન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, યુ.કે.' ખાસ કરીને રમઝાનમાં 'ખિદમતે ખલ્ક'ના સિદ્ધાંતને વરેલી ભરૂચ હોસ્પિટલના ગરીબ દર્દીઓ માટે પોતાના ટ્રસ્ટી નૅટવર્ક થકી યુ.કે.ના વિવિધ ટાઉનો અને શહેરોમાં ઝકાત વગેરે ઉઘરાવાની કામગીરી કરે છે. કંથારીઆના યાકુબ વલી દલાલ આ ટ્રસ્ટના પ્રમુખ છે. બોલ્ટનના યાકૂબ ઉમરજી મેન્ક એના સેક્રેટરી અને બ્લૅકબર્નના અલી ઇસા વલી સિતપોણવાલા એના ખજાનચી છે.




સમગ્ર લંડનમાં વહોરા પટેલોનાં આશરે ૬૫૦ થી ૭૦૦ જેટલાં કુટુંબો છે. વસ્તી લગભગ ૫,૦૦૦ની આજુબાજુ છે. અનેક નાની મોટી સંસ્થાઓ છે. **'ઇન્ડિયન મુસ્લિમ ઍસોસિયેશન, ગ્રેટ બ્રિટન'**ની સ્થાપના **યાકુબ પટેલ સારોદી** (ઍડવોકેટ)ની પ્રેરણાથી થઇ. ૫ ઓકટોબર ૧૯૬૯ના રોજ હાઇડ

પાર્ક સ્પીકર કોર્નર ખાતે યાકુબ પટેલ સારોદીના અધ્યક્ષપદે જાહેર સભા યોજાયેલી. આ સભામાં વિરોધ કૂચ (protest march)નું આયોજન થયું તે મુજબ ઈન્ડિયન હાઈ કમિશ્નરને ભારતમાં થતાં મુસ્લિમ વિરોધી રમખાણો અટકાવવા ભારત સરકારને અપીલ કરતું આવેદનપત્ર અપાયું. આની નોંધ યુ.કે.નાં વર્તમાનપત્રો, બી.બી.સી. રેડિયો તથા જર્મની રેડિયોએ લીધેલી. આનો પડઘો ભારતના જાણીતા અખબાર અમૃતબજાર પત્રિકામાં પણ પડયો. પછીથી આ સંસ્થાનું 'ઈન્ડિયન મુસ્લિમ ફેડરેશન' એવું નામકરણ થયું અને હાલ યુ.એન.ઓ.ની બિનસરકારી સંસ્થા (NGO) તરીકે કાર્યરત છે. એમાં ભરૂચ જિલ્લાના વહોરા પટેલોનું નોંધપાત્ર સભ્યપદ છે. ન્યુહામ બ્રાન્ચના પ્રમુખ અને સેક્રેટરી તરીકે જનાબ અહમદભાઈ નેકીવાલા અને દયાદરાના ઐયુબભાઈ દરબાર તથા મનુબરના જનાબ હારૂનભાઈ ચામડિયા તથા સઈદભાઈ ચુનિયા અગ્રસ્થાને છે. હાલમાં એક બે કોમ્યુનિટી સેન્ટરો પણ જોવા મળે છે.

નવયુવાનો યુથ કલબો બનાવે છે. ક્રિકેટ અને ફુટબોલ જેવી રમતોમાં હોંશે હોંશે સક્રિય ભાગ લે છે. ક્રિકેટની લીગ કલબોમાં સ્પર્ધાઓ યોજાય છે જેમાં વિજેતા ટીમોને અને વ્યક્તિગત ખેલાડીઓને ટ્રોફીઓ પણ આપવામાં આવે છે. આનંદપ્રમોદની અન્ય પ્રવૃત્તિઓનું પણ આયોજન થાય છે. લીગ ક્રિકેટ કલબોની રચનાત્મક પ્રવૃત્તિનો પ્રારંભ સૌ પ્રથમ જનાબ હારૂનભાઈ ચામડિયા, સાદિકભાઈ બુટવાલા, મર્હૂમ ઈદ્રિસભાઈ ચુનિયા તથા અબ્દુલભાઈ છબુ જેવી ઉત્સાહી વ્યક્તિઓએ કરેલ જે પ્રવૃત્તિ આજે ઘટાદાર વૃક્ષની માફક ફૂલીફાલી છે. પરિણામે કેટલાક નામાંકિત લીગ ક્રિકેટરો પણ નજરે પડે છે.

ટંકારીઆના દિલાવર ખોડામાસ્તર, **બશીર ખોડા**, યુસુફ બાપુજી, સાદીક બંગલાવાલા, યાકુબ કરીમ, ઈસ્માઈલ ખૂણાવાલા, ઈકબાલ કાયમ મુનશી, મજીદ કાગદી તથા વડવાના ઐયુબ વલી, મનુબરના મુસ્તાક ચામડિયા તથા ઉમરાજના ભાણાભાઈ તથા બાબુભાઈ વગેરે જેવા કેટલાક નિવૃત્ત કે અર્ધ નિવૃત્ત વહોરા પટેલોએ **'પ્લેશેટ પાર્ક બોલીંગ કલબ'**ના સભ્ય બની એક ઈતિહાસ સર્જ્યો છે. આ કલબના સો વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર બિન-અંગ્રેજ એશિયન અને વહોરા પટેલ સભ્યોની હાજરી ધ્યાન ખેંચે છે જેને લઈ કલબની પ્રવૃત્તિમાં એક નવો રંગ ઉમેરાયો છે.



તાજેતરની એક બોલીંગ સ્પર્ધામાં ટંકારીઆના **બશીરભાઇ ખોડા** ટ્રોફી વિજેતા બન્યા હતા. અભિનંદન!

**જાહેર જીવન:**
રાજકારણમાં પણ વહોરા પટેલો પાછળ નથી. હાલના (૨૦૧૦) ન્યુહામ બરો વિસ્તારના ચૂંટણીજંગમાં ઝંપલાવી કેટલાક યુવાન ઉમેદવારો વિજય મેળવી કાઉન્સિલર તરીકે ચૂંટાઇ આવ્યા છે, જેમાં ખાસ કરીને વોરાસમનીના રૂસ્તમભાઇ તલાટી, કરમાડના અહમદભાઇ નેકીવાલાના પુત્રી ફિરોઝા અને દહેગામના સલીમભાઇ પટેલ તથા રેડબ્રીજ વિસ્તારમાં મહુધલાના સોયેબ પટેલના નામો અગ્રસ્થાને છે. આ રીતે રાજકીય ક્ષેત્રે પણ આપણી યુવા પેઢીએ પગદંડી બનાવી છે જે તેમને ધારાસભાના સભ્ય બનવા સુધી લઇ જાય એવી આશા અને દુઆ છે.



વલણના યુસુફભાઇ બંગલાવાલાના સુપુત્ર **ઇનાયત બંગલાવાલા** 'મુસ્લિમ કાઉન્સિલ ઓફ બ્રિટન'ના આગળ પડતા સભ્ય અને મીડિયા સેક્રેટરી હોઇ મુસ્લિમ કોમને લગતા પ્રશ્નોની નેશનલ લેવલે ટેલિવિઝન અને સમાચાર પત્રોમાં હંમેશાં સુંદર અને ધારદાર રજૂઆત કરતા રહે છે.

Talk Shows અને રેડિયો તથા ટેલિવિઝન ઇન્ટરવ્યૂઓમાં MCBનું પ્રતિનિધિત્વ કરે છે. અહીંના જાણીતા સમાચારપત્રો The Times, The

Guardian, Daily Telegraph અને Daily Express માં મુસ્લિમો અને ઈસ્લામને લગતા માહિતીસભર લેખો લખે છે. તેઓ Muslims4UK નામના ગ્રૂપના સ્થાપક અને અધ્યક્ષ છે જેનો હેતુ બ્રિટનની લોકશાહી પ્રણાલીઓમાં રહી મુસ્લિમ કોમને અહીંના લોક જીવનમાં વિશેષ હિસ્સો લેવા ઉત્તેજન આપવાનો છે.

સિરાજ પટેલ પગુથનવીના સુપુત્ર રિયાઝ પટેલ હોમ ઓફિસના જસ્ટીસ ડિપાર્ટમેન્ટના આંતરરાષ્ટ્રિય નિયામકમંડળ (international directorate)માં ઉચ્ચ સ્થાને છે.

કવિ, સાહિત્યકાર જિગર નબીપુરી એમના લંડન વસવાટ દરમિયાન લંડનથી પ્રગટ થતાં સી.બી.પટેલના 'ગુજરાત સમાચાર' તથા વિપુલ કલ્યાણીના 'ઓપિનિયન' જેવાં સાપ્તાહિક અને માસિક સામયિકો સાથે સંકળાયેલા રહ્યા છે.

**સિદ્ધિ:**

વ્યક્તિગત સિદ્ધિઓ ઉપરાંત લંડન સ્થિત વહોરા પટેલોએ સામુહિક સિદ્ધિ પણ મેળવી છે. રોમફોર્ડ, ફોરેસ્ટગેટ વિસ્તારનું "મુસ્લિમ પટેલ કબ્રસ્તાન" આ સિદ્ધિનું પ્રતીક છે જેના સંચાલકો જનાબ અહમદભાઇ કીડિયા, ઈબ્રાહીમભાઇ નમાજી, દાવૂદભાઇ કંબોલીવાલા, દાવૂદભાઇ થાવા તેમજ નબીપુરના ગુલામભાઇ ઠાકોર છે. આ કાર્યવાહક કમિટી ઘણા સમયથી સુંદર સેવા બજાવી રહી છે. અલ્લાહ પાક જઝાએ ખૈર આપે.

આ ટૂંકા લેખમાં મારાથી તમામ વ્યક્તિઓ અને કુટુંબોનો ઉલ્લેખ થઇ શકયો નથી તે બદલ માફી માંગું છું. ભવિષ્યમાં વધારે માહિતી મેળવી વિગતવાર લેખ લખવાનો પ્રયત્ન કરવાની આશા રાખું છું. લેખ માટે મારી પસંદગી કરી મને પ્રોત્સાહિત કરવા બદલ મારા મિત્રો અદમ ટંકારવી અને મહેક ટંકારવી તથા સિરાજ પગુથનવીનો આભારી છું. લેખ માટે યોગ્ય સલાહસૂચનો તથા માર્ગદર્શન આપવા બદલ માધ્યમિક શાળાના મારા આદરણીય શિક્ષક અને વડીલ જનાબ એ.યુ.પટેલ સાહેબ, મારા સ્થાનિક મિત્રો જનાબ બાબુભાઇ કાકુજી અને જનાબ યાકુબભાઇ કરીમનો ઋણ સ્વીકાર કરું છું.

## ૫.૨
## લેસ્ટરમાં ભરૂચી વહોરા પટેલો
*યૂસુફ સિદાત*

**પ્રથમ વસાહતીઓ:**
મૂળ હિંગલોટના ઈસાભાઈ આદમ પટેલ ૧૯૫૫માં પ્રથમ કોવેન્ટ્રી અને પછીથી લેસ્ટરમાં સ્થાયી થયા. ૧૯૫૬માં વાગરાના ઈસ્માઈલ પટેલ ખંડાલી તથા ઝઘડિયાના ઈસ્માઈલ મહમ્મદ વલી પણ કોવેન્ટ્રીમાં આવેલા. કરમાડના અબ્દુલ્લાહભાઈ બુમા ૧૯૫૭માં પ્રથમ ડયુઝબરી અને પછી લેસ્ટરમાં વસ્યા. એ જ રીતે, ટંકારીઆના દાવૂદ ઉમરજી માસ્તર કાપડિયા ૧૯૬૧માં પ્રેસ્ટન અને પાછળથી લેસ્ટરમાં સ્થાયી થયા. ૧૯૫૭માં કરમાડના ઈસાભાઈ ઉમરજી ડેબર તથા ઈખરના હાફિઝ અબ્દુસ્સલામ આવેલા. વલીભાઈ ટેલર, મુસાભાઈ કરમાડા તથા આદમભાઈ મલ્લુ ૧૯૬૦માં આવેલા. મૂળ ટંકારીઆના ઈબ્રાહીમભાઈ નાથલિયા કોંગોથી બેલ્જીયમ જઈ ૧૯૬૮માં લેસ્ટર આવી વસ્યા. એ જ વર્ષે કરમાડના આદમ મહમ્મદ કરમાડા ટાન્ઝાનિયાથી લેસ્ટર આવી વસ્યા. હાલ લેસ્ટરમાં આશરે ૪૦૦ જેટલાં ભરૂચી વહોરા કુટુંબો છે.

**વ્યવસાય:**
લેસ્ટરમાં વહોરા પટેલો મુખ્યત્વે ટેક્ષ્ટાઈલ, ફેબ્રિક્સ મેન્યુફેકચરીંગ, પ્રોસેસીંગ તથા ગાર્મેન્ટ્સ - કપડાં સીવી તૈયાર કરવાના ધંધાઓમાં છે. ઉપરાંત નાની દુકાનો, આયાત નિકાસનો વેપાર, ટેક્ષી, રેસ્ટોરાં, ટેકઅવે, કૅશ ઍન્ડ કેરીમાં પણ ખરા.

મોટા ઉત્પાદકોમાં વલણના ઈસ્માઈલભાઈ ડકરીની ફેમિલી તથા કહાનના અહમદ આદમ ઍન્ડ કો. (અહમદજી), ટૉપિક ફેબ્રિક્સવાળા અબ્દુર્રહમાન આદમ, ઈબ્રાહીમભાઈ મલ્લુ તથા નાથલિયા ફેમિલીનો સમાવેશ થાય છે.

યુવા પેઢીમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા વ્યાવસાયિક કારકિર્દીવાળા લોકોની સંખ્યા નીચે મુજબ છે:

ડૉક્ટરો ૮, ડેન્ટિસ્ટ ૬, ઓપ્ટિશિયન ૪, ફાર્મસિસ્ટ ૧૨, એકાઉન્ટન્ટ ૮, ટીચર ૯, આલિમો ૩૫, અન્ય ૧૫ (સોલિસિટર્સ, કોમ્પ્યુટર ટેકનિશિયન વગેરે).

**સંસ્થાઓ:**
લેસ્ટરમાં ૩૫ મસ્જિદો, ૭૦ મદ્રસા, ૫ દારૂલ ઉલૂમો, ૫ મુસ્લિમ સ્કૂલો છે. પણ તેની સ્થાપના અને સંચાલનમાં માત્ર ભરૂચી વહોરા પટેલો જ નહીં પણ અન્ય મુસ્લિમ સમાજો પણ સામેલ છે.

મૂળ કંથારીઆના ઈબ્રાહીમ ઠાકોરની સુપુત્રી આયેશા દેસાઇ લેસ્ટરની પ્રથમ મુસ્લિમ ગર્લ્સ સ્કૂલના હેડટીચર હતાં. આ સ્કૂલના વિકાસમાં તેમનું પ્રદાન નોંધપાત્ર છે, જેના પરિણામે પછીથી મદની હાઈસ્કૂલ અસ્તિત્વમાં આવી.

મૂળ સિતપોણના શયખ અશરફ મુકદમે દારૂલ ઉલૂમ, બરી અને કૈરોના અલ્ અઝહરથી આલિમની પદવી લઇ તે પછી ઈસ્લામિક સ્ટડીઝમાં ડોકટરેટ કર્યું. હાલ મદની હાઈસ્કૂલ અને ઈસ્લામિક અકાદમીના ટ્રસ્ટી તથા યૂનિવર્સિટી લેકચરર છે.

લેસ્ટરમાં યુવા પ્રવૃત્તિ માટે કે વૃદ્ધો માટે ભરૂચી વહોરા પટેલ સંચાલિત કોઇ સુવિધા કે સંસ્થા નથી.

**જાહેર જીવન:**
મૂળ કાવીના ઈકબાલ દેસાઇ તથા રહાડપોરના હુસૈન ઈસ્માઈલ સુલેમાન લેસ્ટરમાં કાઉન્સિલરો છે. મર્હૂમ ઈબ્રાહીમ નાથલિયા ‘ધ ભરૂચ મુસ્લિમ મેડિકલ ઍન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, યુ.કે.’ના પ્રથમ સેક્રેટરી હતા, લેસ્ટરની પ્રખ્યાત મસ્જિદે ઉમરના સ્થાપક સભ્ય હતા અને આજીવન સમાજસેવામાં સક્રિય હતા. જનાબ યાકુબ દસુ લેસ્ટર એશિયન બિઝનેસ ઍસોસિયેશનમાં વિવિધ હોદ્દાઓ પર હતા. મૌલાના ઈબ્રાહીમ મોગરા મુસ્લિમ કાઉન્સિલ ઑફ બ્રિટન તથા લેસ્ટર ઈન્ટરફેઈથની પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે. તેઓ મુસ્લિમ મેટર્સમાં સરકારના સલાહકાર છે જે વહોરા પટેલો માટે ગૌરવની વાત કહેવાય.

## ૫.૩
## બર્મિન્ગહામ
*અઝમત ખાંધિયા*

**પ્રથમ વસાહતીઓ:**
યુ.કે.ના બીજા નંબરના આ મોટા શહેરમાં મૌલાના મોહમ્મદ મુનવ્વરી સાહેબ અને હાજી અહમદ અને હાજી ઈસ્માઈલ સુલેમાને ૧૯૬૨ની આસપાસ પ્રથમ વસવાટ શરૂ કરેલો. ત્યાર બાદ તેમાં ઉમેરો થતાં ટંકારીઆના હાફેઝ ઈસ્માઈલ તથા અન્ય કુટુંબો મળી અત્યારે ૪૫ જેટલાં વહોરા પટેલોનાં કુટુંબો છે.

અહીં વહોરાઓ સંચાલિત 'મસ્જિદે આયેશા' નામની એક મસ્જિદ અને મદ્રસા છે. જામે મસ્જિદમાં મૌલાના ફારૂક ખેપી સાહેબ ઈમામત તરીકેની સેવા બજાવે છે, જ્યારે સેન્ટ્રલ મસ્જિદમાં મનુબરના હાફિઝ અહમદ વર્ષોથી ઈમામત સંભાળે છે. મૌલાના મોહમ્મદ મુનવ્વરી સાહેબ વર્ષોથી અહીંની એક પાકિસ્તાની મસ્જિદમાં નિયમિતરૂપે જુમ્આનું બયાન કરે છે અને જુમ્આનો ખુત્બો તથા નમાઝ પઢાવે છે. તેઓ અહીંના બધા જ લોકોમાં ખૂબ જાણીતા છે. એક દીની આલિમ તરીકે તેમનો ઘણો સારો પ્રભાવ છે.

**વ્યવસાય:**
વ્યવસાયમાં ટંકારીઆના અઝમત ખાંધિયા શૉપીંગ બેગ્ઝનું પ્રિન્ટીંગ કામ કરે છે, જ્યારે એમના દીકરા સામાન્ય પ્રિન્ટીંગ અને ડિઝાઈનીંગના ધંધામાં છે. ટંકારીઆના હારૂન ભૂતા ઍન્ડ બ્રધર્સ કલોધીંગ મેન્યુફેક્ચરર્સ અને સપ્લાયર્સ છે. તે સિવાય ૧ એકાઉન્ટન્ટ અને બે ઍસ્ટેટ એજન્ટ્સ છે. કેટલાક ટેક્ષી ડ્રાઈવર છે. એક મેડિકલ લાઈનના અભ્યાસમાં છે. ભૂતા ફેમિલીમાં એક હાફિઝે કુર્આન છે અને એક આલિમ કોર્સમાં છે તથા બે દીકરીઓ ગ્રેજ્યુએટ અને એક દીકરી ડેન્ટિસ્ટ બની રહી છે.

**સંસ્થાઓ:**
ઓછી અને વિખરાયેલી વસ્તીને કારણે અહીં વહોરાઓ સંચાલિત કોઈ કોમ્યુનિટી સેન્ટર કે યુવાન કે મોટી ઉંમરના લોકો માટેની કોઈ સુવિધા નથી.

## ૫.૪
## માન્ચેસ્ટર - સ્ટોકપૉટમાં ભરૂચી વહોરા પટેલો
*ઐયુબભાઈ નબીપુરી*

**પ્રથમ વસાહતીઓ:**

માન્ચેસ્ટરનું નામ લઈએ એટલે મૂળ નબીપુરના જનાબ ઈસ્માઈલભાઈ કડુજી યાદ આવે. ૭૮ વર્ષીય આ વડીલ આપણી વહોરા પટેલ કોમના પ્રથમ બી.ફાર્મ. ભારતમાં ડ્રગ ઈન્સ્પેક્ટર હતા. ૧૯૬૦માં ભારત સરકારે એમને ફોરેન્ઝિક સાયન્સ શીખવા અહીં લંડન મોકલ્યા. ત્યાં એકાદ વર્ષ કામગીરી બજાવી માન્ચેસ્ટર આવ્યા જ્યાં Irlamમાં સાબુ બનાવવાની એક ફેકટરીમાં એમને રિસર્ચ કેમિસ્ટ તરીકેનો જોબ ઓફર થતાં એ સ્વીકારી ત્યાં ઠરીઠામ થયા. ૧૯૬૫ સુધી આ કામગીરી બજાવતા રહ્યા. દરમિયાનમાં જરૂરત ઊભી થતાં એમણે મૂળ વાંતરસા કોઠીના જનાબ વલી હાફેઝી અને વલણના જનાબ અલીભાઈ આયાને ૧૯૬૪-૬૫માં બોલ્ટન-પ્રેસ્ટનથી માન્ચેસ્ટર બોલાવી તેમને લેબોરેટરીમાં જોબ અપાવ્યો. નબીપુરના સઈદ પટેલ ૧૯૬૬માં અને પાલેજના યાકુબભાઈ સોડાવાલા ૧૯૬૬માં અહીં આવ્યા. ત્યાર પછી તેમાં ધીરે ધીરે ઉમેરો થતાં આજની તારીખે માન્ચેસ્ટરમાં આશરે ૪૦ જેટલાં વહોરા પટેલોનાં કુટુંબો વસે છે. વસતી ૨૦૦ની આસપાસ હશે.

**વ્યવસાય:**

જનાબ ઈસ્માઈલભાઈ કડુજી લાંબા સમય સુધી ડેટોલ સાબુ, કૉઝમેટિક્સ, ટૉઈલેટ્રીઝ અને બ્યૂટી પ્રોડકટ્સની ફેકટરીના માલિક રહ્યા. પ્રથમ પેઢીના પટેલો મિલો, ફેકટરીઓમાં કામદાર હતા. તે પછી માર્કેટ સ્ટોલ્સ, પેટ્રોલ સ્ટેશન અને દુકાનદારી જેવા પોતાના ધંધા શરૂ કર્યા. અત્યારે દયાદરાના જનાબ દાઉદભાઈ ફોજદાર 'પાઉન્ડ સ્ટોર્સ'ના કીંગ કહેવાય છે. સોડાવાલા બ્રધર્સ પણ માર્કેટીંગ ઉપરાંત પાઉન્ડ શોપ્સના માલિક છે.



માન્ચેસ્ટર એના **Rusholme curry mile** માટે ખૂબ જાણીતું છે. અહીંના **Wimslow Road** પર એક માઈલના વિસ્તારમાં એશિયન ખાણીપીણીનાં અનેક રેસ્ટોરાં, ટેકઅવેઝ અને કબાબ હાઉસીસ

આવેલાં છે જેમાં ખાસ કરીને શનિ-રવિવારે મસાલેદાર એશિયન ભોજનોના શોખીનોની ભારે ભીડ જામતી હોય છે.

એક અંદાજ મુજબ દર અઠવાડિયે ૬૫,૦૦૦ જેટલા સહેલાણીઓ સ્વાદિષ્ટ એશિયન વાનગીઓની મોજ માણવા આ curry mileની મુલાકત લેતા હોય છે જેમાં નજીકમાં જ આવેલ માન્ચેસ્ટર યૂનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉપરાંત આજુબાજુના ટાઉનોના યુવાન લોકોનો સમાવેશ થાય છે. કેટલાક વહોરા પટેલો પણ આ ધંધામાં સારી કમાણી કરી રહ્યા છે.

યુવા પેઢી શિક્ષિત છે. હાલ માન્ચેસ્ટરના વહોરા પટેલોમાં ડેન્ટિસ્ટ, આર્કિટેક્ટ, ફાર્મસિસ્ટ, સોલિસિટર્સ અને આઇ.ટી. અને કેમિકલ એન્જિનિયર્સનો સમાવેશ થાય છે.

**સંસ્થાઓ:**
ઓછી વસ્તીને કારણે વહોરા પટેલ સંચાલિત મસ્જિદ કે મદ્રેસા નથી. પણ વહોરા પટેલો અન્ય મસ્જિદ મદ્રસામાં સક્રિય ભાગ લે છે. મૂળ ટંકારીઆના હાફેજ (સૂબા) ઇસ્માઇલ અલી માલેતુજાર માન્ચેસ્ટરની ચીથમહિલ વિસ્તારની મસ્જીદમાં દીની સેવા આપે છે. ઠેઠ ૧૯૬૧માં જનાબ ઇસ્માઇલભાઇ કડુજીએ એક મદ્રસો શરૂ કરેલો જેમાં વહોરા પટેલોનાં છોકરાં ઉપરાંત પાકિસ્તાની, બંગાળી અને આરબ છોકરાંઓને પઢવાની વ્યવસ્થા હતી. અત્યારે ઇસ્માઇલભાઇ રેડિયો રમઝાનના સંચાલનમાં પણ રસ લઇ રહ્યા છે. તેમણે 'ભરૂચી વહોરા પટેલ ઍસોસિયેશન, યુ.કે.'ની સ્થાપના માટેનો વિચાર રજૂ કરી તે માટે ઘણી લાંબી કાર્યવાહી પણ કરી હતી. કમનસીબે આ ઍસોસિયેશનના વિચારને લાંબી ચર્ચાવિચારણા અને સલાહમસલતોને અંતે પડતો મૂકવો પડયો હતો.

અહીં પણ યુવા પ્રવૃત્તિ કેન્દ્ર કે વૃદ્ધો માટે કોઇ સગવડ કે સંસ્થા ઉપલબ્ધ નથી. લોકો હવે વર્ષમાં એકાદ વાર પણ એક બીજાને મળતા નથી એ વાતનું ઇસ્માઇલભાઇને દુ:ખ છે. વળી યુવાન યુવતીઓ મોટી ઉંમર સુધી શાદી કરવા તૈયાર થતાં નથી એ પણ સમસ્યારૂપ બની રહ્યું છે. એ માટે કદાચ આપણે બાળકોને આપેલી વધુ પડતી છૂટછાટ અને આઝાદી કારણભૂત હોઇ શકે છે.

**જાહેર જીવન:**
માન્ચેસ્ટરના વહોરા પટેલો રાજકીય દ્રષ્ટિએ જાગૃત છે, પણ સ્થાનિક સત્તાની સંસ્થાઓમાં ચૂંટાઈને કોઇ સત્તાસ્થાને નથી.

## સ્ટોકપૉર્ટમાં ભરૂચી વહોરા પટેલો

**પ્રથમ વસાહતીઓ:**
મૂળ કોઠી-વાંતરસાના વલીભાઈ હાફેઝી ૧૯૬૧માં પ્રથમ પ્રેસ્ટન, પછી બોલ્ટન અને છેવટે માન્ચેસ્ટરમાં સ્થાયી થયા.

હાલ સ્ટોકપૉર્ટમાં ૧૦ વહોરા પટેલ કુટુંબો વસે છે.

કુલ વસ્તી ત્રીસેક માણસોની.

**વ્યવસાય:**
પ્રથમ પેઢીના માણસોએ મિલો, કારખાનાંમાં કામ કર્યું, અને પગભર થતાં પોતાના છૂટક, જથાબંધ વેપાર શરૂ કર્યા.

૧૯૭૦ પછીના બેન્કો અને ઇલેકટ્રિક કંપનીઓમાં નોકરીએ રહ્યા. હાલ યુવા પેઢીમાં ૨ ફાર્મૅસિસ્ટ, ૧ ઇલેકટ્રિક એન્જિનિયર અને ૩ સોલિસિટર્સ છે. ૨ મોટા ધંધાઓમાં છે.

**સંસ્થાઓ:**
સ્ટોકપૉર્ટમાં ૧ મસ્જિદ અને ૧ મદ્રસો છે. ૧ કોમ્યુનિટી સેન્ટર છે. ઉપરાંત એશિયન હેરીટેજ સેન્ટર છે, જેનું સંચાલન એક વહોરા પટેલ કરે છે. આ સેન્ટરમાં એશિયન વયોવૃદ્ધ લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિવિધ સેવાઓનો પ્રબંધ કરવામાં આવ્યો છે જેમાં ઉપયોગી સલાહ, માહિતી, દુભાષિયા સેવા, હળવી કસરતો, એશિયન કૂકરી, ડ્રેસ મેકીંગ, કાર્ડ્સની રમતો, પ્રવાસો અને પર્યટનોનો સમાવેશ થાય છે.

## ૫.૫
# બોલ્ટનમાં ભરૂચી વહોરા પટેલો
*સૂફી મનુબરી*

બોલ્ટન જાણે ગુર્જર ગામ
બોલ્ટન છે મિલોનું ધામ
બોલ્ટનમાં કયાં છે વિશ્રામ
બોલ્ટનમાં બસ કામ ને કામ
બોલ્ટનમાં ઈસપ અભરામ
બોલ્ટનમાં છે ગંગારામ
બોલ્ટનમાં કાવબૉયનું પિક્ચર
બોલ્ટન આવે રામ ઔર શ્યામ
બોલ્ટન 'સૂફી' છોડે કયાંથી
બોલ્ટન એનું ઘર ને ગામ

**પ્રથમ વસાહતીઓ:**
બોલ્ટનમાં આપણી કોમના વસવાટનો આરંભ ૧૯૫૬થી થયો. મૂળ શેરપુરાના ઈબ્રાહીમ લિન્કન ૧૯૫૬માં ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થી તરીકે આવેલા. તે પછી ૧૯૫૭માં પરિયેજના વલી ઉમરજી મુન્શી આવ્યા. સન ૧૯૬૦માં ઈખરના ઈબ્રાહીમ લીટલ પટેલ, મુસા વલી પટેલ તથા હાજી ઉસ્માન આદમ આવેલા. સરનારના અહમદ મુસા બાજીભાઈ, વહાલુના ઈસાભાઈ સરપંચ તથા સારોદના યાકુબ ભાટીયા પણ ૧૯૬૦માં આવી વસ્યા. ૧૯૬૧માં દયાદરાના સુલેમાન જીવા તથા યાકુબ નાથા અને ઈખરના અહમદભાઈ ખોડા - દિલીપ આવ્યા. ઉમરાજના મુસા હસન, ઝંઘારના હાજી વલી મહમ્મદ, દાઉદભાઈ ચાંદીયા, ઈખરના ઈસ્માઈલભાઈ ખેંખા તથા અલીભાઈ છડાત, કંથારીઆના અલીભાઈ થાગીયા અને અહમદભાઈ હકીમ થાગીયા ૧૯૬૨માં આવેલા. ૧૯૬૩માં આ લખનાર સૂફી મનુબરી તથા ટંકારીઆના યાકુબ બાજીભાઈ ભૂતાવાલા આવ્યા.

૧૯૬૨માં લીટલ પટેલ, યાકુબ નાથા અને યૂસુફ ભરૂચીની માલિકીનાં ત્રણ મકાનો હતાં. દહેગામના મર્હૂમ ઈસ્માઈલ જમાલ ઘણા નવા આવનાર વહોરા ભાઈઓને લોજર તરીકે રાખતા અને જમાડતા. કુટુંબો આવતાં

થયાં એટલે બ્લૅકબર્ન રોડ પર હિબર્ટ, લેધામ, લિના, ગ્રાસમિયર વગેરે સ્ટ્રીટોમાં તથા હેલીવેલ રોડ પર હેનન, રાલ્ફ, હેરોલ્ડ વગેરે સ્ટ્રીટોમાં વસવાટ થયો. ૧૯૮૦ સુધીમાં બ્લૅકબર્ન રોડ અને હેલીવેલ રોડ ભરૂચી વહોરા પટેલોની બહુમતી વસ્તીવાળા વિસ્તારો થયા.

**ધાર્મિક શિક્ષણ**

૧૯૬૦ પછી કુટુંબો વધ્યાં એટલે બાળકોની દીની તાલીમની જરૂરત ઊભી થઇ. ૧૯૬૨માં ઇસ્લામિક કલ્ચરલ સેન્ટરની સ્થાપના થઇ. ૧૯૬૫માં મદ્રેસા માટે વૉલ્ટર સ્ટ્રીટમાં મકાન લીધું. એ મકાનમાં અલીભાઇ શેઠ અને યાકુબભાઇ દલાલ રહેતા હતા. કમનસીબે, પ્લાનીંગ પર્મીશન ન હોવાથી પોલીસ ખાતાએ આ મદ્રસાને બંધ કરાવેલો.

બોલ્ટનમાં પ્રથમ જુમ્આ ૧૩ ડર્બી સ્ટીટના મકાનમાં થઇ, જેમાં ૨૦-૨૫ ભાઇઓ હાજર હતા. પ્રથમ ઈદની નમાઝ ૧૯૬૪માં સ્પીનર્સ હોલમાં થયેલી. મર્હૂમ હાફેઝ આદમ મતાદાર વલણવાલાએ એની ઈમામત કરેલી.

બ્લૅકબર્ન રોડ વિસ્તારની પ્રથમ મસ્જિદ ૧૯૬૭માં લેધામ સ્ટ્રીટમાં થઇ. આમાં આરંભ કરનાર હતા યાકુબ નાથા, અહમદ હકીમ, વલી મહમ્મદ, અલીભાઇ થાગીયા, હાફિઝ મતાદાર, અહમદભાઇ જમાલા, ઈસપ દાદા અને બશીરભાઇ છડાત. પ્લાનીંગ પર્મીશન ન હોવાથી પોલીસ ખાતાએ આ પણ બંધ કરાવેલી. ત્યાર બાદ કેનીંગ સ્ટ્રીટમાં આવેલી હૅસ્કેથ મિલની ઓફિસીસનું મકાન ખરીદી તેમાં જરૂરી ફેરફારો કરી મસ્જિદ મદ્રસાની વ્યવસ્થા કરેલી અને વસ્તી વધારા સાથે આ જગ્યા પણ ટૂંકી પડતાં ડ્રેકોટ સ્ટ્રીટમાં જ્યાં હાલની તૈયબાહ મસ્જિદ મદ્રસા ચાલે છે તે ચર્ચની જગ્યા ખરીદવામાં આવી. ૧૯૬૮માં ડર્બી સ્ટ્રીટ પર ઝકરિયા મસ્જિદની બિલ્ડીંગ ખરીદવામાં આવી. ત્યાર પછી તો હેલીવેલ રોડ, ડીન રોડ અને અન્ય વિસ્તારોમાં વસ્તી વધતાં ત્યાં પણ નાની મોટી મસ્જિદ અને મદ્રસાની વ્યવસ્થાઓ ઊભી થતી ગઇ અને આજે બોલ્ટનમાં લગભગ ૧૫ જેટલા મસ્જિદ-મદ્રસાઓ અને ૧ દારૂલ ઉલૂમ છે.

અત્યારે આપણે જે દીની માહોલ જોઇએ છીએ તેના સર્જનમાં પ્રારંભમાં અહીં આવેલા કે મસ્જિદોની ઈમામત માટે બોલાવવામાં આવેલા વહોરા પટેલ આલિમોનો ઘણો મોટો ફાળો છે. તેમણે અનેક તકલીફો વેઠીને ટૂંકા

પગારે જે મહેનતો કરી તે આજે હવે રંગ લાવી રહી છે. તેમણે નવી પેઢીના ઉલેમાઓ અને મુદર્રિસો માટે રસ્તો તૈયાર કરી આપ્યો જેના પર ચાલી આજે અહીંના દારૂલ ઉલૂમોમાં તાલીમ પામેલા નવયુવાન ઉલમાઓ ટાઉને ટાઉને મસ્જિદ-મદ્રસાઓ સંભાળી રહ્યા છે.

નોંધપાત્ર નવયુવાન વહોરા આલિમોમાં મૌલાના મેહમૂદ ચાંદિયા પ્રથમ માન્ચેસ્ટર મેટ્રોપોલિટન યૂનિવર્સિટીમાં અને હાલ પ્રેસ્ટનની યૂનિવર્સિટી ઑફ સેન્ટ્રલ લેન્કેશાયરમાં મિડલ ઈસ્ટર્ન અને ઈસ્લામિક સ્ટડીઝ વિભાગમાં લેકચરર તરીકે કામ કરી રહ્યા છે. મૌલાના રશીદ અલીભાઈ શેઠ બોલ્ટનની ઝકરિયા મસ્જિદમાં ઈમામ છે અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી અહીંની અંગ્રેજ પ્રજામાં પણ ઈસ્લામનો સંદેશો પહોંચાડવાનું સુંદર કામ કરી રહ્યા છે. મુફતી ફૈયાઝ ઈસ્માઈલ દયરવા વર્ષોથી તૈયબાહ મસ્જિદમાં ઈમામતની જવાબદારી ખૂબજ નિષ્ઠાપૂર્વક અદા કરી રહ્યા છે. આ બધા આલિમો અંગ્રેજી બોલી શકતા હોવાથી અવારનવાર અંગ્રેજીમાં બયાનો ગોઠવી યુવાન પેઢીને દીનની સાચી સમજ આપવામાં મદદરૂપ થઈ રહ્યા છે.



મૌલાના કારી ઈસ્માઈલ સમનીવાલા સાહેબના સુપુત્ર **મૌલાના ફારૂક અલી** દીની ખિદમતો ઉપરાંત છેલ્લાં ૨૨ વર્ષથી Valley Primary Schoolના ગવર્નર તરીકે અને ૨૧ વર્ષથી રોયલ બોલ્ટન હોસ્પિટલમાં મુસ્લિમ ચેપલીન તરીકેની સેવા બજાવે છે.

આ સેવાઓની કદર રૂપે જુલાઈ ૨૦૦૯માં બ્રિટનનાં રાણી ઈલિઝાબૅથ બોલ્ટનની વૉરબર્ટન બૅકરીની મુલાકાતે આવ્યાં હતાં ત્યારે તેમને રાણીને મળવાનું આમંત્રણ મળ્યું હતું.

આ સિવાય પણ બીજા ઘણાં નવયુવાન વહોરા પટેલ આલિમો બોલ્ટનની અન્ય મસ્જિદોમાં દીની સેવાઓ આપી રહ્યા છે. સ્થળ સંકોચને કારણે તે દરેકનો અહીં સમાવેશ કરી શકાય તેમ નથી.

**વ્યવસાય:**
શરૂઆતમાં બોલ્ટનમાં વસનાર વહોરા પટેલો મોટે ભાગે કોટન મિલોમાં કામ કરતા. મૂળ ઈખરના ઉસ્માન હાજીએ સૌ પ્રથમ ગ્રોસરીની દુકાન ચાર્લ્સ રૂપર્ટ સ્ટ્રીટમાં ખોલી. પછી ધીરે ધીરે આપબળે વહોરા પટેલોએ પોતાના ધંધા ઊભા કર્યા. દસાનના દિલાવર વલી, દયાદરાના જીવા બ્રધર્સ, નબીપુરના અબ્દુર્રઝ્ઝાક મુન્શી અને ફઝલ યાકુબ ભૂતાવાલા, સારોદના મુન્શી બ્રધર્સ, વલણના જર્મન બ્રધર્સ વગેરેએ પોતાની કર્ટન અને ગાર્મેન્ટ્સની ફેકટરીઓ શરૂ કરી.

મૂળ માંકણના યાકુબભાઇ એકાઉન્ટન્ટ અને એમના ભાઇ અનવર પટેલ કોહેન્સ કેમિસ્ટ્સ નામે ઘણી શાખાઓ લેન્કેશાયરમાં ધરાવે છે. નોર્થ વેસ્ટ ઈંગ્લૅન્ડના ટોચના ધનાઢયોમાં તેમનું સ્થાન છે. સફળ ધંધાના માલિકો હોવા સાથે તેઓ સ્થાનિક સમાજસેવાના કાર્યોમાં પણ સક્રિય છે. બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલ અને ઝકરિયા મસ્જિદના બાંધકામ જેવા પ્રૉજેકટોમાં તેમનો ઘણો મોટો ફાળો રહ્યો છે. ઈકબાલ ભૂતાવાલાની આસિફ ઈકબાલ ફાર્મસી લિમિટેડ નામની કેમિસ્ટની દુકાન છે. રિયાઝ વલી Natcol નામની ઓનલાઈન ફાર્મસી ચલાવે છે. દસાનના દિલાવર અને મુશ્તાકભાઇની ગાર્મેન્ટ્સની અને નાન-બ્રેડ બનાવવાની ફેકટરીઓ છે. જેમના હૈયે કોમની ભરપૂર લાગણી છે એવા દિલાવર વલી પ્રથમથી જ અનેક નાનામોટા સ્થાનિક પ્રૉજેક્ટો સાથે સંકળાયેલા રહ્યા છે. ભરૂચના મુન્શી મનુબરવાલા સંકૂલના વિકાસમાં પણ તેમના કુટુંબનો ઘણો મોટો ફાળો છે. મૂળ કંબોલીના અહમદ પટેલ અલીફ ન્યૂઝ એજન્ટ્સની દુકાનો તથા પેટ્રોલ સ્ટેશનોના માલિક છે. કંથારીઆના ઈબ્રાહીમ દલાલ બ્રધર્સ પોલ્ટ્રીના ધંધામાં અગ્રસ્થાને છે. જનરલ મોટર્સના માલિક ઝંઘારના આદમભાઇ દાવડા ગાડીઓના સ્પેરપાર્ટ્સનો મોટો હોલસેલ ધંધો ધરાવે છે. તેઓ પણ સમાજસેવાના કામોમાં પરોવાયેલા રહે છે. યાકૂબ વલી મોહંમદ ઝંઘારવાલા ઍન્ડ સન્સ મુખ્યત્વે એશિયન ગ્રોસરીની કૅશ ઍન્ડ કૅરી ચલાવે છે. આ ઉપરાંત ઘણા વહોરા પટેલો કેમિસ્ટ, ઓપ્ટિશિયન, ન્યૂઝ એજન્ટ્સ અને ગ્રોસરીની દુકાનોના માલિક છે. કેટલાક પેટ્રોલ સ્ટેશન, ગેરેજ અને

ભાડૂતી ટેક્ષીના ધંધામાં છે. કેટલાક રૉયલ મેઈલમાં પોષ્ટમેન, ડ્રાઈવર વગેરે તરીકે કામ કરે છે, તો બીજા કેટલાક સબ પોષ્ટ ઓફિસો ચલાવે છે.

બોલ્ટનમાં વહોરા પટેલોની વસ્તીના પ્રમાણમાં ટાઉન હોલ તથા સરકારી ખાતાંની નોકરીઓમાં એમની સંખ્યા જૂજ ગણાય. મહેક ટંકારવીના પુત્ર અનીસ વીગન કાઉન્સિલમાં ચાર્ટર્ડ એન્વાયરનમેન્ટલ હેલ્થ પ્રૅક્ટીશનરનો હોદ્દો સંભાળે છે.



મનુબરના જનાબ **ઈકબાલ ઈસા** હેલ્થ ઍન્ડ સેફટી ઈગ્ઝેકયુટિવ, માન્ચેસ્ટર ખાતે HM Principal Specialist Inspector તરીકે કામ કરે છે. તેઓ JP (જસ્ટીસ ઑફ પીસ) હોઈ મેજિસ્ટ્રેટ તરીકેની કામગીરી પણ બજાવે છે.

મૂળ ઝંઘારની દાવડા ફેમિલીનાં મિસિસ યાસ્મીન ઉમરજીને ૨૦૦૫માં ‘બોલ્ટન ડાયવર્સિટી ઍવોર્ડ’ મળ્યો હતો. યાસ્મીને દસ વર્ષ સુધી એશિયન એલ્ડર્સ રિસોર્સ સેન્ટરના ચૅરપર્સન તરીકેની ખિદમત બજાવી હતી. હાલમાં તેઓ બ્રેડફોર્ડના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાં સિનિયર એરીઆ અચીવમેન્ટ ઓફિસર તરીકેની કામગીરી બજાવે છે. ટંકારીઆના યાકુબભાઈ બાપુજીનાં દીકરી યાસ્મીન અલી લોઈડ્ઝ ટી.એસ.બી.માં કોમર્શિયલ રિલેશનશીપ મૅનેજર છે.

યુવાન પેઢીમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી ઘણા વહોરા પટેલ યુવાન-યુવતીઓ ટીચર, ડૉકટર, ડેન્ટિસ્ટ, ફાર્મસિસ્ટ, ઓપ્ટિશિયન, સિવિલ અને કેમિકલ એન્જિનિયર, કમ્પ્યૂટર એન્જિનિયર, સર્વેયર, એકાઉન્ટન્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સોલિસિટર વગેરે થયાં છે. સ્થળસંકોચને કારણે એ દરેકનાં નામો આપવાનું અહીં શકય નથી.



મૂળ કંથારીઆના **ઈમરાન ઈસ્માઈલ હકીમે** ‘star of BBC’s Dragon’s Den, Innovator and young entrepreneur’ તથા ‘ambassador for enterprise and innovation’ (iTeddy જેવી નવી નવી શોધો કરનાર યુવાન ઔદ્યોગિક સાહસવીર) તરીકે સમગ્ર યુ.કે.માં સારી નામના મેળવી છે.

ડૉકટરોમાં ટંકારીઆના શરીફભાઈ થાગીયાની દીકરી ડૉ. ફરઝાના, દયાદરાના જનાબ ઈબ્રાહીમ નાથાના ત્રણ સુપુત્રો નામે ડૉ. સલીમ (Opthalmic Surgeon), ડૉ. લિયાકત (GP) અને ડૉ. મકસૂદ, નબીપુરના અબ્દુર્રઝાક મુન્શીના સુપુત્ર ડૉ. અબ્દુર રઊફ, તેમના ભાઈ મકબૂલ મુન્શીના સુપુત્રો ડૉ. સરફરાઝ તથા ડૉ. આરીફ, નબીપુરના ગુલામ વાડીવાલાના પુત્ર જમીલ અને પુત્રી સુરૈયા, કંબોલીના યાકૂબ પટેલના પુત્ર જાવેદ, દસાનવાળા દિલાવરભાઈની સુપુત્રીઓ ડૉ. ફરહાના અને ડૉ. સુમય્યા (Paediatric Registrar),પગુથણના સિરાજ પટેલની દીકરી નરગીસ અને દીકરો ઝૈનુલ આબેદીન, વલીભાઈ સગીરની દીકરી નૂરજહાં, અલીભાઈ વાંતરસા કોઠીવાલાની દીકરી રેહાના (Gynaecologist), વાંતરસા કોઠીના ગફુરભાઈની દીકરી ઝાહેદા અને ડૉ તલ્હા ઈલ્યાસ પટેલનો સમાવેશ થાય છે. શમીમ આદમ હૉમીયોપેથ છે અને દયાદરાના ઈસ્માઈલ જીવાની પુત્રી ફિરોઝા જાણીતાં ડેન્ટિસ્ટ છે. એ ઉપરાંત વહોરા પટેલોમાં આછોદના ઈસ્માઈલ ટેલર, ટંકારીઆના સલીમ બંગલાવાલા, ઈખરના અનીસ અને આરીફ અબ્દુલ ખોડા વગેરે ફાર્મસિસ્ટ પણ છે. દયાદરાના હસન જીવા, દિલાવરભાઈ દસાનવાલાની પુત્રી અતીકા, ટંકારીઆના યાકૂબ ખોડાની દીકરી હાઝરા, સિતપોણના હાફિઝ યાકુબ મકાના પુત્ર યુનુસ અને જનાબ ઈકબાલ અમદાવાદીની દીકરી તાઝીમ સોલિસિટર્સ છે. ગુલામભાઈ નબીપુરીની દીકરી હબીબુન્નિસા કેમ્બ્રિજ યૂનિવર્સિટીમાંથી લૉની ડિગ્રી મેળવી હાલ લંડનના એક નામાંકિત ફર્મમાં કૉર્પરેટ લૉયર છે, હાફિઝ યાકુબ મકાના બીજા એક પુત્ર ઈસ્હાક લંડનમાં બૅરિસ્ટર છે.

બીજા ધંધાઓની રીતે જોઈએ તો કેટલાક વહોરા યુવાનો પ્રિન્ટીંગ ઍન્ડ ડિઝાઈનીંગ, વૅબસાઈટ ડિઝાઈનીંગ, ગ્રોસરી, ન્યૂઝ એજન્ટ્સ, ઍસ્ટેટ એજન્ટ્સ અને ટેકઅવેની દુકાનો તથા ટેક્ષીનો ધંધો કરે છે.

**સંસ્થાઓ:**
બોલ્ટનમાં વહોરા પટેલોએ ઘણી દીની દુન્યવી સંસ્થાઓનું નિર્માણ કર્યું છે. હાલમાં ભરૂચી વહોરા પટેલ સંચાલિત ૯ મસ્જિદ-મદ્રસાઓ છે. Bury ખાતે બ્રિટનનો પ્રથમ દારૂલ ઉલૂમ સ્થપાયો તેમાં નાણાકીય સહાય અને જાત મહેનતથી ભરૂચી વહોરા પટેલોએ અગ્રીમ ફાળો આપેલો જેમાં કંથારીઆના ઈસ્માઈલ ટેલર, સિતપોણના મોગરા બ્રધર્સ, યાકુબ ભાટિયા, દિલાવર વલી, બશીરભાઈ છડાત, ઈસ્માઈલભાઈ ખેંખા વગેરે મોખરે હતા.

દારૂલ ઉલૂમ દેવબંદના ઉસ્તાદે હદીસ મૌલાના સઈદ અહમદ પાલનપુરીના મશ્વેરા અને દુઆઓ સાથે **દારૂલ ઉલૂમ બોલ્ટન**ની શરૂઆત કરવામાં આવી હતી જેમાં પ્રારંભે મૌલાના કારી ઈસ્માઈલ સમનીવાલા, કારી યાકુબ નાનજી, દિલાવર વલી, આદમભાઈ રોકડ વગેરે હતા અને પાછળથી મોહંમદભાઈ મુન્શી, યુસુફ ભાઈલોક, આરીફ વાઝા અને ઐયુબ બક્ષ માટલીવાલા ઉમેરાયા હતા. આ દારૂલ ઉલૂમ હાલ બોલ્ટનમાં Willows Lane ખાતે ચાલે છે, જેમાં હાઈ સ્કૂલ અને સિક્સ્થ ફોર્મ કોલેજ પણ છે.

૧૯૮૭માં ભરૂચી વહોરા પટેલોએ High Street માં કરમાડના યાકૂબ મુસા બાજીભાઈ, વલણના આદમભાઈ રોકડ, દસાનના દિલાવર વલી, દયાદરાના ઈબ્રાહીમ નાથા, ટંકારીઆના યાકુબ બાજીભાઈ ભૂતાવાલા, ગુલામભાઈ નબીપુરી, અહમદભાઈ કંબોલીવાલા, વલીભાઈ દિવેલી તથા કોમના ફિકરમંદ એવા દીર્ઘદ્રષ્ટિ ધરાવતા તેમના બીજા કેટલાક સાથીઓએ મળી માત્ર ૨૩ છોકરીઓથી બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ હાઈસ્કૂલની સ્થાપના કરેલી જે હવે સ્ટેટ ફંડેડ સ્કૂલ થઈ છે જેમાં ૪૫૦ છોકરીઓ ઈસ્લામિક વાતાવરણમાં દીની દુન્યવી શિક્ષણ મેળવી રહી છે. આ સ્કૂલના પ્રથમ આચાર્ય તરીકે હસનભાઈ ઈસાતે, તેમના પછી ડૉ આદમ ઘોડીવાલાએ અને તે પછી મહુધલાના ઈદ્રિસ પટેલે હેડ ટીચર તરીકેની સેવા બજાવી હતી. હાલ મુબારક પટેલ આ સ્કૂલના હેડ ટીચર છે.

એ સિવાય કોહેન્સ કેમિસ્ટ્સના માલિક યાકૂબભાઇ એકાઉન્ટન્ટ બોલ્ટનની ઈસા અકાદમી નામે હાઈસ્કૂલનું સફળ સંચાલન કરે છે.

બોલ્ટનમાં વહોરા પટેલ સંચાલિત ૪ કોમ્યુનિટી સેન્ટરો સક્રિય છે જે શાદીઓની ખાણીપીણીથી ધમધમતાં રહે છે.

જેની સ્થાપના અને પ્રગતિમાં કેટલાક વહોરા પટેલોએ અગ્ર ભાગ ભજવ્યો છે તેવી એક સંસ્થા તે બોલ્ટન કાઉન્સિલ ઑફ મોસ્ક્સ (BCoM) છે. હાલ બોલ્ટન દારૂલ ઉલૂમમાં ઉસ્તાદ તરીકેની ખિદમત આપતા મૌલાના મોહમ્મદ આદમ રોકડે આ સંસ્થાના ચૅરમેન અને સેક્રેટરી તરીકે નવ વર્ષ સુધી સેવાઓ બજાવી હતી. એમના સમય દરમિયાન સંસ્થાએ સારી એવી પ્રગતિ કરી છે જે મૌલાનાના vision અર્થાત ભાવિદર્શન, મહેનત અને સૂઝબૂઝને કારણે છે. મુસ્લિમો માટે કબ્રસ્તાનની જગ્યા મેળવવા, મુસ્લિમ મૈયત માટે પોષ્ટ મોર્ટમને બદલે MRI Scanની સહુલત પ્રાપ્ત કરવા તથા જેને Commumity Cohesion કહેવામાં આવે છે તે બોલ્ટનના વિવિધ સમાજો વચ્ચે સુમેળતા સ્થાપવાની દિશામાં મૌલાનાના પ્રયત્નો દીર્ઘદષ્ટિવાળા અને સરાહનીય છે.

બોલ્ટનની બીજી એક સંસ્થા તે 'એશિયન એલ્ડર્સ રિસોર્સ સેન્ટર' છે જેમાં પણ સ્થાપનાકાળથી ઘણા વહોરા પટેલોએ ભાગ ભજવ્યો છે. જનાબ અનીસ હારૂન પટેલ મોટી ઉંમરના એશિયનો માટે ડે કૅર, મધ્યાહ્ન ભોજન વગેરે સહુલતો પ્રદાન કરતી આ સંસ્થાના ચૅરમેનપદે બિરાજમાન છે. સંસ્થાના ઉપક્રમે ઈદ મિલન અને મુશાયરા જેવા સામાજિક - સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી લેખકો કવિઓને પ્રોત્સાહન આપતા રહે છે. એવા જ એક નવયુવાન ઈનાયત ઉમરજી (બુચિયા) BCoMમાં 'ચિલ્ડ્રન ઍન્ડ યંગ પીપલ પ્રૉજેક્ટ મૅનેજર' તરીકે કામ કરી રહ્યા છે અને યુવાનોને લગતી રમતગમત ઉપરાંત બીજી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય છે. અગાઉ કાઉન્સિલર રહી ચૂકેલા હનીફ પટેલ હિબર્ટ સ્ટ્રીટ કોમ્યુનિટી સેન્ટરના મુખ્ય કર્તાહર્તા છે.

**જાહેર જીવન:**
બોલ્ટનમાં રાજકીય ક્ષેત્રે હવે વહોરા પટેલો વધુ જાગૃત થતા જાય છે. મૂળ ઈખરના હનીફ પટેલ લેબર કાઉન્સિલર હતા, જ્યારે મૂળ પરિયેજના વલી

બક્ષ લિબરલ-ડેમોક્રેટ કાઉન્સિલર હતા. તે પછી ઈકબાલ પટેલ પણ કાઉન્સિલર ચૂંટાયેલા.



હાલ (૨૦૧૦) ઈખરના જનાબ બશીરભાઈ છડાતના સુપુત્રી **સફરાના**, વલણના હનીફ દરવેશ તથા સિતપોણના ઈસ્માઈલ ઠેબા કાઉન્સિલરો છે. ઈખરના ઈદ્રિસ અલી શેઠ લેબર પાર્ટીના સક્રિય કાર્યકર છે.

બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલને સ્ટેટ ફંડેડનો દરજ્જો અપાવવામાં તેમણે ઉપયોગી ભાગ ભજવ્યો હતો.

**સાહિત્ય-કળા:**
બ્રિટનના ગુજરાતી સાહિત્યમાં બોલ્ટન અગ્રસ્થાને છે. બ્રિટનનો સૌ પ્રથમ ગુજરાતી મુશાયરો બોલ્ટનના સ્પીનર્સ હોલમાં યોજાયેલો. ૧૯૬૬માં ખ્યાતનામ હઝલકાર 'બેકાર' સાહેબ બ્રિટનના પ્રવાસે આવેલા ત્યારે તેમના અતિથિવિશેષપદે જે મુશાયરો યોજાયો તેમાં કવિ તરીકે કદમ ટંકારવી, મહેક ટંકારવી, સૂફી મનુબરી અને અંજુમ વાલોડીએ કાવ્યપઠન કરેલું. ત્યારથી આજ પર્યંત બોલ્ટનમાં મુશાયરા પ્રવૃત્તિ ભરૂચી વહોરા પટેલો દ્વારા ચાલે છે.

૧૯૭૦માં પ્રેસ્ટનમાં કદમ ટંકારવીના નિવાસસ્થાને 'ગુજરાતી સાહિત્ય મંડળ' સ્થપાયું ત્યારે તેના સ્થાપકોમાં બોલ્ટનના મહેક ટંકારવી અને સૂફી મનુબરી પણ હતા. જનાબ ઈસ્માઈલ કડુજીના મહેમાન બનીને સન ૧૯૭૩માં જર્મનીથી જાણીતા ગઝલકાર મર્હૂમ શેખાદમ આબુવાલા ઈંગ્લૅન્ડ પધાર્યા ત્યારે તેમની હાજરીનો લાભ લઈ એક મુશાયરા મહેફિલમાં તેમના જ સૂચનથી આ મંડળનું 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.'માં રૂપાંતર થયું. બોલ્ટનના ગઝલકાર મહેક ટંકારવી સ્થાપનાકાળથી તેના પ્રમુખ છે. હાલ અદમ ટંકારવી તેના ઉપપ્રમુખ, તો સિરાજ પટેલ પગુથનવી તેના મહામંત્રી અને પથિક સિતપોણવી સહમંત્રીના હોદ્દે છે. બોલ્ટનના હારૂન પટેલ કોઠીકર પણ ગઝલકાર છે. આ સર્જકો મુશાયરાઓ યોજે છે અને બ્રિટનભરમાં યોજાતા મુશાયરાઓમાં ભાગ પણ લે છે.



સુપ્રસિદ્ધ ગઝલકાર **અદમ ટંકારવી** બ્રિટન ઉપરાંત યુ.એસ.એ., કેનેડા, દુબઇ, શારઝાહ અને મસ્કતમાં કાવ્યપઠન માટે અતિથિ કવિ તરીકે નિમંત્રિત થાય છે. અન્ય પુસ્તકો ઉપરાંત તેમના આઠેક ગઝલસંગ્રહો પ્રગટ થયા છે. હાલમાં (ઓગષ્ટ ૨૦૧૧) તેમને ઇન્ડિયન નેશનલ થિયેટર મુબઇ ખાતે નામાંકિત ગઝલકારોને અપાતા પ્રતિષ્ઠિત **'કલાપી'** એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા.

ઇતિહાસકાર મકરન્દ મહેતાના મતે બ્રિટનમાં ગુજરાતી ભાષા સાહિત્યના જતન અને વિકાસમાં ભરૂચી વહોરા પટેલોનું પ્રદાન અત્યંત નોંધપાત્ર છે.

અઝીઝ ટંકારવીના સુપુત્ર ફારૂક ઉઘરાદાર Hot Print Design નામે પ્રિન્ટીંગનો ધંધો કરે છે અને Britasian News નામનું ઍથનિક માઇનોરિટી કોમ્યુનિટી ન્યૂઝ મૅગેઝીન ચલાવે છે. પરિયેજના અખ્તર બગસ હેલીવેલ રોડ પર આવેલ Print Hub Designના માલિક છે.

૧૯૯૫ના ગાળામાં ''રેડિયો બોલ્ટન''નો આરંભ થયો તેમાં સિરાજ પટેલ પગુથનવી એશિયન કાર્યક્રમોના ડાયરેક્ટર, પ્રેઝન્ટર અને પ્રોડયુસરની કામગીરી સંભાળતા હતા.

સાહિત્ય ઉપરાંત બોલ્ટનના સૂફી મનુબરી અને યાકુબ ઝંઘારવાલા ચિત્રકળામાં રસ ધરાવે છે. તેઓ અવારનવાર પેનને પડતી મૂકી પીંછી

પકડે છે અને મોટે ભાગે લેન્ડસ્કેપ અને મોડર્ન આર્ટનાં પેઈન્ટીંગ્ઝ બનાવે છે. ચિત્રકાર સૂફી મનુબરીએ ૨૦ જેટલાં સ્થાનિક લેન્ડસ્કેપનાં ચિત્રો બનાવ્યાં છે જે એમના બેઠકરૂમની દીવાલો પર શોભે છે, તો યાકુબભાઇ ઝંઘારવાલાએ ૪૦ જેટલાં આવાં ચિત્રો બનાવ્યાં છે. તેમની તાજેતરની (૧૯૧૧) ભારતની મુલાકાત દરમિયાન તેમણે જાતે દિલ્હી પહોંચી આ ચિત્રોમાંનું એક ઓલ ઈન્ડિયા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીને અને જેમાં આસપાસ વહેતા ઝરણાના પાણીમાંથી ભારતનો નકશો ઉપસી આવ્યો છે તેવું બીજું એક ચિત્ર રાષ્ટ્રભવન ખાતે ભારતના રાષ્ટ્રપ્રમુખ શ્રીમતી પ્રતિભા પાટીલને ભેટ આપ્યું હતું.

**રમતગમત:**

રમતગમત ક્ષેત્રે યુવા પેઢીનું મુખ્ય આકર્ષણ ક્રિકેટ અને ફૂટબોલની રમતો છે. વહોરા યુવાનોની ઘણી ટીમો છે જે ઉનાળાની સીઝનમાં ક્રિકેટની સ્પર્ધાઓ યોજે છે જેમાં વિજેતા ટીમોને અને વ્યક્તિગત ખેલાડીઓને નાના મોટા કાર્યક્રમો યોજી ટ્રોફીઓ પણ આપવામાં આવે છે. બોલ્ટન ઍસોસિયેશનમાં આપણી ઘણી ટીમો રમે છે. આ ટીમોને એક યા બીજા કારણે બોલ્ટનની જાણીતી **ડીન ઍન્ડ ડરબી ક્રિકેટ કલબ**માં હજી સ્થાન મળતું નથી. મૂળ કરમાડના ઈનાયત પીરભાઇ બોલ્ટન લીગની ક્રિકેટ મેચોમાં અમ્પાયર તરીકે સેવા બજાવે છે.



## ૫.૬
## બ્લૅકબર્નમાં ભરૂચી વહોરા પટેલો
*ઈમ્તિયાઝ પટેલ / બાબર બંબુસરી*

**પ્રથમ વસાહતીઓ:**
બ્લૅકબર્નમાં ૧૯૬૦ અગાઉ જે વસાહતીઓ આવેલા તેમાં સેગવાના મરહૂમ હાજી અહમદ ઈસપ અને આદમભાઈ કારભારી (અત્તરવાલા), વરેડિયાના અલ્લી ઉમરજી ઈસ્માઈલ, મનુબરના ઈબ્રાહીમ ઈસા અને પગુથણના મહંમદભાઈ હતા. ૧૯૬૦-૬૧-૬૨ના ગાળામાં જે કેટલાક ભાઈઓ અહીં આવીને વસ્યા તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

થામના અબ્દુલ્લાહ આદમ પટેલ અને વલીભાઈ ચાંદ, સેગવાના ગુલામભાઈ નાથા, મનુબરના જનાબ, અહમદભાઈ બિરાદર અને ગનીભાઈ, વરેડિયાના અબ્દુલ ભીખા (ચાંચડ), માંચના ઈસ્માઈલ ઓલા અને હાફેઝી, સિતપોણના અહમદભાઈ ખોનાત, અહમદભાઈ અને ઈસ્માઈલભાઈ ઘેલા, આદમભાઈ મન્યા, ગફુર ઈસ્માઈલ મુન્શી મન્યા, મોહંમદ મુસા, વલીભાઈ દૂધવાલા, હિંગલોટના મહમદભાઈ, બંબુસરના ઈબ્રાહીમ મોહંમદ, ઝંઘારના મુસા ઈબ્રાહીમ, કરમાડના અહમદભાઈ વાંકા, નબીપુરના ઈસ્માઈલ આદમ જાળીવાલા, દહેગામના વલીભાઈ ઈસપ, પરિયેજના આદમ ઈબ્રાહીમ ઘોડાવાલા અને અહમદભાઈ સારોદિયા,પગુથણના વલીભાઈ અને અબ્દુલ માસ્તર, વલણના અહમદ વલી ઊંચીકુંચી, ચાંચવેલના મોહંમદભાઈ પાર્સલવાલા વગેરે.

**વ્યવસાય:**
ડૉકટરોમાં મૂળ ઈખરના મોહંમદ ઈસ્માઈલ બક્ષ અને એમના પુત્ર ડૉ. ઝુબેર બક્ષ, બંબુસરના ડૉ.ઉસ્માન મુસા બક્ષ અને ડૉ. મોહંમદ ઈકબાલ બક્ષ, નબીપુરના ડૉ. અફીણવાલા; ઓપ્ટિશિયનમાં બાબર બંબુસરીની દીકરી નઈમુન્નિસા, ડેન્ટિસ્ટમાં સેગવાના અલ્તાફ હાજી મુસા નાથા અને ડેન્ટિસ્ટ ખંડાલીવાલા; શિક્ષકોમાં તૌહીદુલ ઈસ્લામના હેડ ટીચર મુફતી હાજી અબ્દુલ હમીદ તેમજ ડેપ્યુટી હેડમાં ઈકબાલ બક્ષ બંબુસરવાલા વગેરે. ઉપરાંત કેટલાક એકાઉન્ટન્ટ છે, કેટલાક વકીલો છે અને કેટલાક પોલીસ ખાતામાં ઓફિસરો છે.

બલૅકબર્નના વહોરા પટેલોએ વેપારમાં પણ ખાસું કાઠું કાઢયું છે. હાજી યાકુબ ખંજરા મનુબરવાલાનો ખાદ્ય સામગ્રીનો મોટો હોલસેલ અને રિટેલ વેપાર છે. હાજી ગુલામભાઈ શેઠ (ભીખી) શેરપુરાવાલા બિલ્ડીંગ અને પ્લમ્બીંગ મટિરિઅલ્સની કૅશ ઍન્ડ કૅરીના માલિક છે. ઈખરના યાકુબભાઈ ગોલીટા બિલ્ડીંગ અને હિટીંગના સામાનના મોટા વેપારી છે. એ સિવાય બરકત કૅશ ઍન્ડ કૅરી, ઝંઘારના યાકુબ રાજા ઍન્ડ સન્સની એલીન કૅશ ઍન્ડ કૅરી ઉપરાંત એશિયન અને ઈંગ્લીશ ગ્રોસરીની પણ ઘણી બધી દુકાનો છે જેમાં આલ્ટમ સ્ટ્રીટનો રિઝવાન ફુડ સ્ટોર જુનામાં જુનો છે. એ સિવાય ટ્રાવેલ એજન્ટ્સ, ન્યૂઝ એજન્ટ્સ અને કોર્નર શોપો પણ ઘણી છે. અહીં બિલ્ડીંગ ટ્રેડમાં પણ હાજી મુસા નાથા સેગવાવાલા અને હાજી બશીરભાઈ સેગવાવાલા મોટા કોન્ટ્રાક્ટર છે. કેટલાક કેમિસ્ટોના તો કેટલાક પેટ્રોલ સ્ટેશનોના માલિકો છે. કેટલાક કૅટરીંગના ધંધામાં છે. ઉઝમા બુટિક જેવી લેડીઝ ફેબ્રિક્સ અને તૈયાર કપડાંની પણ અહીં હારબંધ દુકાનો છે જેમાં મોડે સુધી સ્થાનિક અને બહારના ટાઉનોના ખરીદી કરનારાઓની ભીડ રહે છે.

વહોરા પટેલોમાં અહીં ઘણાં બધા પ્લમ્બરો, ઈલેકટ્રિશિયનો, જોઈનરો અને બીજાં જુદાં જુદાં કામોના અનેક કારીગરો પણ મળી આવે છે.

**સંસ્થાઓ:**

બ્લૅકબર્નમાં ભરૂચી વહોરા પટેલ સંચાલિત દસેક મસ્જિદો અને મદ્રેસા છે. આ ઉપરાંત લંડન રોડની ઓફમાં વિશાળ તબ્લીગી મરકઝ છે, જે સમગ્ર લેન્કેશાયરનું તબ્લીગી પ્રવૃત્તિઓ અને દીનની દાઅવતનું કેન્દ્ર છે. બાલાક્લાવા સ્ટ્રીટમાં આવેલ મસ્જિદે રઝા અને દયાદરાના દાવૂદભાઈ પ્રેમી સંચાલિત મોહદ્દીસે આઝમ મિશન પણ પોતપોતાની રીતે દીની સેવાઓ અને પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. બ્લૅકબર્નનો દારૂલ ઉલૂમ 'જમીયતુલ ઈલ્મ વલ્ હુદા' યુરોપના પ્રતિષ્ઠિત દારૂલ ઉલૂમોમાં ગણાય છે. એના મોહતમીમ મુફતી અબ્દુસ્સમદ મનુબરીના અથાક પ્રયાસોથી દારૂલ ઉલૂમમાં ઉચ્ચ ગુણવત્તાવાળી દીની તાલીમ સાથે A લેવલ્સ સુધી શિક્ષણની સરસ સુવિધા છે. દારૂલ ઉલૂમનું ૨૦૦૯માં લેવાયેલી GCSEનું અંગ્રેજી અને ગણિતના મુખ્ય વિષયો સાથેનું રિઝલ્ટ ૯૮.૩ % છે, જે નેશનલ એવરેજથી ઘણું ઊંચું છે.

સિરાજ પટેલ પગુથનવી, ઈબ્રાહીમ માસ્તર સિતપોણવી અને અબ્દુલઅઝીઝ ઝુમલાની પ્રેરણાથી અને મૂળ દયાદરાના જનાબ વલી બક્ષ, ઈસ્માઈલ માસ્તર હિંગલોટી, અબ્દુલ્લાહ માસ્તર પગુથણવી તથા ઈબ્રાહીમભાઈ ઘીસાના પ્રયાસોથી ૧૯૮૩માં તૌહીદુલ ઈસ્લામ ગર્લ્સ હાઈસ્કૂલ સ્થપાઈ. ૨૦૦૬માં આ સ્કૂલ લેન્કેશાયરની પ્રથમ સ્ટેટ ફંડેડ મુસ્લિમ સ્કૂલ બની. આ સ્કૂલની વિદ્યાર્થીની મિસ્બાહ ઈનાયત વલીએ GCSEની પરીક્ષામાં 10 A Stars મેળવી યુ.કે.ભરમાં નામના મેળવી હતી.

બ્લૅકબર્નમાં વહોરા પટેલોની વસ્તીવાળા વિસ્તારમાં બેન્ગર કોમ્યુનિટી સેન્ટર અને વેસ્ટ બ્રૂક હાઉસ કોમ્યુનિટી સેન્ટર છે. આ સેન્ટરોમાં યુવા પેઢી માટે અનેક પ્રવૃત્તિઓનું આયોજન છે. અહીં ઉર્દૂ ગુજરાતીના મુશાયરાઓ પણ યોજાતા રહે છે. જૂન ૨૦૧૦માં પોતાના વિસ્તારના લોકોની સામાજિક, રાજકીય વગેરે જરૂરિયાતોને ધ્યાનમાં રાખી તે અંગે ઘટતું કરવા જનાબ શફી પટેલ અને સાથીઓએ મળી Shear Brow Community Associationની સ્થાપના કરી છે.

મૌલાના હનીફ દૂધવાલા અને સાથીઓ દ્વારા સ્થાપિત અને સંચાલિત ‘મુસ્લિમ વેલ્ફેર ઈન્સ્ટિટયૂટ’ કુદરતી અને માનવ સર્જિત આફતોમાં રાહત અને પુનર્વસન (Relief and Rehabilitation)નું કામ કરે છે. આ ગ્રૂપ મુખ્યત્વે આલ્બેનિયા, બંગ્લાદેશ અને ભારતમાં વિશેષ સક્રિય છે જ્યાં મુસ્લિમોની દીની-દુન્યવી હાલત સુધારવાના કામમાં પોતે ઉઘરાવેલા ફંડફાળાનો રચનાત્મક પ્રૉજેક્ટોમાં વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે.

મસ્જિદે રઝાના પ્રમુખ હલદરવાના મુસાભાઈ પટેલ સામાજિક કાર્યકર છે અને ઘણી ચૅરિટેબલ અર્થાત ધર્માદા પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લે છે. કેટલીકવાર તેઓ માનવસર્જિત અને કુદરતી આફતોનો ભોગ બનેલા લોકોની સહાય માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરી માલસામાન લઈ જઈ જાતે વિતરણ કરે છે.

સઈદ વલી ઈસપ દહેગામવાલા યુવાનો માટે જીમ અને બોક્ષીંગના વર્ગો ચલાવે છે.

**જાહેર જીવન:**



રાજકારણ અને જાહેર જીવનમાં લૉર્ડ પટેલ ઑફ બ્લૅકબર્ન અગ્રસ્થાને છે. મૂળ કરમાડના **આદમ પટેલ** (ફાંસીવાલા) (ફોટામાં ડાબેથી ત્રીજા નંબરે) વડોદરાની જાણીતી એમ.એસ. યૂનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થઇ ડિસેમ્બર ૧૯૬૫માં યુ.કે. આવ્યા.

'ઇન્ડિયન વર્કર્સ ઍસોસિયેશન' જેવી સંસ્થાઓ સ્થાપી સામાજિક સેવાના કામમાં પ્રથમથી જ અગ્રસ્થાને રહ્યા. શરૂઆતથી જ સ્થાનિક લેબર પક્ષમાં સક્રિય હતા. બાર્બરા કૅસલ તથા જૅક સ્ટ્રો સાથે અનેક રાજકીય પ્રવૃત્તિઓમાં પરોવાયેલા રહ્યા. સન ૨૦૦૦માં એમની સેવાની કદરરૂપે એમને peerage મળ્યું અને તેઓ હાઉસ ઑફ લૉર્ડઝમાં બીરાજતા થયા. ૨૦૦૧ થી ૨૦૧૦ સુધી તેમણે બ્રિટીશ હજ ડેલિગેશનની સફળતાપૂર્વક આગેવાની કરી હાજીઓની સુંદર સેવા બજાવી હતી. ભરૂચી વહોરા પટેલ સમાજ માટે આ ખરેખર ગૌરવની બાબત છે.

આ ઉપરાંત, અનેક વહોરા પટેલો ચૂંટાઇને કાઉન્સિલરના પદે પહોંચ્યા જેમાં આરીફ વાઘત અને ઇમ્તિયાઝ પટેલનો સમાવેશ થાય છે. હાલ (૨૦૧૦) બ્લૅકબર્નમાં મૂળ સિતપોણના સુલેમાન (સોલી) ખોનાત અને મુન્તઝીર પટેલ કાઉન્સિલરો છે.

**નોંધપાત્ર સિદ્ધિઓ:**

ગુજરાતી ભાષા-સાહિત્ય ક્ષેત્રે બ્લૅકબર્નના વહોરા પટેલ સમાજનું પણ પ્રદાન છે. ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ, યુ.કે.ના સ્થાપનાકાળથી કવિ 'પ્રેમી' દયાદરવી, મૂળ મનુબરના મહમ્મદ દલાલ - 'સાગર' મનુબરી તથા નાહીદ રાંદેરી 'ગિલ્ડ'ની મુશાયરા અને અન્ય સાહિત્યિક પ્રવૃત્તિઓ સાથે વત્તેઓછે અંશે સંકળાયેલા રહ્યા છે.

બાબર બંબુસરી BA(Hons) 'ગુજરાતી રાઇટર્સ ઍસોસિયેશન, બ્લૅકબર્ન'ના ચૅરમેન છે અને તેના ઉપક્રમે અવારનવાર એકલા હાથે ગુજરાતી-ઉર્દૂ મુશાયરાઓનું આયોજન કરતા રહે છે. તેઓ ઍથનિક

માઈનોરીટિઝ ડેવલપમેન્ટ ઍસોસિયેશન EMDAની કારોબારી કમિટીના સભ્ય છે. રેડિયો રમઝાન, બ્લૅકબર્નમાં છેલ્લાં દસેક વર્ષથી પરોવાયેલા છે.

લેન્કેશાયર કાઉન્સિલ ઑફ મોસ્ક્સ, રેશિયલ ઇકવૉલિટી કાઉન્સિલ અને EMDAમાં પણ વહોરા પટેલોનું યોગદાન રહ્યું છે.



*Siraj Patel and Fletcher Richardson*

૧૯૭૧માં મૂળ પગુથણના **સિરાજ પટેલ** સ્થાનિક કોમ્યુનિટી રેસ રિલેશન્સમાં આસિસ્ટન્ટ કોમ્યુનિટી રિલેશન્સ ઓફિસર હતા. ઉપરાંત બી.બી.સી. રેડિયો લેન્કેશાયરની સ્થાપના થઈ જેમાં તેઓ મહેફિલ વિભાગના પ્રોગ્રામ પ્રેઝન્ટર-પ્રૉડ્યુસર હતા.

વળી એ જ ગાળામાં બ્લૅકબર્ન બરો કાઉન્સિલના સહયોગમાં તેમણે બ્રિટનમાં સૌ પ્રથમ એશિયન શાકભાજીની ખેતી (Experimental Asian Vegetable Farming)નો પ્રયોગ શરૂ કરેલો.


મૂળ વરેડિયાના **ઇમ્તિયાઝ પટેલે** બ્લૅકબર્ન મ્યૂઝિયમમાં પ્રથમવાર ‘સાઉથ એશિયન ગૅલરીની સ્થાપના કરેલી. આ ગૅલરી બ્રિટનમાં એશિયનોના સાંસ્કૃતિક વારસાનાં પ્રતીકોનો સંગ્રહ અને પ્રદર્શન કરતી પ્રથમ ગૅલરી છે. આ ઉપરાંત રાજકીય ક્ષેત્રે સક્રિય રહી ૨૦૦૨માં તેઓ લિબ-ડેમ પક્ષના ધારાસભાના ઉમેદવાર તરીકે જૅક સ્ટ્રો સામે ચૂંટણી લડેલા. બ્રિટનથી ભારત જતાં વિવિધ પ્રતિનિધિ મંડળોમાં એમનું પ્રતિનિધિત્વ રહ્યું છે. એના ભાગ રૂપે ૨૦૦૪માં એમણે એ સમયના ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સાથે પરસ્પર શૈક્ષણિક જોડાણ અંગે ચર્ચા કરેલી. ૨૦૦૩માં જીનેવામાં યુનાઈટેડ નેશન્સની ઍથનિક માઈનોરિટી હ્યુમન રાઈટ્સ કમિશન સમક્ષ એમણે ગુજરાતના ૨૦૦૨ના કોમી રમખાણો વિષે જોરદાર રજૂઆત કરેલી. નેશનલ હેલ્થ સર્વિસ બ્લૅકબર્ન વીથ ડારવન દ્વારા સંચાલિત HIV Aids વિષે સજાગતા કેળવવાને લગતા વિભાગના તેઓ ઇન-ચાર્જ ઓફિસર છે અને એના ઉપક્રમે આ ભયંકર રોગને લગતા માહિતી કાર્યક્રમો લઈને ભારત, પાકિસ્તાન અને બંગ્લાદેશ જાય છે.

દયાદરાના સોલિસિટર હસન જીવા, આરીફભાઈ વલણવાલા, બાબર બંબુસરીના દીકરા મોહંમદ રૈહાન અને પરિયેજના સઈદભાઈ દુધા આ ચાર વહોરા પટેલ ભાઈઓ મળીને **'ઉમ્મા'** ટેલિવિઝન ચૅનલ ચલાવે છે જેનું પ્રસારણ ૧૬૯ જેટલા દેશોમાં થાય છે. ચૅનલ પર ઈસ્લામિક કાર્યક્રમો ઉપરાંત આરોગ્ય, રાજકારણ, સામાજિક વગેરે બાબતોને લગતા રસપ્રદ કાર્યક્રમો પેશ કરવામાં આવે છે.

સલીમ સાબરી તરીકે ઓળખાતા મરહૂમ હાજી અહમદ ઈસપ સેગવાવાળાના પુત્ર સલીમ દેશવિદેશમાં તેમના કવ્વાલીના કાર્યક્રમો માટે જાણીતા છે. તેઓ પાકિસ્તાનના સાબરી બ્રધર્સના હાજી મકબૂલ સાબરીના ચેલા છે. એના સૂફી સંગીતને કારણે તેમનું ઝુમ ઝુમ કવ્વાલીનું આલ્બમ જે તેમણે પતિયાલા ઘરાનાના ઉસ્તાદ ઝોહર અલી ખાન સાથે કમ્પોઝ કર્યું હતું તે ઘણુંજ પ્રચલિત થયું છે.

મરહૂમ હાજી અહમદ ઈસપ સેગવાવાળાના બીજા પુત્ર સિરાજ જેઓ સિરાજ પટેલ વકીલ તરીકે જાણીતા છે તેઓ વહોરા પટેલ કોમ્યુનિટીના શરૂઆતના વકીલોમાંના એક છે. બ્લૅકબર્નની સ્થાનિક પેઢી ફૉર્બ્સ ઍન્ડ પાર્ટનર્સ સાથે સોલિસિટર તરીકે કામ કર્યા પછી તેઓ બૅરિસ્ટર બન્યા હતા.

બ્રિટનમાં ગુજરાતી પત્રકારત્વનો આરંભ બ્લૅકબર્નથી થયો. માર્ચ ૧૯૬૮માં સિરાજ પટેલ પગુથનવી અને અબ્દુલ્લાહ માસ્તર પગુથણવાલાએ **'વીસમી સદી'** નામક માસિક શરૂ કરેલું. આ સામયિક સુરતમાં કમ્પોઝ થતું અને ડાર્વીનના પ્રેસમાં એની હજારેક નકલો છપાતી. છ અંકો પછી છાપકામની મુશ્કેલી અને નાણાભીડને લીધે આ માસિકનું પ્રકાશન બંધ થયું.



## ૫.૭
## પ્રેસ્ટનમાં ભરૂચી વહોરા પટેલો
*કદમ ટંકારવી*

**પ્રથમ વસાહતીઓ:**

પ્રેસ્ટનમાં સૌ પ્રથમ વસનાર વહોરા પટેલોમાં ૧૯૫૭માં મૂળ કહાનના મહમ્મદ હસન પટેલ તથા ૧૯૫૮માં સાંસરોદના હસન માસ્તર આવેલા. મૂળ કરમાડના ઈસા ઉમર મીરાંવાલા અને રાજપારડીના અહમદ ઈસ્માઈલ વેરાગી પણ ૧૯૫૮માં અહીં સ્થાયી થયેલા. તે પછી ૧૯૫૯માં પરિયેજના વલી ઉમર મુન્શી, ટંકારીઆના મસ્તાન બંગલાવાલા અને પગુથણના મહમ્મદ કારકુન આવ્યા. ૧૯૬૦માં અહીં વસનાર ભાઈઓમાં ટંકારીઆના અહમદ વલી વોરાજી તથા ઐયુબ અહમદ કરીમ, ઝંઘારના મહમ્મદ અલી સુલેમાન, કરમાડના મહમ્મદ મીરાવાલા ઉર્ફે શરફઅલી તથા ઈબ્રાહીમ આદમ ભાઈલોક, મનુબરના ઈબ્રાહીમ બાદીન, અબ્દુલ્લાહ અને ઈબ્રાહીમ ઓધિયા મુન્શી મુખ્ય હતા. કાળક્રમે વસ્તી વધતી ગઈ અને હાલ ડીપડેલ વિસ્તારમાં બહુમતી વસ્તી ભરૂચી વહોરા પટેલોની છે.

**વ્યવસાય:**

શરૂઆતમાં આવનાર વસાહતીઓ મિલો, ફેકટરીઓમાં કામ કરતા હતા. તે પછી પોતાના ધંધા શરૂ કર્યા. માટલીવાલા બ્રધર્સે ગાર્મેન્ટ્સની ફેકટરીઓ કરી. વહાલુના જનાબ અબ્દુલગફુર વાઝાએ પણ ગાર્મેન્ટ્સ અને પોલ્ટ્રીના ધંધામાં પ્રગતિ કરી. કરમાડની ભાઈલોક ફેમિલીએ પ્રોપર્ટી ડેવલપમેન્ટના ક્ષેત્રે વિકાસ સાધ્યો. કંબોલીના ઉસ્માનભાઈ સાલિયા અને તેમના પુત્રો પણ લોંન્ડ્રી ઉપરાંત પ્રોપર્ટીની લે-વેચ અને ઈમ્પોર્ટ-એક્ષપોર્ટનો ધંધો કરે છે. એ સિવાય પ્રેસ્ટનના વહોરા પટેલો ગ્રોસરી અને ન્યૂઝ એજન્ટ્સની દુકાનોના માલિક બન્યા. કેટલાક ટેક્ષીના વ્યવસાયમાં પડયા.

યુવા પેઢીએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું, એને પરિણામે હાલ પ્રેસ્ટનના વહોરા પટેલ સમાજમાં પણ કેટલાક ડૉકટર, સોલિસિટર, ફાર્મસિસ્ટ, ડેન્ટીસ્ટ, ઓપ્ટીશ્યન અને એકાઉન્ટન્ટ છે. નબીપુરના હનીફ મોહમ્મદ વાડીવાલાની Mohammed & Co, વરેડિયાના ઉમરજીભાઈ બાબરના દીકરાની

Barber & Co અને કરમાડના ભાઈલોક કુટુંબની Bhailok Fielding એ વહોરા પટેલોની જાણીતી વકીલોની પેઢીઓ (Solicitors Firms) છે.

**સંસ્થાઓ:**
પ્રેસ્ટનમાં ભરૂચી વહોરા પટેલ સંચાલિત આશરે ૭ જેટલી મસ્જિદો તથા મદ્રસાઓ છે. ૩ કોમ્યુનિટી સેન્ટરો છે.

અહીંની મસ્જિદે રઝા પાયાથી ચણીને બંધાયેલી પ્રેસ્ટનની સૌ પ્રથમ બુનિયાદી મસ્જિદ છે. જામીઆ મસ્જિદ અને કુવ્વતુલ ઈસ્લામ મસ્જિદ અહીંની બે જૂનામાં જૂની મસ્જિદો છે. મસ્જીદે નૂર અને વિશાળ નૂર હોલનું સંચાલન વહોરા પટેલોની ગુજરાત સુન્ની મુસ્લિમ સોસાયટી કરે છે, જેના પ્રમુખ નબીપુરના મુબારક આદમ ઘંટીવાલા તથા માનદ જનરલ સેક્રેટરી ટંકારીઆના ઈસ્માઈલ મહંમદ ખંડુ (મીની હાફેજી) છે. આ સિવાય ફુલવુડ વિસ્તારમાં નૂરાની એજ્યુકેશન સેન્ટરનું સંચાલન પણ વહોરા પટેલ હસ્તક છે જેના પ્રમુખ પરિયેજના ઈસ્માઈલ વલી હસન (ભગત) છે. આ સિવાય મોહદ્દીષે આઝમ મિશન હસ્તક “મદની સેન્ટર”નું સંચાલન પણ વહોરા પટેલો કરે છે. અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું આ સેન્ટર ડીપડેલ રોડ પર આવેલું છે.

પ્રેસ્ટનના ભરૂચી વહોરા ભાઈઓએ પણ પ્રેસ્ટન મુસ્લિમ ગર્લ્સ હાઈસ્કૂલની સ્થાપના કરી છે, જે હાલ હાઈસ્કૂલ ઉપરાંત સિક્ષ્થ ફોર્મ કોલેજ પણ છે.

એ ઉપરાંત ‘ધ ગુજરાત મુસ્લિમ વેલ્ફેર સોસાયટી’ પણ અસ્તિત્વમાં છે જે અવારનવાર સાહિત્યિક અને સામાજિક કાર્યક્રમો યોજે છે. વાંતરસા-કોઠીના જનાબ ઈબ્રાહીમ મેમ્બર આ સંસ્થાના માનદ સેક્રેટરી છે અને સંસ્થાના ઉત્સાહી પ્રમુખ જનાબ મહમ્મદભાઈ અમીરત સાથે મળીને સંસ્થાને ગતિમાન રાખે છે.

**જાહેર જીવન:**
પ્રેસ્ટન કાઉન્સિલમાં વહોરા પટેલો સક્રિય ભાગ લે છે. મૂળ ઈખરના વલીભાઈ પટેલ લેન્કેશાયર કાઉન્ટી કાઉન્સિલના વડા હતા. નબીપુરના અહમદ સઈદ પટેલ સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયાના મૅનેજર હતા. યુસુફ

ભાઈલોક પણ જાહેર જીવનમાં અગ્રસ્થાને છે. 'પ્રોપર્ટી ડેવલપર' અને 'મિલ્યનેઅર બિઝનેસમેન' તરીકે ઓળખાય છે. ૨૫ વર્ષનો કોમ્યુનિટી વર્કનો અનુભવ ધરાવે છે. શિક્ષણમાં ખાસ રસ લે છે. તેઓ મુસ્લિમ કાઉન્સિલ ઑફ બ્રિટનના જનરલ સેક્રેટરી પણ રહી ચૂકયા છે. મુસા હાજી સાંસરોદવાલા સામાજિક કાર્યકર છે અને 'ભરૂચ મુસ્લિમ મેડિકલ ઍન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, યુ.કે.'ના ઉપ-પ્રમુખ છે.

**સાહિત્ય:**
બ્રિટનના ગુજરાતી ભાષા-સાહિત્યનો આરંભ પ્રેસ્ટનથી થયો ગણાય.



૧૯૭૦માં આ લખનારના નિવાસસ્થાને 'ગુજરાતી સાહિત્ય મંડળ'ની સ્થાપના થયેલી. ૧૯૭૩માં જર્મનીથી **શેખાદમ આબુવાલા** બ્રિટનના પ્રવાસે આવ્યા ત્યારે એમની પ્રેરણા અને સૂચનથી આ મંડળનું 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.'માં રૂપાંતર થયું.



આ લખનારે **(કદમ ટંકારવી)** 'ગિલ્ડ'ના માનદ સેક્રેટરી તરીકે ઠેઠ ૨૦૦૪ સુધી નિષ્ઠાપૂર્વક સેવા બજાવી હતી.



સ્થાપના કાળથી આ સંસ્થા ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સક્રિય છે. આજપર્યંત એના ઉપક્રમે બ્રિટનમાં આશરે પંચોતેર જેટલા ગુજરાતી **મુશાયરાઓ** તથા સાહિત્યિક કાર્યક્રમો યોજાયા છે.

અદમ ટંકારવીના શબ્દોમાં "૧૯૬૧માં બ્રિટન સ્થિત થયા ત્યારથી આજપર્યંત ગુજરાતી ભાષા-સાહિત્યને જીવંત રાખવા કદમ ટંકારવીએ જે અવિરત પુરુષાર્થ કર્યો છે તેને હું બિરદાવું છું. કદમ ટંકારવીના નામોલ્લેખ

વિના બ્રિટનના ગુજરાતી ભાષા-સાહિત્યનો ઇતિહાસ આલેખાય એ શકય નથી. કાવ્ય સર્જન, નવલિકા, કટાક્ષલેખો, પત્રકારત્વ, સાહિત્યિક સંસ્થા, નવોદિતોને માર્ગદર્શન, કાવ્યગોષ્ઠિ, મુશાયરા - આ પ્રત્યેક ક્ષેત્રે કદમનું પ્રદાન નોંધપાત્ર છે.''

કદમની સાહિત્યિક અને અન્ય સેવાઓની કદરરૂપે એમને પ્રેસ્ટનના ગિલ્ડ મેયરના હસ્તે 'વિશ્વ માનવી પારિતોષિક', પ્રેસ્ટનની મુસ્લિમ સોસાયટી તરફથી સન્માન, ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ અને બ્રિટએશિયન ન્યૂઝ તરફથી સન્માન તકતીઓ અર્પણ કરી નવાજવામાં આવ્યા છે.''

ઓપિનિયન માસિકના તંત્રી શ્રી વિપુલ કલ્યાણીના શબ્દોમાં ''વિલાયતના ગુજરાતી સમાજના એક અગ્રગણ્ય કવિ અબ્દુલ્લાહ કમાલ પટેલ 'કદમ'ના તાજા ગઝલસંગ્રહો 'આવરણ' અને 'વેદના-સંવેદના'ની લોકાર્પણવિધિ ત્રીસેક ચૂનંદા ગુજરાતીઓ વચ્ચે ૨૪મી જૂન ૨૦૦૩ના રોજ આ દેશની ઉમરાવસભા (House of Lords)માં થયો. ભાષા સાહિત્યની કોઇ પણ ચોપડીનો આવો આ પ્રથમપહેલો અને ઐતિહાસિક અવસર હતો.''

બ્રિટનના જાણીતા લેખક અને ઇતિહાસવિદ ડાહ્યાભાઇ મિસ્ત્રીના મતે, બ્રિટનમાં ગુજરાતી ભાષા-સાહિત્ય અને ગુજરાતીતાના જતનમાં લેન્કેશાયરનું આગવું પ્રદાન છે. ડાહ્યાભાઇ અહીંના વહોરા પટેલોને 'બ્રિટનમાં ગુજરાતીતાના પ્રહરીઓ' તરીકે ઓળખાવે છે.

બ્રિટનમાં ગુજરાતી સામયિક પ્રગટ કરવા બાબતે પણ પ્રેસ્ટનના કદમ ટંકારવી અગ્રણી ગણાય. તેમણે ૧૯૭૦માં ''આવાઝ'' સામયિક શરૂ કરેલું. ત્યાર પછી સેગવાના યાકુબ વલીભાઇ પટેલે જેઓ અત્યારે Prison Chaplain તરીકેની સેવા બજાવે છે તેમણે ''નવયુગ'' નામના માસિકનું પ્રકાશન કરેલું જેના તંત્રી કદમ ટંકારવી અને સહતંત્રી વરેડિયાના ઇમ્તિયાઝ પટેલ હતા. આ સામયિકોમાં ભાષા-સાહિત્યનાં ઉચ્ચ ધોરણો જળવાયેલાં, અને બ્રિટનમાં ગુજરાતી ભાષાને જીવંત રાખવામાં આ પ્રકાશનોનો અમૂલ્ય ફાળો ગણાય.

કાળક્રમે નાણાંભીડ અને બ્રિટનના ગુજરાતી સમાજની ઉદાસીનતાને કારણે આ સામયિકો બંધ થયાં.

# ૫.૮
# લેન્કાસ્ટરમાં ભરૂચી વહોરા પટેલો
*બાબુ ઘોડીવાલા*

**પ્રથમ વસાહતીઓ:**
લેન્કાસ્ટરમાં ભરૂચી વહોરા પટેલોના વસવાટની શરૂઆત ૧૯૬૨થી થઇ. પગુથણના હાજી અલી માસ્તર તથા ઉમરજી માસ્તર, કંથારીઆના અબ્દુલ થાગીયા અને યાકુબ દોલા, મનુબરના અબ્દુલ્લાહ મુન્શી, સાંસરોદના ઈબ્રાહીમ ચાંદીયા, વલીભાઇ વહાલુવાલા, ઈખરના યુસુફ માસ્તર લાલા, દયાદરાના અબ્દુલ મજે અને વલણના ઈસ્માઇલભાઇ ગરીગપોટી ૧૯૬૨માં લેન્કાસ્ટરમાં સ્થાયી થયેલા. તે પછી ૧૯૬૪માં ટંકારીઆના મુસા અહમદ ખોડા, ઈસ્માઈલ અહમદ ખોડા, એ.યુ.પટેલ તથા ઈબ્રાહીમ માસ્તર ખોડા આવેલા. હાલ લેન્કાસ્ટરમાં વહોરા પટેલોનાં ૭૦ કુટુંબો છે.

**વ્યવસાય:**
લેન્કાસ્ટરમાં અબ્દુલ્લાહ મુન્શીની ‘સુલતાન ઑફ ઈન્ડિયા’ નામે આલીશાન હોટલ છે. દહેગામના યાકુબભાઇ મિસ્ટર પણ રેસ્ટોરાં અને મકાનોના માલિક છે. આ ઉપરાંત વહોરા પટેલો રેસ્ટોરાં અને ટેકઅવે ચલાવે છે. ન્યૂઝ એજન્ટ્સ અને કોર્નર શોપો પણ છે. લેન્કાસ્ટરમાં ઘણા વહોરા પટેલો મકાનોના માલિકો (landlords) છે, અને લેન્કાસ્ટર યૂનિવર્સિટીના વિદ્યાર્થીઓને ભાડૂઆત તરીકે રાખી સારી આવક કમાય છે.

બે યુવકો ફાર્મસિસ્ટ છે, અને ૪ સોલિસિટરો છે. ૨ એકાઉન્ટન્ટ્સ છે. કેટલાક આઇ.ટી. ક્ષેત્રે વૅબસાઇટ ડિઝાઇનીંગ વગેરેનું કામ કરે છે.

**સંસ્થાઓ:**
લેન્કાસ્ટરમાં વહોરા પટેલ સંચાલિત ૨ મસ્જિદો અને ૨ મદ્રસા છે. અન્ય સ્થળોની જેમ અહીં પણ છોકરીઓના દારૂલ ઉલૂમની સ્થાપનામાં વહોરા પટેલોનો ફાળો નોંધપાત્ર છે.

વહોરા પટેલોનું કોઇ કોમ્યુનિટી સેન્ટર કે યુવા પ્રવૃત્તિ કેન્દ્ર નથી.

## ૫.૯
## ડયુઝબરી, વેસ્ટ યોર્કશાયર
*ઈકબાલ ઘોરીવાલા • આદમભાઈ દાવી*

**પ્રથમ વસાહતીઓ:**
ભરૂચી વહોરા પટેલો આરંભે મુખ્યત્વે લેન્કેશાયરનાં પ્રેસ્ટન, બોલ્ટન, બ્લૅકબર્ન જેવાં ટાઉનોમાં વસ્યા. પરંતુ કેટલાક યોર્કશાયરના ડયુઝબરીમાં પણ સ્થાયી થયા. ૧૯૫૬માં મૂળ હિંગલોટના ઈસ્માઈલભાઈ વાઘરીવાલા આવેલા. તે પછી ૧૯૫૭માં કરમાડના ઈબ્રાહીમ દાવી, અબ્દુલભાઈ દરવાન, મહુધલાના મહમ્મદ ગજરા, મનુબરના ઉસ્માનભાઈ ચીમટા, પગુથણના મહમ્મદભાઈ કારકુન અને સાંસરોદના હસન માસ્તર આવેલા. હિંગલોટના અહમદભાઈ મુન્શી તથા અહમદભાઈ માસ્તર ૧૯૫૯માં આવ્યા. ૧૯૬૧માં દસાનના વલી બાપુ અને સમાજ સેવક જનાબ આદમભાઈ દાવી આવ્યા.

**વ્યવસાય:**
ડયુઝબરીમાં વહોરા પટેલોનાં આશરે ૬૦ જેટલાં પેટ્રોલ સ્ટેશનો છે. ૩ ભાઈઓ માર્કેટીંગનો ધંધો કરે છે. ૧ કૅટરીંગના ધંધાવાળા લોકો માટેની કૅશ ઍન્ડ કેરી ચલાવે છે. ૧ મોટા પાયા પર શાદીઓ વગેરેમાં ખાવાપીવાનું સપ્લાય કરે છે, ૧ ગ્રોસરી શોપ, ૪ ગ્રોસરીની મોબાઈલ ડિલિવરી કરનારા, ૪ જેને કારગો (મોટાં પાર્સલોની) ડિલિવરી કહે છે તે, ૧ ડેન્ટિસ્ટ, ૧ ઓપ્ટિશિયન, ૬ ફાર્મસિસ્ટ, ૧ ટ્રાવેલ એજન્ટ, ૩ પોષ્ટ ઓફિસો, ૫ સ્વીટ અને ન્યૂઝશીટ્સ, ૬ મોબાઈલ ફોનની દુકાનો, ૪ કપડાંની દુકાનો, ૨ બૅરિસ્ટર, ૧ વકીલ, ૩ જી.પી. અને ૧૫ પ્લમ્બીંગ, પેઈન્ટીંગ ડેકોરેટીંગ, ઈલેકટ્રિકલ ફિટિંગ વગેરે સ્વરોજગારોમાં છે.

**સંસ્થાઓ:**
ડયુઝબરીના ભરૂચી વહોરા પટેલોના પ્રયાસોથી મસ્જિદ મદ્રસાઓની સ્થાપના થઈ છે. હાલ ડયુઝબરીમાં વહોરા પટેલ સંચાલિત ૪ મસ્જિદો તથા ૪ મદ્રસા છે.

ડયુઝબરીમાં તબ્લીગી મરકઝ છે જેનું બાંધકામ ૧૯૭૮માં શરૂ કરવામાં આવ્યું હતું. આ મરકઝ અત્યારે સમગ્ર યુરોપનું તબ્લીગી જમાતનું હેડકવાર્ટર છે. એની સ્થાપનામાં ભરૂચી વહોરા પટેલોએ નોંધપાત્ર પ્રદાન કરેલું, અને આરંભકાળમાં કાવીના મૌલાના યાકુબ કાસમી સાહેબે માર્ગદર્શન પૂરું પાડેલું.



દીની ક્ષેત્રમાં **મૌલાના યાકુબ કાસમી** સાહેબનો ફાળો પ્રથમથી જ નોંધપાત્ર રહ્યો છે. પોતે અનુભવી અને અભ્યાસી હોઇ, એમનાં અનુભવ અને અભ્યાસપૂર્ણ લખાણો, ‘રૂઇયતે હિલાલ’ અને નમાઝના સમયોને લગતાં સંશોધનો અને દીની બયાનોથી અહીંના લોકો ઘણાં ફયઝયાબ થયા છે.

અત્યારે મૌલાના યાકુબ સાહેબ પોતાની ઇસ્લામિક શરઇ કાઉન્સિલ (Islamic Shariah Council) દ્વારા અન્ય ઇસ્લામિક સ્કૉલરો સાથે મળી અહીંના આપણા સમાજમાં રોજબરોજ વધતી જતી તલાકની સમસ્યા અને સામાજિક જીવનને સ્પર્શતા અન્ય મસઅલાઓ અંગે બ્રિટનભરના મુસલમાનોની શરઇ રીતે રેહબરી કરી સુંદર ખિદમત અંજામ દઇ રહ્યા છે.

**જાહેર જીવન:**

ડયુઝબરીના વહોરા પટેલો સ્થાનિક રાજકીય સંસ્થાઓમાં રસ લે છે.

કાઉન્સિલની દર વર્ષે યોજાતી સ્થાનિક વૉર્ડની ચૂંટણીમાં અને દર પાંચ વર્ષે યોજાતી ધારાસભાની ચૂંટણીમાં હોંશે હોંશે ભાગ લે છે. કેટલાક યુવાનો લેબર પક્ષના તો બીજા કેટલાક કન્ઝર્વેટીવ અને લિબ-ડેમ પક્ષોના ઉમેદવાર બની ચૂંટણીજંગમાં ઝંપલાવે છે. હાલ કાઉન્સિલમાં પગુથણના અબ્દુલ મજીદના દીકરા **સલીમ પટેલ** કન્ઝર્વેટીવ પક્ષના કાઉન્સિલર છે.

## ૫.૧૦
## ચૉરલી, કૉવેન્ટ્રી અને નનીટન

ઉપર જણાવેલા શહેરો અને ટાઉનો ઉપરાંત લેન્કેશાયરના ચૉરલી, મિડલેન્ડ્ઝના કોવેન્ટ્રી અને નનીટન જેવાં શહેરો અને ટાઉનોમાં પણ વહોરા પટેલોનાં કેટલાંક કુટુંબો વસે છે.

આ કુટુંબોમાં **ચૉરલી**માં આપણી વહોરા કોમના મોટા વેપારી અને દાનવીર તથા ભરૂચના મુન્શી મનુબરવાલા શૈક્ષણિક સંકુલના સ્થાપક અને વહીવટકર્તા એવા મૂળ મનુબર ગામના હાજી મોહમ્મદભાઇ મુન્શી સાહેબ ઍન્ડ ફેમિલી અને વોરા સમનીના હાજી ઇબ્રાહીમભાઇ સાલેહ ખાનસાહેબ ઍન્ડ ફેમિલીનો સમાવેશ થાય છે. ઉપરાંત અહીં મૌલાના મેહબુબ સાહેબ દીની ખિદમતોમાં પેશ પેશ છે.



૫૫૦ નમાઝીઓ જેમાં એકી સાથે નમાઝ પઢી શકે એવી ચારનોક સ્ટ્રીટ અને બ્રૂક સ્ટ્રીટમાં આવેલી અહીંની ચાર લાખ પાઉન્ડના ખર્ચે બનેલી બુનિયાદી **મસ્જિદ 'દાવતુલ ઈસ્લામ'**ના બાંધકામમાં હાજી મોહમ્મદ મુન્શી અને ફેમિલીના માતબર દાન ઉપરાંત વહોરા પટેલોનો મુખ્ય ફાળો રહ્યો છે. આ મસ્જિદની ઉદઘાટનવિધિ માર્ચ ૨૦૦૬માં કરવામાં આવી હતી.

**કોવેન્ટ્રી**માં ટંકારીઆના મરહૂમ દાવૂદભાઇ પાઇ અને વાસણોના હોલસેલર તેમના જમાઇ આરીફ ઇસ્માઇલ પાઇ અગ્રસ્થાને છે.

**નનીટન**માં મર્હૂમ યાકુબભાઇ અમદાવાદી અને તેમના દીકરાઓ, કરમાડના વલીભાઇ બો તથા મૂળ હિંગ્લોટ અને પરિયેજ ગામનાં મળી કુલ દસપંદર કુટુંબો આબાદ છે.

## ૬
# બ્રિટનમાં વહોરા પટેલ સમાજની સમસ્યાઓ
## જૂની પેઢી

બ્રિટનમાં આપણા વસવાટને છ દાયકા જેટલો સમયગાળો થયો. આ દરમિયાન સમાજમાં કેટલીક સમસ્યાઓ ઊભી થઇ છે. આમાંની કેટલીક સમસ્યાઓ આપણે ભારતથી સાંસ્કૃતિક બોજા (cultural baggage) તરીકે સાથે લઇને આવેલા, કાળક્રમે આ સમસ્યાઓ વકરી અને વધુ ગંભીર સ્વરૂપ લીધું.

બ્રિટનના સમાજ સાથે અનુકૂલનતા (adjustment)ની ક્ષમતા આપણે કેળવી શકયા નહીં, અને ભારતની માનસિકતા સાથે જીવતા રહ્યા. આને કારણે બ્રિટનના મુખ્યપ્રવાહ સંદર્ભે કેટલીક સમસ્યાઓ ખડી થઇ.

આપણી અહીં જન્મી ઉછરેલી નવી પેઢી સાથે પણ આપણે અંતર પડી ગયું. તેમની સાથેનો સંપર્ક અને સંવાદ (dialogue) ઓછો થતો ગયો. પરિણામે યુવાપેઢીના પ્રશ્નો આપણે સમજી શકયા નહીં.

આ પુસ્તકમાં સમાવેશ કરવાના હેતુથી અમે કેટલાક પીઢ વડીલો સાથે બ્રિટનમાં આપણી જૂની પેઢીની મુખ્ય સમસ્યાઓ અંગે ચર્ચા કરી. આ ચર્ચાઓનાં તારણો નીચે મુજબ છે:

**૧. ધાર્મિક મતભેદો**

આપણા સમાજમાં ફિરકાપરસ્તી અર્થાત વાડાબંધી તો બ્રિટન વસવાટ અગાઉ પણ હતી જ. પરંતુ અહીંના વસવાટ દરમિયાન ઉત્તરોત્તર આ મતભેદો વધતા ગયા છે. આને પરિણામે એકબીજા પ્રત્યે નફરત પેદા થઇ છે. વ્યવહારમાં કડવાશ આવી છે. કુસંપ વધવાથી આપણી સહિયારી (common) સમસ્યાઓ અંગે સાથે મળી, સાથે બેસી ચર્ચાવિચારણા કરવા જેટલા સંબંધો રહ્યા નથી. કેટલાક લોકો દુઆ સલામનો વહેવાર પણ રાખતા નથી. આવી સંકુચિત વિચારસરણીને લીધે સમાજનું માળખું શિથિલ થયું છે. લોકો એકમેકથી અતડા રહે છે. અગાઉ આપણા સમાજમાં જે

મેળમેળાપ અને લગ્નસંબંધો હતા તે ઓછા થતા જાય છે. આને કારણે છોકરા-છોકરીની શાદી માટે યોગ્ય પાત્ર શોધવાનું મુશ્કેલ બને છે કેમકે, પસંદગીનું ક્ષેત્ર સંકુચિત થતું જાય છે. લોકો પોતાના ફિરકામાં અને હવે તો એ ફિરકાના પણ પેટા ફિરકામાં લગ્નસંબંધ શોધતા-બાંધતા થયા છે. યોગ્ય પાત્રની પસંદગીમાં જે મુશ્કેલી પડે છે એના પરિણામે શકય છે કે, લાંબે ગાળે આપણી યુવા પેઢી અન્ય મુસ્લિમ સમાજો અને ગેરમુસ્લિમ સમાજો સાથે પણ લગ્નગ્રંથિથી જોડાવા લાગે. આવા કેટલાક બનાવો અત્યારે બનવાનું શરૂ થઇ ગયું છે.

## ૨. મસ્જિદ-મદ્રેસાનો વહીવટ

આપણે બ્રિટનમાં વસવાટ પછી ટૂંકા ગાળામાં મસ્જિદ-મદ્રેસાનું નિર્માણ ખંતપૂર્વક કર્યું. અનેક ટાઉનોમાં વહોરા પટેલોના પ્રયત્નોથી મસ્જિદ-મદ્રેસા ઊભા થયા, અને ચાલે છે. પરંતુ એના વહીવટ અને સંચાલન બાબતે અનેક સમસ્યાઓ ઊભી થઇ છે. મસ્જિદની કમિટીઓમાં સ્થાન મેળવવા માટે કલહ અને ઝઘડા થાય છે. આ ઝઘડાને પરિણામે ચૅરિટી કમિશનમાં કે ન્યાયાલય સુધી ફરિયાદો થાય છે. આનો સાદો ઉપાય એ કે, દરેક ભાઇ મસ્જિદના બંધારણને અનુસરે અને મતભેદ ઊભો થાય તો ઝઘડો કરવાને બદલે વાટાઘાટ અને સમાજના અનુભવી વડીલો અને વર્ચસ્વ ધરાવતા ઉલમાઓના સલાહસૂચન મુજબ નિવેડો લાવે. વડીલો અને ઉલમાઓએ આ માટે તૈયારી બતાવવી જોઇએ.

આપણા અનેક ટાઉનોમાં કાઉન્સીલ ઑફ મોસ્ક્સ (Council of Mosques) હોય છે. આ સંસ્થાએ મસ્જિદના ઝઘડામાં મધ્યસ્થી કે લવાદ (mediator) તરીકે પડવું જોઇએ, અને બધા પક્ષો સાથે ચર્ચાવિચારણા કરી સમસ્યાના ઉકેલની પ્રક્રિયામાં સહાયરૂપ થવું જોઇએ.

મસ્જિદ-મદ્રેસાના સંચાલનમાં યુવાપેઢીને સહભાગી બનાવી તેમને ધીરે ધીરે વહીવટની જવાબદારી સોંપવી જોઇએ.

મસ્જિદ-મદ્રેસાનું સંચાલન ઈસ્લામની પ્રણાલી મુજબ અને બ્રિટનના કાયદાને આધીન થવું જોઈએ. સ્વાસ્થ્ય-સલામતી (health and safety) તથા બાળ રક્ષણ (child protection)ના કાયદાથી અજ્ઞાન રહેવાને કારણે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. ઘણીવાર મસ્જિદના ઈમામ અને મોલ્વી-મુદર્રિસો તથા કમિટીના સભ્યો વચ્ચે ખાસ કરીને કાર્યપદ્ધતિ વિષે અસંમતિ અને મતભેદ ઊભો થઈ જતાં નોબત ઈમામના છૂટા થઈ જવા સુધી કે કમિટીના રાજીનામા સુધી પહોંચે છે અને પછી મસ્જિદ-મદ્રેસાનું તંત્ર ખાસા સમય સુધી ખોરવાઈ જાય છે. બાળકોની દીની તાલીમ બગડે છે. મસ્જિદમાં દિવસો સુધી લડાઈઝઘડાનું વાતાવરણ પ્રવર્તે છે. જ્યાં શાંતિ અને સુકૂન મળવું જોઈએ ત્યાં અશાંતિ અને અજંપાનું માહોલ સર્જાય છે. મસ્જિદ-મદ્રેસા જેવી જગ્યાઓ માટે આ ઘણીજ ફિકરની અને દુ:ખદાયક બાબત કહી શકાય. આ અંગે દરેકે સમજી વિચારી, એક બીજાનું માન-સન્માન તથા મસ્જિદ-મદ્રેસાની પવિત્રતા જળવાય રહે એ રીતે જવાબદારીપૂર્વક એક સાચા મુસલમાનને છાજે એ રીતે વર્તવાની જરૂર રહે છે.

### ૩. વિઘ્નસંતોષી તત્વો અને તકસાધુઓ

સમાજમાં કુસંપ પેદા થાય છે , અને નફરતનું વાતાવરણ ફેલાય છે તેના મૂળમાં સ્વાર્થી, પેટભરૂ, વિઘ્નસંતોષી અને તકસાધુ તત્વો હોય છે. એવી વ્યક્તિઓ પોતાનું હિત સાધવા સંસ્થા અને સમાજમાં મતભેદો ઊભા કરે છે, અને પોતાની ટોળકી બનાવી લોકોનું શોષણ કરે છે. કોઈ પણ વ્યક્તિને ભારત કે બીજા કોઈ દેશથી અહીં ધાર્મિક કાર્યક્રમો માટે નિમંત્રિત કરતાં પહેલાં એ વિચારવું જોઈએ કે આ વ્યક્તિ આપણા રૂહાની અને સામાજિક વિકાસમાં કેટલી ઉપયોગી થશે? વાયઝ-બયાનોથી વ્યક્તિ અને સમાજમાં કોઈ પરિવર્તન (transformation) ન આવે અને સુધારણા (reformation) ન થાય તો એ બયાનો મૌલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી કહે છે તેમ, એક પ્રકારની 'ઝેહની ઐયાશી' (intellectual luxury) છે.

### ૪. ફઝુલ ખર્ચ

શાદી કે અન્ય પ્રસંગોએ ધામધૂમ અને દેખાડો (show-off) કરવા નિરર્થક ખર્ચ થાય છે, અને આપણા સમાજમાં આવા પ્રસંગો વધુ

ખર્ચાળ થતા જાય છે. કપડાંલત્તાં ખરીદવા માટે ઠેઠ ઈન્ડિયા કે દુબાઈ જવાનું સામાન્ય થઈ ગયું છે. કોમના ઉલમા-એ-કિરામ તથા આગેવાનોએ આ અંગે લોકોને જાગૃત કરી ફઝુલ ખર્ચનો ખુલ્લો વિરોધ કરવો જોઈએ. સમાજના લેખક કવિઓએ પણ એ વિષે લેખો-કાવ્યો લખી લોકજાગૃતિ માટે પ્રયત્ન કરતા રહેવું જોઈએ.

**૫. બે પેઢી વચ્ચેનું અંતર**

જૂની પેઢી અને યુવા પેઢી વચ્ચેનું અંતર વધતું જાય છે. વાતચીત દ્વારા કે સંવાદ રચી એક બીજાને સમજવા માટેની ભૂમિકા નથી. આપણી પાસે કોઈ એવી સંસ્થાઓ કે મંચ (platform) નથી જ્યાં જૂની-નવી પેઢી ભેગી થઈ વાતચીત કરી શકે. જૂની અને નવી પેઢી પોતપોતાની અલગ દુનિયામાં જીવે છે. એમને એકબીજાની સમસ્યાઓ કે સુખદુ:ખ સાથે જાણે કોઈ નિસબત, લેવા દેવા નથી. પ્રશ્ન ભાષાનો નથી પણ વલણનો છે. આપણે નવી પેઢી સાથે સમ્પર્કનાં બિન્દુ ઊભાં કર્યાં નથી. કોઈ સભા સમારંભોમાં બે પેઢીઓ ભેગી થાય, સંવાદ કરે એવું આયોજન નથી. આને કારણે નવી પેઢી વહોરા પટેલ સમાજ સાથે એકરૂપ (identify) થતી નથી. પોતે વહોરા પટેલ સમાજનો ભાગ છે એવું અનુભવતી નથી. આ વલણ ચાલુ રહે તો કાળક્રમે સમાજનું માળખું તૂટી પડે, અને બ્રિટનમાં વહોરા સમાજ તરીકેની આપણી ઓળખ (identity) ભૂંસાઈ જાય.

**૬. અતડાપણું (exclusivism)**

બ્રિટનના વહોરા પટેલ સમાજમાં નજીવાં કારણોસર લોકો એકબીજાથી અતડા થતા જાય છે. પોતાના સમાજના લોકો સાથે જ મેળમેળાપમાં મુશ્કેલી હોય ત્યાં બીજા સમાજો સાથે તો સુમેળ કયાંથી સધાય? અમારી ચર્ચા દરમિયાન પોતાના અનુભવના આધારે બોલ્ટનના JP (જસ્ટીસ ઑફ પીસ) ઈકબાલભાઈ ઈસાએ એવું વિધાન કર્યું કે, આપણા સમાજના લોકો exclusive અર્થાત અતડા થતા જાય છે. બ્રિટીશ સમાજના મુખ્યપ્રવાહ સાથે કોઈ સમ્પર્ક રાખતા નથી. અન્યોથી દૂર રહી પોતાના સંકુચિત કોચલા (cocoon)માં જીવે છે. આને જ કારણે વરસોથી બ્રિટનમાં વસતા હોવા છતાં અહીંયાંના લોકોની વાત કરવાની, ચર્ચાવિચારણા

કરવાની, સમસ્યાઓ અને મતભેદો ઉકેલવાની અનુકરણીય કાર્યપદ્ધતિમાંથી આપણે કશું જ શીખ્યા નથી.

આનો અર્થ એવો નથી કે, અન્ય સમાજના દુર્ગુણો આપણે અપનાવવા. પણ અન્ય સમાજો સાથે પારસ્પરિક વ્યવહાર (interaction) સદંતર કપાઈ જાય તો ગેરસમજો અને પૂર્વગ્રહો વધતાં જાય અને આપણે વિશાળ સામાજિક માળખામાંથી હાંસિયામાં ધકેલાઈ જઈએ (marginalised) કે બાકાત થઈ જઈએ.

ઉપરોક્ત સમસ્યાઓ સાથે જીવતી જૂની પેઢી તો હવે ખતમ થશે, પણ આ સમસ્યાઓ આપણે વારસામાં નવી પેઢીને ન આપતા જઈએ એનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે. આપણી ભાવિ પેઢીઓ બ્રિટનમાં કઈ રીતે જીવશે તેનો આધાર આપણા આજના વલણ (attitude), અભિગમ (approach) અને જીવનશૈલી (lifestyle) ઉપર છે.

# બ્રિટનમાં વહોરા પટેલ સમાજની સમસ્યાઓ
## નવી પેઢી

બ્રિટનના વહોરા પટેલ સમાજની યુવા પેઢી શું વિચારે છે? એમની કઇ મૂંઝવણો છે? એમને કઇ સમસ્યાઓ કનડે છે? આપણા સમાજ પ્રત્યેની એમની દૃષ્ટિ કે સમજ (perception) કેવી છે? આ પ્રશ્નોના ઉત્તર માટે અમે એક પ્રશ્નાવલિ (questionnaire) તૈયાર કરી રૂબરૂ અને ઈમેઇલ દ્વારા યુવાનોને પહોંચાડી. લંડન, લેસ્ટર, બોલ્ટન, બ્લૅકબર્ન, પ્રેસ્ટનથી ૧૪ થી ૩૦ વર્ષની વયના યુવક યુવતીઓ તરફથી અમને જે ઉત્તરો મળ્યા તેનો સાર નીચે મુજબ છે:

આપણા સમાજ વિષેના યુવાપેઢીના ખયાલનાં હકારાત્મક અને નકારાત્મક બન્ને પાસાં દેખાય છે.

૧. ઘણાં યુવક યુવતી સમજે છે કે, એમના વડીલો ઈન્ડિયાથી અહીં આવ્યા અને મુશ્કેલીઓનો સામનો કરી પૈસેટકે સમૃદ્ધ થયા તેના પ્રતાપે અમને સારું જીવન અને સુખસગવડો પ્રાપ્ત થઇ છે. ઉદાહરણ તરીકે બોલ્ટનના જનાબ અબ્દુલ અઝીઝ દાઉદ મનુબરીના દીકરા, દીકરીઓ અને પુત્રવધુઓ લખે છે કે,

> "In our opinion what our forefathers have achieved is simply remarkable. They came to a strange country 5,000 miles from home. They came alone leaving behind their families. They came empty-handed. They were unskilled and could not even speak yes or no. They did not know where they will eat or sleep. All these incredible sacrifices were given by our elders so that we, the 3rd and 4th generations can have an easy life. Today's Vohra youth are ever in debt to our granddads and great granddads for their sacrifices and achievements."

> "અમારા મતે અમારા વડવાઓએ જે સિદ્ધ કર્યું તે નોંધપાત્ર છે. તેઓ પોતાના વતનથી ૫૦૦૦ માઇલ દૂર અજાણ્યા દેશમાં આવ્યા.

પોતાના કુટુંબને છોડી એકલા આવ્યા. ખાલી હાથે આવ્યા. તેમની પાસે કોઈ કૌશલ્ય ન હતું અને ઈંગ્લીશમાં યસ-નો પણ આવડતું ન હતું. તેઓ કયાં ખાશે કે સૂઈ જશે એની પણ તેમને ખબર ન હતી. આપણા વડવાઓએ આ માનવામાં ન આવે એવા ભોગ એટલા માટે આપ્યા કે આપણને - એમની ત્રીજી અને ચોથી પેઢીને સારું જીવન મળે. આજની યુવાપેઢી સદા માટે તેમના દાદા પરદાદાની ઋણી છે જેમણે ભોગ આપી આટલું બધું હાંસલ કર્યું.''

૨. જૂની પેઢીએ યૂરપના દેશમાં વસીને પણ પોતાનો દીન સાચવી રાખ્યો. મસ્જિદ, મદ્રેસા, દારૂલ ઉલૂમ, તબ્લીગી મરકઝો બનાવ્યાં અને દીનનું વાતાવરણ - માહોલ કાયમ રાખ્યું. આ પેઢીએ અગમબુદ્ધિ વાપરી મુસ્લિમ ફેઈથ સ્કૂલો પણ સ્થાપી.

૩. જૂની પેઢીના લોકો મહેનતું અને પરિશ્રમી હતા. ૧૯૭૦-૮૦ના ગાળામાં પુરુષો સ્ત્રીઓ બધાં કામે જતાં. કોટન મિલો બન્ધ થઈ તે પછી સાહસિક વહોરા પટેલોએ પોતાના નાના મોટા સ્વતંત્ર ધંધાઓ શરૂ કર્યા, અને આર્થિક રીતે સદ્ધર થયા.

"We are proud of their achievents. We have come a long way – અમને તેમની સિદ્ધિ માટે ગર્વ છે. આપણે ઘણાં આગળ વધી પ્રગતિ કરી છે.

૪. આપણો સમાજ close knit સુગ્રથિત છે. અમને સહાય અને ટેકો મળે છે. They are there when you need them – તમારે જરૂર પડે ત્યારે તેઓ મદદ માટે હાજર હોય છે.

૫. I am proud of my roots – મારા મૂળ સમાજનો મને ગર્વ છે. પણ મારે આપણા ભૂતકાળ વિષે અને વહોરા પટેલ કોમ વિષે હજુ વધારે જાણવું છે.

૬. અમને લાગે છે કે આપણા વહોરા પટેલોમાં સંપ કે એકતા નથી - They are so divided – લોકો અલગ અલગ ફિરકાઓમાં વહેંચાયેલા છે. વળી સુરતી-ભરૂચી અને આ ગામનો, પેલા ગામનો

એવું વિચારે છે. વહોરા પટેલો સંકુચિત માનસવાળા - narrow minded છે. બીજા મુસ્લિમોને સ્વીકારતા નથી.

૭. બીજા સમાજો સાથે ભળતા નથી. બ્રિટનના કલ્યાણ પ્રૉજેક્ટો કે સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા નથી. We do not engage - આપણે જાહેર હિતની પ્રવૃત્તિઓમાં બીજા સમાજો સાથે સામેલ થતા નથી.

૮. વહોરા પટેલ સમાજ static - સ્થિતિચુસ્ત છે, જડ છે અને પરિસ્થિતિને અનુરૂપ બદલાતો નથી.

૯. આપણું સામાજિક સંગઠન નબળું અને અવ્યવસ્થિત છે. We are not organised. લોકો ભેગા મળી કોઇ પ્રવૃત્તિઓ કરે તે માટેની સંસ્થાઓ આપણે સ્થાપી નથી.

૧૦. અમને લાગે છે કે આપણા સમાજમાં ઘણાં લોકો મૂલ્યો અને ઊંચા વિચારોને બદલે બેન્ક બેલેન્સ અને માલમિલ્કતને વધુ મહત્વ આપે છે.

ઉપરોક્ત દસ મુદ્દાઓમાં, બ્રિટનની વહોરા પટેલોની યુવાપેઢી આપણા સમાજ વિષે શું માને છે તે સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત, પ્રશ્નાવલિમાં અમે યુવાનોને હાલ કઇ કઇ સમસ્યાઓ નડે છે એવું પૂછેલું. આના ઉત્તરમાં લાંબી યાદીઓ મળી. એનો ટૂંકસાર નીચે મુજબ છે:

૧. અમારી યુવાપેઢીના પ્રોબ્લેમ્સ વિષે કોઇ ચર્ચા થતી નથી. કોઇએ આજ સુધી અમને પૂછયું નથી કે, તમારી કઇ મુશ્કેલીઓ છે? We find it difficult to speak to anyone about our problems - અમારી સમસ્યાઓ વિષે કોને કહેવું? Our voice is not heard. અમારી વાત કોઇ સાંભળતું નથી. વડીલો સાથે ચર્ચા કરવામાં ભાષા પણ નડે છે.

૨. વ્યસનોનું પ્રમાણ વધતું જાય છે. કેટલાક યુવાનો નશીલા પદાર્થો (drugs), શરાબ અને સિગરેટના રવાડે ચડયા છે.

૩. યુવાપેઢી કુટુંબ અને સમાજથી અળગી, વેગળી થતી જાય છે. બીજા સાથે ભળતા નથી. They are keeping to themselves.

૪. યુવાપેઢી, ખાસ કરીને છોકરાઓમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેઓ માને છે કે, વડીલો તરફથી પ્રોત્સાહન નથી, અને યોગ્ય માર્ગદર્શનનો અભાવ છે.

૫. વડીલો પ્રત્યેનું માન તથા વિવેક, મર્યાદા ઓછાં થતાં જાય છે. ગુજરાતી ભાષા તથા આપણી સંસ્કૃતિ પ્રત્યે રસ કે આકર્ષણ નથી.

૬. અંગ્રેજી અમારી મુખ્ય ભાષા બની ગઇ હોવાથી મસ્જિદોમાં ઉર્દૂમાં થતાં જોશીલાં બયાનોમાં અમને ઝાઝી સમજ પડતી નથી. દીનની સાચી સમજ કેળવાતી નથી. ખાસ કરીને જુમ્આનાં બયાનો અંગ્રેજીમાં પણ અવારનવાર થાય તો નવયુવાનોને ઘણો ફાયદો થાય.

૭. ઘણાં યુવાનો માને છે કે, વહોરા પટેલોમાં સંપ સહકાર ઓછો છે. તેમનામાં ધાર્મિક, સામાજિક વાદવિવાદ અને ઝઘડા છે.

૮. કેટલાક યુવકોના મતે, બ્રિટનના વહોરા પટેલ સમાજમાં યોગ્ય નેતાગીરી નથી. વિવિધ ક્ષેત્રે કોમને દોરવણી આપે એવી પ્રતિભાશાળી વ્યક્તિઓ નથી. યુવાપેઢી માટે role models એટલે કે આદર્શ વિભૂતિઓનો અભાવ છે.

૯. યુવાપેઢી identity crisis એટલે પોતાની ઓળખ અને અસલિયત બાબત દ્વિધા અનુભવે છે. એમણે British Muslim બનવું છે, પણ કઇ રીતે તે સમજ નથી.

૧૦. બ્રિટનના મુસ્લિમ સમાજનું media portrait એટલે સમૂહમાધ્યમોમાં ઊઠતી છાપ negative અર્થાત નકારાત્મક છે. સાચી છાપ રજૂ કરવા શું કરવું તે સવાલ છે.

૧૧. કેટલાક યુવાનો અસામાજિક, ગુનાહિત પ્રવૃત્તિઓ કરે છે. કાયદાનો ભંગ કરી પોલીસ તપાસનો ભોગ બને છે.

૧૨. યુવાનોમાં બેકારી છે, અને માર્ગદર્શનના અભાવે poor career choices એટલે કારકિર્દી પસંદગી નબળી રહે છે.

૧૩. જાહેર જીવનમાં અને રાજકારણમાં યુવાનોની કોઇ તાલીમ નથી અને તેમને ઝાઝું સ્થાન નથી.

૧૪. સમાજમાં કોઇ ચર્ચા સભા, મેળાવડા, પ્રસંગ ઉજવણી, સ્નેહસંમેલનો નથી. There is nowhere to go.

૧૫. સમાજમાં કૌટુંબિક ઝઘડાઓનું પ્રમાણ વધતું જાય છે. સંયુક્ત કુટુંબમાં સાથે રહેવાના પ્રશ્નો છે. તલાકનું પ્રમાણ વધ્યું છે. પરિણામે single mothers કે lone parents એટલે કે એકલા હાથે બાળકોનો ઉછેર કરતી માતાઓ / પિતાઓનું પ્રમાણ પણ વધ્યું છે. Relationships break down easily. આને પરિણામે વહોરા પટેલ સમાજનાં family values – કુટુંબ મૂલ્યો ઘસાતાં જાય છે.

૧૬. યુવાપેઢીમાં સંગીત, ફૂટબોલ અને મોબાઈલ ફોનની craze ગાંડપણ વધતું જાય છે.

૧૭. આદર્શ, સંતોષી જીવન જીવવાને બદલે ભૌતિક સુખો - fast cars, easy money તરફ દોટ છે.

૧૮. યુવાપેઢીને મહેનત અને પરિશ્રમ કરવાની પ્રેરણા મળે એવું work culture – કામઢું વાતાવરણ સમાજમાં નથી.

૧૯. શાદી વગેરે પ્રસંગોએ too much mixing of boys and girls - યુવક યુવતીઓ મર્યાદાભંગ થાય એ રીતે છૂટછાટથી મળે છે. હા હા હી હી કરે છે.

૨૦. સમાજના લોકો ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાય છે, પણ સામાજિક પ્રવૃત્તિઓમાં રસ લેતા નથી કે ભેગા મળી આવી સમાજ માટે લાભદાયક કોઇ પ્રવૃત્તિ કરતા નથી.

૨૧. વહોરા પટેલ સમાજના યુવક યુવતીઓમાં self-esteem આત્મસન્માન ઓછું છે.

૨૨. આપણા સમાજનું કલ્ચર બ્રિટનના કલ્ચરથી તદ્દન અલગ છે. એને કારણે યુવાપેઢી confused છે અને મૂંઝવણ તથા ગૂંચવાડાભરી સ્થિતિ અનુભવે છે.

૨૩. અહીંના માહોલની અસરને લીધે કેટલાક યુવાનો ગેરમાર્ગે દોરવાય છે. તેમને સમાજ તરફથી સલાહ માર્ગદર્શન મળતાં નથી જેથી તેઓ ચેતે અને સુધરે. There are no efforts to bring them back on track.

# ઉપસંહાર (Conclusion)

આ પ્રકરણોમાં જે સમસ્યાઓનો ઉલ્લેખ થયો અને તેમના ઉકેલો માટેનાં જે દિશાસૂચનો પ્રસ્તુત કર્યાં તેનો હેતુ આપણા સમાજને પોતાની વર્તમાન સ્થિતિથી સભાન કરી ભાવિ વિષે વિચારતા કરવાનો છે.

આપણે ઝડપી પરિવર્તનના યુગમાં જીવીએ છીએ. વૈશ્વિકીકરણ (globalization)ને કારણે સમાજો અને જીવનશૈલીઓ સામે પડકારો ઊભા થયા છે. સમાજ સજાગ ન હોય તો આ પરિબળો તેને છિન્ન કરી નાંખે. સમૂહ માધ્યમોના પ્રભાવ હેઠળ પ્રજાઓનાં વલણો અને માનસો બદલાઈ રહ્યાં છે. બજારુ પરિબળો જાહેરાતો દ્વારા લોકોના સંસ્કારો ભૂંસી નાંખે છે (brain washing). સામાજિક રૂઢિઓને ખતમ કરે છે, અને સમાજનું વિઘટન (disintegration) કરી નાંખે છે.

આ પરિબળો સામે હાથ જોડી બેસી રહીએ કે કંઈ ન કરીએ એ વિકલ્પ નથી (doing nothing is not the option). સમાજનું અસ્તિત્વ ટકાવવા, ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરવા અને વિકાસ સાધવા સમાજ સુધારણાની પ્રક્રિયા સતત ચાલવી જોઈએ.

છેલ્લે કોઈ પણ કોમે જીવંત રહેવું હોય તો એણે અવારનવાર પોતાના વિષે ગંભીરપણે વિચાર કરવો જરૂરી છે. આપણી આજુબાજુ જે ફેરફારો થતા હોય, જે પરિવર્તનો થતાં હોય તેમને ધ્યાનમાં રાખી આપણે કયાં છીએ; આજ સુધી આપણે શું શું મેળવ્યું છે અથવા શું શું ગુમાવ્યું છે; આપણે હવે કઈ દિશામાં જઈ રહ્યા છીએ વગેરે બાબતોનો વિચાર ન કરીએ તો આપણી આજ તો જોઈએ તેટલી સારી નથી, આવતી કાલ પણ તદ્દન નિરાશાજનક રહેશે.

આ હકીકતને નજર સામે રાખી ઉપરના કેટલાક મુદ્દાઓ વિચારણા અને વિચાર વિનિમય માટે પેશ કરવામાં આવ્યા છે.

## ૭
## આફ્રિકામાં ભરૂચી વહોરા પટેલો
*નઝીર પટેલ (મનીયા)*

અંગ્રેજોના શાસનકાળ દરમિયાન મોટા ભાગના વહોરા પટેલો જમીનદાર અથવા ખેડૂત હતા. ખેડૂત તરીકે તેઓ કુશળ અને મહેનતુ હતા, અને ઓગણીસમી સદીમાં તેમની આર્થિક સ્થિતિ એકંદરે સારી હતી. પણ વહોરા પટેલો સાહસિક કોમ તરીકે ઓળખાય છે. પોતાની અને કુટુંબની પ્રગતિ માટે તેઓ દેશાટન કરી પરદેશમાં વસવા તૈયાર હોય છે.

જ. અકબરઅલી સૈયદ નોંધે છે કે કાનમનો પ્રદેશ બળૂકો છે. કોઈ અજબ સાહસ લઈને જન્મેલા આ ભરૂચી વહોરા પટેલો પોતાની બુદ્ધિશક્તિ અને આવડતથી આખા વિશ્વમાં પથરાઈ ગયા છે. ત્યાં તેઓ ફૂલ્યા, ફાલ્યા અને વિકસ્યા છે.


ભારતમાં બ્રિટિશ રાજના સમયમાં આફ્રિકાના દેશોમાં રેલ્વે આદિ વિકાસ કામો માટે કામદારોની જરૂર હતી. આ તકનો લાભ લઈ ઘણા વહોરા પટેલો આફ્રિકાના દેશોમાં જવા લાગ્યા.



વડવાઓ પાસેથી સાંભળેલું કે હિન્દમાંથી કામદારોને આફ્રિકા લઈ જવા માટે **મુંબઈના બંદરે વહાણ** તૈયાર હોય ત્યારે ભરૂચ જિલ્લાના ગામોમાં સાદ દેવાતો કે જેમને રોજગારી માટે આફ્રિકા જવું હોય તેઓ મુંબઈ પહોંચે.

આમ ઘણા સાહસિક વહોરા યુવાનો આફ્રિકા પહોંચ્યા. શરૂઆતમાં તો કમાઈને વતન પાછા આવીશું એવી યોજના કરી ગયેલા. થોડા પાછા આવ્યા પણ ખરા. પરંતુ મોટી સંખ્યામાં ત્યાં જ વસી ગયા. હિન્દથી કુટુંબો બોલાવ્યાં. કેટલાકે ત્યાંની સ્ત્રીઓ સાથે લગ્ન કરી ઘર માંડયાં. શરૂઆતમાં સખત મજુરીનાં કામો કર્યાં, પણ પાછળથી જાતમહેનત અને કુનેહથી વેપાર ધંધામાં ઝંપલાવ્યું, અને સમૃદ્ધ થયા.

ગાંધીજી જ્યારે વકીલાત કરવા સાઉથ આફ્રિકા ગયા ત્યારે ત્યાં ટંકારીઆના નાથલિયા શેઠનો બહોળો વેપાર હતો. એક કેસમાં નાથલિયા શેઠે ગાંધીજીને વકીલ તરીકે રોકેલા. આ કેસ અંગે તેમની વચ્ચે ગુજરાતીમાં જે પત્રવ્યવહાર થયેલો તેમાંનો **એક પત્ર ગાંધીજીના હસ્તાક્ષરમાં** પ્રસ્તુત છે:



જ. બેકાર સાહેબની નોંધ અનુસાર, વહોરા પટેલોમાં સૌ પ્રથમ આફ્રિકાની સફર કરનાર દયાદરા ગામના હતા. તેઓ આજથી અઢીસો વર્ષ પૂર્વે લાકડાના વહાણમાં આફ્રિકા ગયેલા. દયાદરાના ઈસ્માઈલ યૂસુફ પટેલ ૧૯૨૧માં જાવા ગયેલા અને ત્યાંથી ૧૯૨૯માં કોંગો પહોંચેલા. થામ ગામના મુસા આદમ ચાંદ ઈ.સ. ૧૮૯૮માં કૅપ્ટાઉન ગયેલા. ટંકારીઆના શેઠ મુસા ઉમરજી પટેલ ૧૯૦૮માં કૅપ્ટાઉન ગયેલા, અને ત્યાં ફ્રુટના જથાબંધ વેપારમાં સમૃદ્ધ થયેલા.

પરીએજના શેઠ મૂસા ઈસા પટેલ ૧૯૧૬માં સાઉથ આફ્રિકા ગયેલા. વલણના હાજી મહમદ ઈબ્રાહીમ ડકરી પણ ૧૯૧૬માં ન્યાસાલેન્ડ ગયેલા. ટંકારીઆના વલી બક્ષ સફરી ૧૯૨૦માં જોહાન્સબર્ગ ગયેલા. તેઓ આફ્રિકામાં હોટલના ધંધામાં અગ્રણી હતા. સીતપોણના ઈસ્માઈલ મહંમદ પટેલ પણ ૧૯૨૦માં ઈસ્ટ આફ્રિકાના બેઈરા પોર્ટ ગયેલા. સીતપોણના શેઠ ઈબ્રાહીમ દુધીઆ ૧૯૩૦માં બેરા ગયા અને ત્યાંથી ૧૯૪૬માં લુસાકા

જઇ દુધીઆ બ્રધર્સ કંપનીને નામે જથાબંધ બહોળો વેપાર શરૂ કર્યો. હલદરવાના ઇબ્રાહીમ પટેલ ૧૯૨૭માં ન્યાસાલેન્ડ ગયેલા. ત્યાં એમણે દુકાન કરી અને દરેક ચીજ ૭ પૅનીમાં વેચવા માંડી તેથી ઇબ્રાહીમ સિક્સ પૅની તરીકે ઓળખાયા.



*કાનમિયા મસ્જિદ, કૅપ્ટાઉન, સાઉથ આફ્રિકા*

મૂળ દયાદરાના શેઠ ઉમરજી ઇસા આદમ જોહાન્સબર્ગમાં સામાજિક કાર્યકર હતા, અને ટ્રાન્સવાલ કાનમિયા ઍસોસિયેશનના મંત્રીપદે હતા. આફ્રિકા સ્થિત વહોરા પટેલોએ પોતાના ખંત, મહેનત અને સાહસિકવૃત્તિથી વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી. મૂળ દયાદરાના દુલા ઉમર સાઉથ આફ્રિકાની કૅબિનેટમાં મંત્રીપદે છે. આ ઉપરાંત, આફ્રિકાના વહોરા પટેલોના દાનથી ભરૂચ જિલ્લાનાં ગામોમાં વિકાસનાં અનેક કામો થયાં છે.

હિન્દ સ્વતંત્ર થયું તે પછી પણ વહોરા પટેલો આફ્રિકા જઇ વસવાટ કરતા રહ્યા. આમાં શિક્ષિત યુવાનો પણ હતા. મનુબરના અબ્દુર્રહીમ અહમદ મુન્શી મુંબઇથી બી.કોમ. થયા અને ૧૯૫૦માં મોમ્બાસા ગયા.

ભરૂચી વહોરા પટેલો આરમ્ભે કામદાર તરીકે ગયા, પણ પછીથી સ્વતંત્ર વેપારધંધામાં આગળ વધ્યા. સાથે જ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ વહોરા પટેલો સારી નોકરીઓમાં ગોઠવાયા. મૂળ સીતપોણના મહંમદ મૂસા પટેલ ૧૯૩૬માં ઝાંઝીબારની આગાખાન હાઈસ્કૂલમાં પ્રિન્સીપાલ નીમાયેલા. વહાલુના ઈસ્માઈલ એ. પટેલ ૧૯૪૭માં ઈટીંગા ખાતે શિક્ષક હતા. પરીએજના વલીભાઈ પટેલ ૧૯૫૨માં ઈસ્ટ આફ્રિકા ગયા અને મોમ્બાસાની આગાખાન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. આ ઉપરાંત, ખોજબરના યૂસુફજી, ટંકારીઆના ઈબ્રાહીમ કબીર અને ઈસ્માઈલ મૂળામુન્શી પણ દારેસ્સલામમાં શિક્ષક તરીકે ગયેલા.

આમ ધીરે ધીરે વહોરા પટેલો આફ્રિકાના યુગાન્ડા, મલાવી, કેન્યા, ઝામ્બીયા, કોન્ગો, ઝિમ્બાબ્વે વગેરે દેશોમાં વસી ગયા અને નાના મોટા વેપારધંધાઓ કરવા લાગ્યા. હાલ ઝામ્બીયામાં ટંકારીઆના મહંમદ મુન્શી ઝંઘારીઆ અને તેમના પુત્રો ફેબ્રીક્સના મોટા હોલસેલ વેપારી છે.



*લુસાકા મસ્જિદ, ઝામ્બિયા*

ઝિમ્બાબ્વેમાં કોઠી-વાંતરસાના મૌલાના મુસા ઈબ્રાહીમ મેન્ક અને તેમના સુપુત્રો મૌલાના શબ્બીર મુસા મેન્ક અને મુફતી ઈસ્માઈલ મુસા મેન્ક દારુલ ઉલૂમ ચલાવે છે અને ત્યાંના મુકામી લોકોમાં તથા આજુબાજુના દેશોમાં ઈસ્લામના પ્રચાર-પ્રસારનું સુંદર અસરકારક કામ કરી રહ્યા છે.



*દારૂલ ઈલ્મ, ઝિમ્બાબ્વે*

હાલ પણ વહોરા પટેલ યુવાનો સાહસ ખેડી આફ્રિકાના દેશોમાં જાય છે. જો કે, ત્યાં હવે કાયદો વ્યવસ્થા અને સલામતીના ગંભીર પ્રશ્નો છે અને છેલ્લાં પાંચ વર્ષમાં વીસેક જેટલા વહોરા યુવાનોની હત્યા થઈ છે તેમ છતાં ઘર આંગણે શિક્ષિત યુવાનોને પણ નોકરી મળતી નથી અને ધંધા-રોજગારને લાગે વળગે છે ત્યાં સુધી સમાન તકોના અભાવને લીધે પણ ઘણાં યુવાનો હતાશ થઈ જીવના જોખમે પણ રોજીરોટીની તલાશમાં પરદેશ ખેડવા મજબૂર બને છે.

**નોંધ:** હાલ ભરૂચી વહોરા પટેલો આફ્રિકાના કયા કયા દેશોમાં વસે છે, તેમની સામાજિક, આર્થિક સ્થિતિ, રાજકારણ-શિક્ષણ ક્ષેત્રે પ્રદાન, તેમની સમસ્યાઓ, ભાવિ વગેરેની માહિતી કોઈ કાર્યકર સર્વેક્ષણ દ્વારા એકત્રિત કરી અમને પહોંચાડશે તો આ પુસ્તકની બીજી આવૃત્તિમાં તેનો સમાવેશ કરી આ પ્રકરણને અપ્‌ટુડેટ કરીશું.

## ૮
# પાકિસ્તાનમાં ભરૂચી વહોરા પટેલો

ઈ.સ. ૧૯૪૭માં હિન્દના ભાગલા થયા અને પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું ત્યારે જૂજ, આંગળીના વેઢે ગણાય એટલા વહોરા પટેલ કુટુંબો હિન્દ છોડી પાકિસ્તાન વસવાટ માટે ગયાં. આ બધાજ હિજરતીઓ કરાંચીમાં સ્થાયી થયા. ધ મુસ્લિમ પટેલ વેલ્ફેર ઍસોસિયેશન, કરાંચીની ‘ડાયરેક્ટરી ઓફ એડ્રેસીસ’માંથી મળતી માહિતીને આધારે કહી શકાય છે કે હિજરત કરીને ગયેલાં આ કુટુંબોની સંખ્યા ૮૦ થી ૧૦૦ વચ્ચે હતી. આ હિજરતીઓ ભરૂચ જિલ્લાના વિવિધ ગામોમાંથી હતા જેમાં ટંકારીઆ, કંથારીઆ, સારોદ, નબીપુર, ઝંઘાર, મનુબર, કરમાડ વગેરે નાના મોટાં ગામોનો સમાવેશ થાય છે. કરાચીમાં વસતાં વહોરા પટેલ કુટુંબોની આ સંખ્યા આજે વધીને ૧૭૫ થી ૨૦૦ની વચ્ચે થઈ છે.

ટંકારીઆના ડૉ. અલીભાઈ દાદાભાઈ પટેલ આઝાદી પહેલાં ભરૂચ જિલ્લા મુસ્લિમ લીગના પ્રમુખ હતા. ૧૯૪૭માં કુટુંબ સાથે કરાંચી ગયા, અને ત્યાં ‘પાકિસ્તાન ડ્રગ હાઉસ લિ.’ નામની ફાર્મસી શરૂ કરી. તેમની પ્રતિભાને કારણે તેઓ કરાંચીમાં વહોરા પટેલોના અગ્રણી રહ્યા. નબીપુરના અહમદ ઉમરજી રોકડ પણ કરાંચી સ્થિત થયેલા અને ત્યાં હોટલના ધંધામાં સારી પ્રગતિ કરેલી. તેમની ‘દિલ પઝીર હોટલ’ કરાંચીના મુખ્ય માર્ગ મહંમદ અલી જિનાહ રોડ પર આવેલી હતી. પાછળથી તેમના વારસોએ દૂધના ધંધામાં ઝંપલાવ્યું હતું.

માટલીવાલા યુસુફની કરાંચીના ભરચક વિસ્તાર ગણાતા ‘સદર’ બજારમાં “યુસુફ બ્રધર્સ” નામે મોટી દુકાન હતી. પાલેજના આદમભાઈ ગોળવાલાની પણ એજ વિસ્તારમાં દુકાન હતી. ઈખરના આદમ ઈબ્રાહીમ પટેલ (વકીલ) વકીલાતના વ્યવસાયમાં હતા. તેમની ટ્રેડમાર્ક ઍડવૉકેટ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. ઉપરાંત તેઓ મુસ્લિમ કોમર્શિયલ બેન્ક અને મુસ્લિમ સુન્ની જમાત સાથે પણ સંકળાયેલા હતા અને હોદ્દાઓ ધરાવતા હતા.

કરાંચીમાં વહોરા પટેલો ઊંચા હોદ્દાઓ પર પણ હતા. સારોદના યાકૂબ પટેલ કરાંચીના મુખ્ય ઈજનેર હતા. મનુબરના ઈબ્રાહીમ એમ.મુનશી અને

વરેડિયાના ઈસ્માઈલ પટેલ પાકિસ્તાન નેશનલ હાઈસ્કૂલમાં શિક્ષક હતા. કાવીના અહમદ વાય. મુનશી કરાંચીની જનરલ પોષ્ટ ઓફિસમાં શોર્ટીન્ગ ઈન્સ્પેકટરના હોદ્દા પર હતા. મૂળ ઈખરના આદમભાઈ પટેલ એક આંતરરાષ્ટ્રિય કંપનીના વકીલ હતા. એક પટેલ બિરાદર સરકારી મંત્રાલયમાં લાહોર ખાતે નિયુક્ત હતા.

ખાનપુરદેહના મહંમદ યૂસુફ પટેલ ૧૯૪૭માં કરાંચી ગયા અને હોઝીયરીના જથાબંધ વેપારી તરીકે ખ્યાતિ પામ્યા. મૂળ કાવીના મુનશી ઈબ્રાહીમ ઈસાર પણ ૧૯૪૭માં પાકિસ્તાન ગયેલા, અને કરાંચીમાં કાવી હોઝીયરી સ્ટોર્સ નામે દુકાન કરેલી.

૧૯૬૦ના ગાળામાં બ્રિટનમાં મિલ કામદારોની માંગ ઊભી થઈ ત્યારે હિન્દથી પાકિસ્તાન ગયેલા ઘણા વહોરા પટેલો ઈંગ્લેન્ડ આવી વસ્યા.

**નોંધ:** હાલ કરાંચી ખાતે કેટલાં વહોરા પટેલ કુટુંબો વસે છે, તેમની સામાજિક, આર્થિક સ્થિતિ, રાજકારણ-શિક્ષણ ક્ષેત્રે પ્રદાન, તેમની સમસ્યાઓ, ભાવિ વગેરેની માહિતી કોઈ કાર્યકર સર્વેક્ષણ દ્વારા એકત્રિત કરી અમને પહોંચાડશે તો આ પુસ્તકની બીજી આવૃત્તિમાં તેનો સમાવેશ કરી આ પ્રકરણને અપ્ટુડેટ કરીશું.

૯

# અમેરિકામાં ભરૂચી વહોરા પટેલો

*અલી આદમ ભીમ*

અમેરિકામાં ખાસ કરીને શિકાગો, ન્યૂ યોર્ક અને યુસ્ટન જેવાં શહેરોમાં વહોરા પટેલોની ઝાઝી વસતી છે. અન્ય ઠેકાણે કેટલાક વહોરા પટેલ કુટુંબો છૂટાછવાયાં રહે છે.

પ્રથમ વસાહતીઓમાં દહેગામના વલીભાઇ પટેલ સન ૧૯૬૫માં સ્ટુડન્ટ તરીકે, ૧૯૬૭માં દેવલાના અબ્દુલ સમદ પટેલ, ૧૯૬૮માં કરમાડના દાવૂદ પટેલ અને દેવલાના અબ્બાસ પટેલ બંને સ્ટુડન્ટ તરીકે, ૧૯૬૯માં ટંકારીઆના અલી આદમ ભીમ ગ્રીન કાર્ડ હોલ્ડર તરીકે, ૧૯૭૦માં નબીપુરના મોહમ્મદ નાનલાવાલા અને પગુથણના રશીદ પટેલ ગ્રીન કાર્ડ હોલ્ડર તરીકે અહીં આવીને સ્થાયી થયેલા.

મૂળ કોલવણાના ઈકબાલ અલી મુસા પટેલ ન્યૂ જર્સીમાં રહે છે. તેમણે આપેલ માહિતી મુજબ ન્યૂ જર્સી, ન્યૂ યોર્કમાં વહોરા પટેલોનાં સોએક કુટુંબો વસે છે, જેમાં મૂળ નબીપુરના મહેબૂબ બંગલાવાલા અને ઈખરના ઈબ્રાહીમ પટેલનો સમાવેશ થાય છે.



મૂળ દસાનના અહમદ પટેલ ઍડવોકેટ **શિકાગો**માં રહે છે, અને ત્યાંના સમાજજીવનમાં સક્રિય છે. તેઓ ૧૯૭૨માં ગ્રીન કાર્ડ લઇ અમેરિકા ગયેલા અને ત્યાં હાલ પણ વકીલાત કરે છે. અહમદભાઇ એમના સ્વજન ડૉ મહમ્મદ પટેલ ઇખરવાલાના નિવાસસ્થાને પધારેલા ત્યારે તેમની મુલાકાત લઇ અમે અમેરિકાના ભરૂચી વહોરા પટેલોની દશા-દિશા વિષે ચર્ચા કરેલી. અહમદ પટેલે કરેલ બે નિરીક્ષણો રસપ્રદ છે: એક તો, અમેરિકામાં વસતા મોટા ભાગના ભરૂચી વહોરા પટેલો મહેનતુ અને કામઢા છે. નોકરી કે ધંધારોજગારમાં વ્યસ્ત હોય છે. બેઠાડુ જીવન જીવનારા પ્રમાણમાં ઓછા છે. બીજું, મુખ્ય પ્રવાહની જીવનશૈલીની અસરને લીધે આપણું સામાજિક માળખું શિથિલ થતું જાય છે. આંતરજ્ઞાતીય લગ્નોનું પ્રમાણ વધ્યું છે અને કૌટુંબિક મૂલ્યો (family values) ક્ષીણ થતાં જાય છે.

યુસ્ટનમાં ૧૪ જેટલાં વહોરા કુટુંબો છે. અહીંની કુલ વસ્તી ૧૨૫ની છે. વહોરા પટેલ સમાજમાં અહીંયાં કેટલાક ડૉકટરો છે, તો કેટલાક ફાર્મસિસ્ટ, એકાઉન્ટન્ટ અને ટીચર છે.

બિઝનેસની રીતે જોઇએ તો લોકોનો મુખ્ય વ્યવસાય બિઝનેસ છે. યુસ્ટનમાં વલણના મુસાભાઇ ડકરી જાણીતા બેન્કર છે જેમની વૉલીસ સ્ટેટ બેન્કની યુસ્ટનમાં ૧૧ શાખાઓ છે. આ બેન્કોની ૧૦૦% માલિકી એમની પોતાની જ છે. યુસ્ટનમાં અલીભાઇ ભીમ જાણીતા બિઝનેસ કન્સલ્ટન્ટ અને પોતાના ક્લાયન્ટ્સ માટે ટેક્ષને લગતું પેપરવર્ક તૈયાર કરવાના સ્વરોજગારી ધંધામાં છે.



Lafayette, Coloradoમાં મૂળ મનુબરનાં મુન્શી અબ્દુર્રહીમના સુપુત્રી **ડૉ. નસીમ મુન્શી** 'કૉમ્પઝિટ ટેક્નૉલજિ ડેવલપમેન્ટ' (CTD) નામે નાનો પણ વિશ્વ વ્યાપી ધંધો ચલાવે છે જેના તેઓ પ્રમુખ છે. આ નૂતન ટેક્નૉલજિમાં તેમની કામગીરી નોંધપાત્ર છે જે માટે તેમને કેટલાક એવોર્ડ પણ મળ્યા છે. ઉપરાંત તેઓ નાસા સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન સાથે છેલ્લાં વીસેક વર્ષોથી સંકળાયેલાં છે.

કોમ્યુનિટી વર્કમાં વિસદરાના યુસુફ પટેલ પોતે કેમિસ્ટ હોવા ઉપરાંત સ્થાનિક મસ્જિદોના કામમાં સક્રિય રસ લે છે. જનાબ અલીભાઈ ભીમ કેટલીક મસ્જિદોના હિસાબોની તપાસણી (ઑડિટિંગ) કરે છે અને ચારેક મસ્જિદોની સ્થાપનામાં તેમનો સક્રિય ફાળો રહ્યો છે.

શિક્ષણની રીતે જોઈએ તો અહીં મોટા ભાગના લોકો શિક્ષિત છે.

રાજકારણમાં વહોરા પટેલો હજી પડયા નથી.

વૃદ્ધો માટે હજી કોઈ સુવિધા કે કોમ્યુનિટી સેન્ટર જેવું નથી.

ઈંગ્લૅન્ડની જેમ અહીં પણ બે પેઢીઓ વચ્ચેનું અંતર વધતું જાય છે. યુવાન પેઢીને આપણા કુટુંબોમાં દૈનિક જીવન બાબતમાં આવું થાય, આવું ન થાય, અહીં જવાય, અહીં ન જવાય જેવી ચુસ્તતા ગમતી નથી. યુવાન પેઢીમાં સહનશક્તિ ઓછી જણાય છે એટલે તેમને સંબંધ તોડતાં વાર લાગતી નથી. તેઓ વડીલોનાં સલાહ સૂચનને સાંભળવા માંગતાં નથી. “હું જેને ઓળખતો ન હોય તેવી વ્યક્તિ સાથે હું શાદી કરી શકું નહીં” એવું અહીંના યુવક યુવતીઓ વિચારે છે. મોબાઈલની અહીં પણ મોકાણ છે. Text Messages અને Facebook અહીં પણ સમાજ માટે માથાનો દુ:ખાવો બન્યાં છે.

આવું હોવા છતાં લોકો એકંદરે સારી રીતે જીવી રહ્યા છે અને જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યા છે. અહીં દરેક પોતપોતાનું કામ કરે છે અને બીજાના કામમાં કે ધંધામાં માથું મારતા નથી. અહીં મુલાકાત માટે અગાઉથી જાણ કર્યા વગર કે ઍપોઈન્ટમેન્ટ લીધા વગર એક બીજાને ત્યાં ઓચિંતા પહોંચી જવાનો રિવાજ નથી. લોકોમાં પરસ્પર સહકારની ભાવના સારી છે. અમેરિકામાં વસેલી ભારત અને દુનિયાના અન્ય દેશોની બીજી ઘણી બધી કોમ્યુનિટીઓ કરતાં વહોરા પટેલો કૌટુંબિક મૂલ્યો, જીવન પદ્ધતિ, સ્વનિર્ભરતા અને જીવન ધોરણ વધુ સારું બનાવવા મહેનત કરવાની રીતે તથા દુનિયા કમાવાની સાથે સાથે દીન અને આખેરતની ફિકર કરવા બાબતમાં પણ આગળ પડતા છે.

## ૧૦
# કેનેડામાં ભરૂચી વહોરા પટેલો
*ઐયુબ મિયાંજી*

કેનેડામાં વહોરા પટેલોની વસતી ટોરોન્ટો, સ્કારબરો, હેમીલ્ટન, ઓશાવા, એડમન્ટન, મોન્ટ્રીયલ તથા વાનકુવરમાં છે. આ પૈકીનાં કેટલાંક કુટુંબો આફ્રિકાથી અહીં આવી વસેલાં છે.

ટોરોન્ટોમાં સૌ પ્રથમ ત્રણ વહોરા પટેલો ૧૯૬૯માં આવેલા તે પૈકીના એક તે દહેગામના યાકુબ પટેલ. તેઓ એજન્ટ મારફત અહીં આવ્યા ત્યારે કોઇ સાથ સહકાર હતો નહીં. પરંતુ હિંમતથી શરૂઆતની મુશ્કેલીઓ વેઠી અહીં ઠરીઠામ થયા.

૧૯૭૪માં કોંગોથી મૂળ ટંકારીઆ ગામના અહમદ નાથલિયા તથા ઐયુબ મિયાંજી ટોરોન્ટોમાં આવી વસ્યા. તેઓ સ્થાયી થયા પછી તો તેમની હૂંફે બસો જેટલાં કુટુંબો અહીં આવ્યાં. હાલ ટંકારીઆના બાલા, હીરા, પોપટ; કરમાડના નેકીવાલા, દયાદરાના દેસાઇ, હાજી માસુમ, કીડીવાલા, મનુબરના રોકડ, આદિ અનેક વહોરા કુટુંબો છે.

ભારતથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા વહોરા પટેલો પણ અહીં આવી વસ્યા છે. મૂળ મનુબરના ઈસ્માઇલ પટેલ ચર્મ ઉદ્યોગમાં સરકારી ઊંચા હોદ્દા પર હતા. તેમનું સંશોધન ક્ષેત્રે પણ પ્રદાન હતું. ભારતમાંથી નિવૃત્ત થયા પછી તેઓ હાલ ટોરોન્ટોમાં તેમના કુટુંબ સાથે વસે છે, અને સામાજિક પ્રવૃત્તિઓમાં ખૂબ સક્રિય છે. ખૂબ મળતાવડા અને મહેમાન નવાઝ છે.

કેનેડામાં ઉછેર થયો હોય તેવા કેટલાક વહોરા યુવાનોએ પણ સારી પ્રગતિ કરી છે.



અહીંના સામાજિક કાર્યકર જનાબ ઐયુબ મિયાંજીના સુપુત્ર **ડૉ. ફિરોઝ મિયાંજી** વાનકુવરની હોસ્પિટલમાં સેવા આપે છે. તેમણે કરેલાં કેટલાંક સફળ ઑપરેશનોને કારણે તેમની ગણના કેનેડાના નિષ્ણાંત પીડિઍટ્રિક સર્જનોમાં થાય છે.

## સંપાદક ટીમ



ડાબેથી યાકૂબ મેન્ક (મહેક ટંકારવી), સિરાજ પટેલ (પગુથનવી), ઇમ્તિયાઝ પટેલ,
ડૉ આદમ ઘોડીવાલા (અદમ ટંકારવી), મોહંમદ સૂફી (મનુબરી)

# ભરૂચી વહોરા પટેલ

## ઉત્પત્તિ - દશા - દિશા

ભરૂચી વહોરા પટેલોની મુખ્ય વસતી ભારતના ગુજરાત રાજ્યમાં નર્મદા નદીની ઉત્તરે ભરૂચ, વડોદરા જિલ્લાઓમાં છે. કપાસની ખેતીને અનુકૂળ કાળી જમીનનો આ પ્રદેશ કાનમ તરીકે ઓળખાય છે, તેથી ભરૂચી વહોરા પટેલો કાનમિયા વહોરા પણ કહેવાય છે.

વહેરા પટેલો ઉદ્યમી અને સાહસિક છે. તેઓ દેશાટન કરી આફ્રિકા, બ્રિટન, અમેરિકા, કૅનેડા વગેરે દેશોમાં પણ વસ્યા છે.

ભરૂચી વહોરા પટેલ સમાજ સુગ્રથિત (close knit) છે, એની આગવી ઓળખ (identity) છે, વિશિષ્ટ સંસ્કૃતિ તથા પોતીકી પ્રણાલીઓ, રૂઢિઓ (traditions) છે.

આ ખમીરવંતી કોમનો સર્વગ્રાહી (comprehensive), અધિકૃત (authentic) ઈતિહાસ આજપર્યંત ઉપલબ્ધ ન હતો.

આ પુસ્તક એ ઊણપ પૂરવાનો એક પ્રાથમિક પ્રયાસ છે.

*ભરૂચી વહોરા પટેલ કોમના નામ જાહેર ન કરવા ઈચ્છતા એક દાનવીરની સંપૂર્ણ નાણાકીય સહાયથી આ પુસ્તકનું પ્રકાશન થયું છે.*